પ્રશ્ન ક્રમ : ૧ અમદાવાદ શહેરમાં સેવાસેતુ કાર્યક્રમ ........... 3

પેટા પ્રશ્નો ........................................................ 9

પ્રશ્ન ક્રમ : ૪ વડોદરા શાખા નહેર પરના સોલાર આધારીત વીજ મથક ક્ષમતા ........................................ 23

પેટા પ્રશ્નો ........................................................ 33

પ્રશ્ન ક્રમ : ૧૧ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સંવર્ગવાર જગ્યાઓ ભરવા બાબત ........................................ 40

પેટા પ્રશ્નો ........................................................ 80

પ્રશ્ન ક્રમ : ૧૪ સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી ................................................ 94

પેટા પ્રશ્નો ........................................................ 105

મુખ્ય પેજ

પ્રશ્ન ક્રમ :૧૫ કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત ........................................................................ 113

પેટા પ્રશ્નો .................................................................. 119

પ્રશ્ન ક્રમ :૧૯ અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ.............................................. 125

પેટા પ્રશ્નો .................................................................. 130

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૧

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૩૯૦

## તા.૦૮/૦૨/૨૦૨૪

# સામાન્ય વહીવટ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી હર્ષદભાઈ પટેલ, સાબરમતી**

**પ્રશ્ન : અમદાવાદ શહેરમાં સેવાસેતુ કાર્યક્રમ.**

[મુખ્ય પેજ]

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**પ્રશ્નનુ સંક્ષિપ્ત શિર્ષક :- " અમદાવાદ શહેરમાં સેવાસેતુ કાર્યક્રમ"**
**પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૪/૩૯૦**
**પ્રશ્ન પુછનાર સભ્યશ્રી :- ધારાસભ્યશ્રી હર્ષદભાઇ રણછોડભાઇ પટેલ**
**સભ્યશ્રીનો મતદાર વિભાગ :- સાબરમતી**

---

**માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ વિભાગ) જણાવવા કૃપા કરશે કે :-**

| | | | |
|---|---|---|---|
| (૧) | તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં અમદાવાદ શહેરમાં સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલા કાર્યક્રમ યોજવામાં આવ્યા, | (૧) | ૭ |
| (૨) | આ સેવા સેતુ કાર્યક્રમ હેઠળ કેટલી સેવાઓ આવરી લેવામાં આવી. અને | (૨) | ૫૬ |
| (૩) | ઉક્ત સ્થિતિએ આ કાર્યક્રમ હેઠળ કેટલી અરજીઓ આવી અને તે પૈકી કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો ? | (૩) | (અ) આવેલ અરજીઓ: ૭૧૦૮<br>(બ) નિકાલ કરેલઅરજીઓ : ૭૧૦૮ |

મુખ્ય પેજ

# પુરક નોંધ

## “ સેવા સેતુ કાર્યક્રમ (શહેરી)”

રાજય સરકાર દ્વારા હાથ ધરાતી અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા વહીવટ પરત્વે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તે માટે સુગ્રથિત વહીવટી માળખાકીય વ્યવસ્થા રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે અમલમાં છે.

રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તે માટે વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા તથા જવાબદારીપણું (Accountability)ની બાબતને રાજય સરકાર દ્વારા હાર્દ સમાન ગણેલ છે.

રાજય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો કે જે રાજય સરકારની યોજનાની અમલવારી સાથે સંલગ્ન વિભાગોના સ્થાનિક તાલુકાના અધિકારીઓ દ્વારા નિકાલ કરી શકાય તેમ હોઈ તે ધ્યાને લઈ, આવી રજૂઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે અંગેની એક વધારાની વ્યવસ્થા ઉભી કરવાની બાબતની રાજય સરકારને અગત્યતા જણાયેલ અને તેથી રાજય સરકારના

પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યકિતલક્ષી રજૂઆતોનો સ્થળ પર નિકાલ થાય, એક જ સ્થળે જવાબો મળી રહે તે માટે રાજય સરકારે તા.૦૫/૧૧/૨૦૧૬ ગ્રામ્ય કક્ષાએ (તાલુકા) તેમજ તા.૩૦/૧૧/૨૦૧૬ થી શહેરી કક્ષાએ (નગરપાલિકા અને મહાનગરપાલિકા) ''સેવા સેતુ'' કાર્યક્રમ યોજવાનું શરૂ કરેલ હતો.

## રાજ્યની માહિતી:

''સેવા સેતુ કાર્યક્રમ" હેઠળ અત્યાર સુધીમાં કુલ–૯ (નવ) તબકકાઓનું આયોજન હાથ ધરવામાં આવેલ છે. રાજય સરકાર દ્વારા તા.૧૫/૧૨/૨૦૨૩ થી ''સેવા સેતુ કાર્યક્રમ (તબકકો–૯) શરૂ કરવામાં આવેલ, આ નવ તબક્કામાં ૨,૮૯,૯૮,૩૪૯ અરજીઓ મળેલ, જે પૈકી ૨,૮૯,૬૫,૦૬૪ અરજીઓનો નિકાલ કરેલ છે, જેની નિકાલની ટકાવારી ૯૯.૮૮ % છે.

## આયોજન:

''સેવાસેતુ કાર્યક્રમ" અંતર્ગત શહેરી કક્ષાએ મહાનગરપાલિકામાં નાયબ મ્યુનિસિપલ કમિશ્નરશ્રીની અધ્યક્ષતામાં તેમજ નગરપાલિકામાં જિલ્લા મ્યુનિસિપલ અધિકારીશ્રીની અધ્યક્ષતામાં કુલ–૧૧ અધિકારીશ્રીઓની એક સમિતિ બનાવીને આયોજન કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

જેમાં મહાનગરપાલિકા કક્ષાએ ઝોન દીઠ એક યુનિટ બનાવી શુક્રવાર/શનિવારે કાર્યક્રમનું આયોજન કરવામાં આવે છે. ‘અ’ અને ‘બ’ વર્ગની નગરપાલિકા કક્ષામાં ૪–૫ વોર્ડનું એક યુનિટ તથા ‘ક’ અને ‘ડ’ વર્ગની નગરપાલિકાને એક યુનિટ બનાવી કાર્યક્રમનું આયોજન હાથા ધરવામાં આવે છે. જેમાં અધિકારીઓની ટીમ સાથે કેમ્પ ગોઠવી, કોઈપણ પ્રકારની અરજી ફી લીધા સિવાય સવારના ૯ થી સાંજના ૫ વાગ્યા સુધી સ્થળ ઉપર જ રજૂઆતોનો નિરાકરણ/ નિકાલ કરવામાં આવે છે.

## વહીવટી તંત્રની ટીમ:

૧. આસિસ્ટન્ટ પોલીસ કમિશ્નરશ્રી(મહાનગરપાલિકામાં)/ પોલીસ ઈન્સપેકટરશ્રી (નગરપાલિકા)
૨. સીટી મામલતદારશ્રી/પ્રતિનિધિ
૩. સીટી સર્વે સુપ્રિટેન્ડેટશ્રી
૪. પુરવઠા નિરીક્ષકશ્રી/પ્રતિનિધિ
૫. સમાજકલ્યાણ નિરીક્ષકશ્રી/પ્રતિનિધિ
૬. બ્લોક/અર્બન હેલ્થ ઓફિસરશ્રી
૭. બાળ વિકાસ અધિકારી (સીડીપીઓ)
૮. જિલ્લા ઉધ્યોગ કેન્દ્રના પ્રતિનિધિ
૯. વાહન વ્યવહાર/વીજ કંપની/એસ.ટી./સમાજ કલ્યાણ કચેરીઓના અધિકારીશ્રી અથવા તેમના પ્રતિનિધિશ્રીઓ
૧૦. લીડ બેન્ક મેનેજર / રીપ્રેઝેન્ટેટીવ

મુખ્ય પેજ

૧૧. ડેપ્યુટી મ્યુનિસિપલ કમિશ્નરશ્રી મ્યુનિસિપલ કમિશ્નરશ્રીના પરામર્શમાં તેમજ જિલ્લા મ્યુનિસિપલ ઓફિસરશ્રી (પણ જ્યાં જિલ્લા મ્યુનિસિપલ ઓફિસર ચીફ ઓફિસર છે ત્યાં કોઈપણ વર્ગ–૧ના ગુજરાત એડમીનીસ્ટ્રેટીવ સર્વિસના અધિકારી) કલેકટરશ્રીના પરામર્શમાં ઉપર દર્શાવેલ ન હોય તેવા જરૂરીયાત મુજબ નક્કી કરે તે અધિકારીશ્રી/ પ્રતિનિધિશ્રીઓ.

**સેવાઓ (આવરી લીધેલ):**

"સેવા સેતુ કાર્યક્રમ (તબક્કો–૮)" માં શહેરી કક્ષાએ કુલ–૫૬ સેવાઓનો સમાવેશ કરવામાં આવેલ છે.

"સેવા સેતુ" કાર્યક્રમમાં પ્રજાની આવકના દાખલા, રાશન કાર્ડ, આધાર કાર્ડ, વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર, દિવ્યાંગતા પ્રમાણપત્ર, વિધવા સહાય યોજના, વૃધ્ધ નિરાધાર સહાય યોજના, લર્નીંગ લાયસન્સ, સાતબાર/આઠ–અના પ્રમાણપત્રો, બસ કન્સેસન પાસ, નવું બેંક એકાઉન્ટ ખોલાવવું, દિવ્યાંગતા પ્રમાણપત્ર, ગુમાસ્તાધારા, પી.એમ.જે.મા અરજી, લગ્ન નોંધણી પ્રમાણપત્ર અને સુકન્યા સમૃદ્ધિ યોજના વગેરે હેઠળ લાભની અરજીઓ વગેરેનો સમાવેશ કરવામાં આવેલ છે.

**અમદાવાદ શહેરની માહિતી:** અમદાવાદ શહેરમાં "સેવા સેતુ કાર્યક્રમ (તબક્કો–૮)"માં ૦૭ કાર્યક્રમો યોજવામાં આવ્યા, જે અંતર્ગત કુલ ૭૧૦૮ અરજીઓ મળી અને ૭૧૦૮ અરજીઓનો નિકાલ કર્યો જેની હકારાત્મક નિકાલની ટકાવારી ૧૦૦ % છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૧

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૩૯૦

## તા.૦૮/૦૨/૨૦૨૪

**સામાન્ય વહીવટ વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી હર્ષદભાઇ પટેલ, સાબરમતી**

**પ્રશ્ન : અમદાવાદ શહેરમાં સેવાસેતુ કાર્યક્રમ.**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સેવાસેતુ કાર્યક્રમનો હેતુ શું છે ? આ કાર્યક્રમ ક્યારથી અમલી છે? અને અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં કેટલા સેવા સેતુ થયા ? તેની ટુંકી વિગતો આપશો | શ્રી હર્ષદભાઇ પટેલ, સાબરમતી |
| ૨ | આઠમાં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં કઈ કઈ સેવાઓ આવરી લેવામાં આવે છે ? | સુશ્રી પાયલબેન કુકરાણી, નરોડા |
| ૩ | અમદાવાદ શહેરમાં ઝોનવાર કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો? | શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર |
| ૪ | અમદાવાદ શહેરના દક્ષિણ, પૂર્વ, મધ્ય તથા ઉત્તર ઝોનમાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) ક્યારે યોજાયો? આ કાર્યક્રમમાં કયા કયા વોર્ડ સંકળાયેલ હતા તેમજ કયા સ્થળે સેવાસેતુ કાર્યક્રમ યોજાયેલ હતો? | ડૉ. હસમુખભાઈ પટેલ, અમરાઈવાડી |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૫ | અમદાવાદ શહેરના ઉત્તર-પશ્ચિમ, પશ્ચિમ તથા દક્ષિણ પશ્ચિમ ઝોનમાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો-૮) ક્યારે યોજાયો? આ કાર્યક્રમમાં કયા કયા વોર્ડ સંકળાયેલ હતા તેમજ કયા સ્થળે સેવાસેતુ કાર્યક્રમ યોજાયેલ હતો? | શ્રી અમિતભાઇ ઠાકર, વેજલપુર |

[મુખ્ય પેજ](#)

**અગ્રતાક્રમ :- ૦૧**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૩૯૦**

**સામાન્ય વહીવટ વિભાગ**

**તા.૦૮/૦૨/૨૦૨૪**

**પેટા પ્રશ્ન ૧ (શ્રી હર્ષદભાઇ પટેલ, સાબરમતી)**

➢ સેવાસેતુ કાર્યક્રમનો હેતુ શું છે ? આ કાર્યક્રમ ક્યારથી અમલી છે? અને અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં કેટલા સેવા સેતુ થયા ? તેની ટુંકી વિગતો આપશો.

**જવાબ:**

➢ રાજય સરકાર દ્વારા હાથ ધરાતી અનેકવિધ લોકપયોગી યોજનાઓ, પ્રવૃત્તિઓ તથા વહીવટ પરત્વે પ્રજાના પ્રશ્નોનો ન્યાયિક, ચોકકસ તથા ઝડપી ઉકેલ આવે તે માટે સુગ્રથિત વહીવટી માળખાકીય વ્યવસ્થા રાજય, જિલ્લા, તાલુકા અને ગ્રામ્ય સ્તરે અમલમાં છે.

➢ રાજય સરકારની પ્રજાલક્ષી યોજનાઓનો લાભ પ્રજાને સતત મળતો રહે તે માટે વહીવટમાં કાર્યક્ષમતા, પારદર્શકતા, સંવેદનશીલતા તથા જવાબદારીપણું (Accountability)ની બાબતને રાજય સરકાર દ્વારા હાર્દ સમાન ગણેલ છે.

મુખ્ય પેજ

- રાજય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યક્તિલક્ષી રજૂઆતોનો કે જે રાજય સરકારની યોજનાની અમલવારી સાથે સંલગ્ન વિભાગોના સ્થાનિક તાલુકાના અધિકારીઓ દ્વારા નિકાલ કરી શકાય તેમ હોઈ તે ધ્યાને લઈ, આવી રજૂઆતોનો સ્થળ ઉપર જ ઉકેલ લાવી શકાય તે અંગેની એક વધારાની વ્યવસ્થા ઉભી કરવાની બાબતની રાજય સરકારને અગત્યતા જણાયેલ અને તેથી રાજય સરકારના પારદર્શક, સંવેદનશીલ વહીવટી તંત્રને વેગવંતુ બનાવવાના હેતુથી નાગરિકોની વ્યકિતલક્ષી રજૂઆતોનો સ્થળ પર નિકાલ થાય, એક જ સ્થળે જવાબો મળી રહે તે માટે રાજય સરકારે તા.૦૫/૧૧/૨૦૧૬ ગ્રામ્ય કક્ષાએ (તાલુકા) તેમજ તા.૩૦/૧૧/૨૦૧૬ થી શહેરી કક્ષાએ (નગરપાલિકા અને મહાનગરપાલિકા) ''સેવા સેતુ'' કાર્યક્રમ યોજવાનું શરૂ કરેલ હતો.

મુખ્ય પેજ

➢ અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં કુલ સેવા સેતુ કાર્યક્રમના ૯ તબક્કા થયા. જેની વિગતો જોઈએ તો...

| **અમદાવાદ (શહેર)ની સેવાસેતુ કાર્યક્રમની તબક્કાવાર માહિતી** | | | | | |
|---|---|---|---|---|---|
| **સેવાસેતુ કાર્યક્રમ** | **વિગત (શહેરી કક્ષાએ)** | **સેવાઓ** | **મળેલ કુલ અરજીઓ** | **નિકાલ થયેલ અરજીઓ** | **નિકાલની ટકાવારી %** |
| તબક્કો–૧ | ૩૦.૧૧.૨૦૧૬ થી ૨૮.૦૨.૨૦૧૭ | ૨૮ | ૧૮૫૧૦ | ૧૮૫૧૦ | ૧૦૦ |
| તબક્કો–૨ | ૦૩.૦૪.૨૦૧૭ થી ૩૧.૦૮.૨૦૧૭ | ૫૦ | ૧૭૩૯૨ | ૧૭૩૮૮ | ૯૯.૯૭ |
| તબક્કો–૩ | ૦૧.૦૯.૨૦૧૭ થી ૨૫.૧૦.૨૦૧૭ | ૬૧ | ૧૨૬૮૨ | ૧૨૬૮૨ | ૧૦૦ |
| તબક્કો–૪ | ૨૪.૦૮.૨૦૧૮ થી ૧૦.૦૩.૨૦૧૯ | ૫૫ | ૩૫૫૭૧ | ૩૫૫૭૧ | ૧૦૦ |
| તબક્કો–૫ | ૧૦.૧૦.૨૦૧૯ થી ૩૧.૦૧.૨૦૨૦ | ૫૭ | ૨૫૯૪૪ | ૨૫૯૪૪ | ૧૦૦ |
| તબક્કો–૬ | ૦૨–૦૮–૨૦૨૧ (સંવેદના દિવસ) | ૫૭ | ૯૫૧૨ | ૯૫૧૨ | ૧૦૦ |
| તબક્કો–૭ | ૨૨.૧૦.૨૦૨૧ થી ૧૫.૦૧.૨૦૨૨ | ૫૬ | ૧૧૬૩૫ | ૧૧૬૩૫ | ૧૦૦ |
| તબક્કો–૮ | ૦૧.૦૪.૨૦૨૨ થી ૦૧.૧૦.૨૦૨૨ | ૫૬ | ૭૧૦૮ | ૭૧૦૮ | ૧૦૦ |
| તબક્કો–૯ | ૧૫.૧૨.૨૦૨૩ થી ૨૬.૦૧.૨૦૨૪ | ૫૬ | ૧૯૫૮૯ | ૧૯૫૮૯ | ૧૦૦ |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્ન ૨ (સુશ્રી પાયલબેન કુકરાણી, નરોડા)

➢ આઠમાં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં કઈ કઈ સેવાઓ આવરી લેવામાં આવે છે ?

**જવાબ:**

➢ આઠમાં તબક્કાના સેવાસેતુ કાર્યક્રમમાં ૫૬ સેવાઓ આવરી લેવામાં આવી. જે વિભાગવાર જોઈએ તો...

| સેવાની વિગત | વિભાગનું નામ |
|---|---|
| 1. આધાર કાર્ડ<br>2. આધાર કાર્ડ સંલગ્ન મોબાઈલ નંબર પરિવર્તન. | 1. સામાન્ય વહીવટ વિભાગ |
| 3. રાશન કાર્ડમાં નામ દાખલ કરવું.<br>4. રાશન કાર્ડમાં નામ કમી કરવું.<br>5. રાશન કાર્ડમાં નામમાં સુધારો કરવો. | 2. અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક બાબતોનો વિભાગ |
| 6. જાતિ પ્રમાણપત્ર.( સૌરાષ્ટ્રના જિલ્લાઓ સિવાય)<br>7. કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના.<br>8. ફ્રી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન | 3. આદિજાતિ વિકાસ વિભાગ |
| 9. દિવ્યાંગતા પ્રમાણપત્ર.<br>10. કસ્તુરબા પોષણ સહાય યોજના.<br>11. પી.એમ.જે.મા (અરજી)<br>12. હેલ્થ વેલનેસ કાર્ડ (ડાયાબીટીઝ અને બી.પી. ની | 4. આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ |

મુખ્ય પેજ

| સેવાની વિગત | વિભાગનું નામ |
|---|---|
| ચકાસણી) | |
| 13. ઘરેલું નવા વીજ જોડાણ (અરજી) | 5. ઉર્જા અને પેટ્રોકેમીકલ્સ વિભાગ |
| 14. મેડીસીન સારવાર<br>15. પશુઓની ગાયનેકોલોજીકલ સારવાર<br>16. સર્જિકલ સારવાર<br>17. ડીવર્મીંગ<br>18. રસીકરણ<br>19. કૃત્રિમ બીજદાન<br>20. કિશાન ક્રેડીટ કાર્ડ – નવું કાર્ડ તથા ક્રેડીટ મર્યાદામાં વધારો | 6. કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ |
| 21. આધાર કાર્ડનું બેન્ક એકાઉન્ટ સાથે જોડાણ<br>22. મોબાઈલ  નંબર સાથે બેન્ક એકાઉન્ટનું જોડાણ<br>23. નવું બેન્ક એકાઉન્ટ ખોલાવવું.<br>24. જનધન યોજના અન્વયે બેંક એકાઉન્ટ ખોલાવવું.<br>25. પ્રધાનમંત્રી જીવન જયોતિ યોજના.<br>26. પ્રધાનમંત્રી સુરક્ષા વિમા યોજના.<br>27. સુકન્યા સમૃદ્ધિ યોજના.<br>28. અટલ પેન્શન યોજના.<br>29. ભીમ એપ.<br>30. કેસલેસ લીટરેસી (ડીઝીટલ ટ્રાન્ઝેકશન લીટરેસી). | 7. નાણાં વિભાગ |

મુખ્ય પેજ

| સેવાની વિગત | વિભાગનું નામ |
|---|---|
| | |
| 31. આવકનો દાખલો.<br>32. વરિષ્ઠ નાગરિકતા પ્રમાણપત્ર.<br>33. મિલકત આકારણીનો ઉતારો<br>34. જન્મ–મરણના પ્રમાણપત્ર<br>35. લગ્ન નોંધણી પ્રમાણપત્ર | 8. પંચાયત, ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ |
| 36. લર્નીંગ લાઇસન્સ<br>37. બસ કન્સેસન પાસ – સિનિયર સીટીઝન માટે<br>38. બસ કન્સેસન પાસ – સામાન્ય લોકો માટે | 9. બંદરો અને વાહન વ્યવહાર વિભાગ |
| 39. સાતબાર.આઠ–અના પ્રમાણપત્રો<br>40. રાષ્ટ્રીય વૃદ્ધ પેન્શન યોજના.<br>41. કુટુંબીક સહાય યોજના.<br>42. રેવન્યુ રેકર્ડ માટે ‘વારસાઈ અરજી’. | 10. મહેસૂલ વિભાગ |
| 43. જાતિ પ્રમાણપત્ર (અનુસૂચિત જાતિ)<br>44. નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર<br>45. રાષ્ટ્રીય વૃધ્ધ પેન્શન યોજના<br>46. વૃદ્ધ નિરાધાર સહાય<br>47. રાષ્ટ્રીય કુંટુંબ સહાય યોજના (અરજી સ્વીકારવી)<br>48. બસ કન્સેશન પાસ– વિકલાંગ માટે<br>49. U D I D કાર્ડનું રજીસ્ટ્રેશન<br>50. સમાજ કલ્યાણ અનુસૂચિત જાતિની સેવાઓ (અરજી) | 11. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ |

મુખ્ય પેજ

| સેવાની વિગત | વિભાગનું નામ |
| --- | --- |
| 51. કુંવરબાઈનું મામેરૂ સહાય યોજના.<br>52. ફ્રી શીપ કાર્ડ શાળા કોલેજ પ્રવેશ દરમ્યાન<br>53. ઓનલાઈન અરજી ડો. આંબેડકર આવાસ યોજના | |
| 54. આઈસીડીએસ બાળકોના આધાર કાર્ડ.<br>55. વિધવા સહાય | 12. મહિલા અને બાળ વિકાસ વિભાગ |
| 56. માન.મુખ્યમંત્રીશ્રી એપ્રેન્ટીસ યોજનાની અરજીઓનો સ્વીકાર કરવો. | 13. શ્રમ અને રોજગાર વિભાગ. |

[મુખ્ય પેજ]

# પેટા પ્રશ્ન ૩ (શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર)

➢ અમદાવાદ શહેરમાં ઝોનવાર કેટલી અરજીઓનો નિકાલ કરવામાં આવ્યો?

**જવાબ:**

➢ અમદાવાદ શહેરમાં ઝોનવાર અરજીઓના નિકાલની વિગત :

| **ક્રમ** | **સેવાસેતુ કાર્યક્રમ માટે નિયત કરેલ ઝોનનું નામ** | **' સેવા સેતુ ' કાર્યક્રમ દરમ્યાન નિકાલ કરેલ અરજીઓની સંખ્યા** |
|---|---|---|
| ૧ | પૂર્વ ઝોન | ૧૨૩૬ |
| ૨ | મધ્ય ઝોન | ૪૬૩ |
| ૩ | ઉત્તર પશ્ચિમ ઝોન | ૧૫૨૨ |
| ૪ | ઉત્તર ઝોન | ૬૭૫ |
| ૫ | પશ્ચિમ ઝોન | ૧૨૭૦ |
| ૬ | દક્ષિણ ઝોન | ૭૯૫ |
| ૭ | દક્ષિણ પશ્ચિમ ઝોન | ૧૧૪૭ |
| કુલ | | ૭૧૦૮ |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્ન ૪ (ડૉ. હસમુખભાઈ પટેલ, અમરાઇવાડી)

➢ અમદાવાદ શહેરના દક્ષિણ, પૂર્વ, મધ્ય તથા ઉત્તર ઝોનમાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો–૮) ક્યારે યોજાયો? આ કાર્યક્રમમાં કયા કયા વોર્ડ સંકળાયેલ હતા તેમજ કયા સ્થળે સેવાસેતુ કાર્યક્રમ યોજાયેલ હતો?

**જવાબ :**

❖ **<u>દક્ષિણ ઝોનમાં</u>**

➢ અમદાવાદ શહેરના દક્ષિણ ઝોનમાં તા.૦૩.૦૯.૨૦૨૨ ના રોજ શનિવારે યોજાયેલ હતો. જેમાં મણીનગર, બહેરામપુરા, દાણીલીમડા, ઇન્દ્રપુરી, વટવા, ઈસનપુર, લાંભા, ખોખરા વોર્ડ સંકળાયેલ હતા.

➢ આ કાર્યક્રમ સ્વ.બલવંતરાય ઠાકોર કોમ્યુનીટી હોલ, પુષ્પકુંજ સર્કલ પાસે, કાંકરિયા, અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

❖ **<u>પૂર્વ ઝોનમાં</u>**

➢ અમદાવાદ શહેરના પૂર્વ ઝોનમાં તા.૧૪.૦૫.૨૦૨૨ ના રોજ શનિવારે યોજાયેલ હતો. જેમાં નિકોલ, વિરાટનગર, વસ્ત્રાલ, ઓઢવ, રામોલ–હાથીજણ, ભાઈપુરા, અમરાઈવાડી, ગોમતીપુર વોર્ડ સંકળાયેલ હતા.

[મુખ્ય પેજ]

- આ કાર્યક્રમ શહીદવીર મંગળ પાંડે હોલ, પુષ્પક બંગ્લોઝની બાજુમાં, નિકોલ રોડ, નિકોલ, અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

❖ **મધ્ય ઝોનમાં**

- અમદાવાદ શહેરના મધ્ય ઝોનમાં તા.૧૪.૦૫.૨૦૨૨ ના રોજ શનિવારે યોજાયેલ હતો. જેમાં અસારવા શાહીબાગ, શાહપુર, દરિયાપુર, ખાડિયા, જમાલપુર વોર્ડ સંકળાયેલ હતા.
- આ કાર્યક્રમ રાયપુર શ્રમયોગી કલ્યાણ કેન્દ્ર, (ગુજરાત શ્રમયોગી કલ્યાણ બોર્ડ), મહીપતરામ રૂપરામ અનાથ આશ્રમ સામે, રાયપુર દરવાજા બહાર, અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

❖ **ઉત્તર ઝોનમાં**

- અમદાવાદ શહેરના ઉત્તર ઝોનમાં તા.૦૨.૦૭.૨૦૨૨ ના રોજ શનિવારે યોજાયેલ હતો. જેમાં ઈન્ડિયા કોલોની, બાપુનગર, સરસપુર–રિખયાલ, ઠક્કરબાપાનગર, સૈજપુરબોઘા, નરોડા, સરદારનગર, કુબેરનગર વોર્ડ સંકળાયેલ હતા.
- આ કાર્યક્રમ ઈન્દુલાલ યાનિક હોલ. ભીડભંજન હનુમાન મંદિરની બાજુમાં, બાપુનગર, અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્ન ૫ (શ્રી અમિતભાઈ ઠાકર, વેજલપુર)

➢ અમદાવાદ શહેરના ઉત્તર–પશ્ચિમ, પશ્ચિમ તથા દક્ષિણ પશ્ચિમ ઝોનમાં સેવાસેતુ કાર્યક્રમ (તબક્કો–૮) ક્યારે યોજાયો? આ કાર્યક્રમમાં કયા કયા વોર્ડ સંકળાયેલ હતા તેમજ કયા સ્થળે સેવાસેતુ કાર્યક્રમ યોજાયેલ હતો?

**જવાબ:**

❖ **<u>ઉત્તર–પશ્ચિમ ઝોનમાં</u>**

➢ અમદાવાદ શહેરના ઉત્તર–પશ્ચિમ ઝોનમાં તા.૦૪.૦૬.૨૦૨૨ ના રોજ શનિવારે યોજાયેલ હતો. જેમાં બોડકદેવ, થલતેજ, ગોતા, ઘાટલોડીયા, ચાંદલોડીયા, બોપલ–ઘુમા વોર્ડ સંકળાયેલ હતા.

➢ આ કાર્યક્રમ ગોતા સબ ઝોનલ ઓફીસ, સાયન્સ સીટી રોડ, કુંજ બંગ્લોઝની સામે, ગોતા, અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

❖ **<u>પશ્ચિમ ઝોનમાં</u>**

➢ અમદાવાદ શહેરના પશ્ચિમ ઝોનમાં તા.૦૬.૦૮.૨૦૨૨ ના રોજ શનિવારે યોજાયેલ હતો. જેમાં નારણપુરા, સરદાર પટેલ સ્ટેડીયમ, નવા વાડજ, સાબરમતી, રાણીપ, ચાંદખેડા, નવરંગપુરા, પાલડી, વાસણા વોર્ડ સંકળાયેલ હતા.

મુખ્ય પેજ

- આ કાર્યક્રમ જોઈતારામ પટેલ હોલ, ગણેશ કોલેજ પાસે, નવા વાડજ, અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

❖ **દક્ષિણ–પશ્ચિમ ઝોનમાં**

- અમદાવાદ શહેરના દક્ષિણ–પશ્ચિમ ઝોનમાં તા.૦૩.૦૯.૨૦૨૨ ના રોજ શનિવારે યોજાયેલ હતો. જેમાં જોધપુર, વેજલપુર, સરખેજ, મકતમપુરા વોર્ડ સંકળાયેલ હતા.
- આ કાર્યક્રમ ચાણકય કોમ્યુનીટી હોલ, ટીવી ૯ રોડ, વેજલપુર,અમદાવાદ ખાતે યોજાયેલ હતો.

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૪

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૯૧

# તા.૦૮/૦૨/૨૦૨૪

# નર્મદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી શૈલેષભાઈ મહેતા, ડભોઈ**

**પ્રશ્ન : વડોદરા શાખા નહેર પરના સોલાર આધારીત વીજ મથક ક્ષમતા.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**પ્રશ્નનુ સંક્ષિપ્ત શિર્ષક :- " વડોદરા શાખા નહેર પરના સોલર આધારિત વિજ મથકની ક્ષમતા"**

**પ્રશ્ન ક્રમાંક :- ૧૫/૪/૫૯૧**

**પ્રશ્ન પુછનાર સભ્યશ્રી :- ધારાસભ્યશ્રી શૈલેષભાઈ કનૈયાલાલ મહેતા**

**સભ્યશ્રીનો મતદાર વિભાગ :-** ડભોઈ

-----------------------------------------------

**માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે :-**

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| **૧** | તા. ૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા કેનાલની વડોદરા શાખા નહેર પરના સોલર આધારિત વીજ મથકની ક્ષમતા કેટલી છે? અને | **૩૫ મેગા વોટ** |
| **૨** | તેનાથી ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં કુલ કેટલી વીજળી ઉત્પન્ન થયેલ છે? | **૯૪.૨૯૪ મિલિયન યુનિટ.** |

મુખ્ય પેજ

# પુરક નોંધ

## વડોદરા શાખા નહેર ઉપરના કુલ ૩૫ મેગાવોટ સોલાર વીજ મથકો ની વિગતો.

| | | | | |
|---|---|---|---|---|
| યોજનાનું નામ | ૧૦ મેગાવોટ "કેનાલ ટોપ સૌર વીજમથક" | ૧૦ મેગાવોટ "કેનાલ બેંક સૌર વીજમથક | ૧૦ મેગાવોટ "કેનાલ ટોપ સૌર વીજમથક | ૦૫ મેગાવોટ "કેનાલ બેંક સૌર વીજમથક |
| **સ્થળ** | સમા, વડોદરા | રવાલ તા. વાઘોડીયા | નિમેટા તા. વાઘોડીયા | નિમેટા તા. વાઘોડીયા |
| **શાખા નહેરની સાંકળ** | સાં. ૩૧.૭૫ થી ૩૫.૩૪ કીમી | સાં. ૧૨.૬૯ થી ૧૫.૮૯ કીમી | સાં. ૧૬.૭૨ થી ૨૦.૭૨ કીમી | સાં. ૧૭.૯૪ થી ૨૦.૨૩કીમી |
| સંચાલન અને નિભાવણી કામગીરી નો સમયગાળો અને **એજન્સીનું નામ** | ૨૫ વર્ષ, મેસર્સ. મેઘા એન્જીનીયરીંગ એન્ડ ઈંફ્રાસ્ટ્રક્ચર લિ | ૨૫ વર્ષ, મેસર્સ. ઉજાસ એનર્જી લિમીટેડ, | ૨૫ વર્ષ, મેસર્સ. એસ.સી.સી. ઈનસોલર (સંયુક્ત સાહસ) | ૨૫ વર્ષ, મેસર્સ.એસ.સી.સી. ઈનસોલર (સંયુક્ત સાહસ) |
| કાર્યકારી હુકમનું મૂલ્ય | ઈપીસી– રૂ.૯૮.૬૮ કરોડ ઓ એન્ડ એમ : રૂ. ૧૧.૨૩ કરોડ | ઈપીસી – રૂ.૭૪.૨૦ કરોડ ઓ એન્ડ એમ: રૂ.૧૭.૬૮ કરોડ | ઈપીસી– રૂ. ૯૮.૪૦ કરોડ ઓ એન્ડ એમ : રૂ.૧૨.૬૦ કરોડ | ઈપીસી– રૂ.૪૪.૧૦ કરોડ ઓ એન્ડ એમ : રૂ.૬.૭૯ કરોડ |

મુખ્ય પેજ

| | | અત્યાર સુધી કરેલ કુલ ખર્ચ | અત્યાર સુધીમાં વીજ ઉત્પાદન પેટે મજરે મળેલ રકમ | ૨૫ વર્ષ સુધીમાં મળનાર રકમ અને યુનિટ |
|---|---|---|---|---|
| કુલ કેપિટલ ખર્ચ :- | ૩૧૫.૩૮ કરોડ | ૩૧૫.૩૮ કરોડ | ૨૩૬.૭૬ કરોડ (૩૪૪.૦૨ મિલિયન યુનિટ્સ) | ૮૩૬ કરોડ (૧૧૧૫.૪૦ મિલિયન યુનિટ્સ) |
| ૨૫ વર્ષ માટેનું કુલ ઓ. એન્ડ એમ. ખર્ચ :- | ૪૮.૩ કરોડ | ૧૧ કરોડ (૩૧.૧૨.૨૩ સુધીમાં) | | |
| કુલ :- | ૩૬૩.૬૮ કરોડ | ૩૨૬.૩૮ કરોડ | | |

| | | | | |
|---|---|---|---|---|
| સૌર પેનલો | ૩૩૮૧૬ | ૩૩૬૦૦ | ૩૩૦૮૦ | ૧૫૮૮૦ |
| કેનાલ ટોપની પહોળાઈ | ૨૨.૧ મીટર | - | ૧૮.૬ | - |
| સોલર પ્લાન્ટની લંબાઇ | ૩.૬ કીમી | ૩.૨૦ કીમી | ૪ કીમી | ૨.૨૯ કીમી |
| ટેકનોલોજી | ક્રિસ્ટલાઈન સીલીકોન ફોટો વોલ્ટેડ મોડ્યુલ | | | |
| **પ્લાન્ટની ક્ષમતા** | ૧૦ મેગાવોટ | ૧૦ મેગાવોટ | ૧૦ મેગાવોટ | ૦૫ મેગાવોટ |
| ઈવેક્યુએશન લેવલ | ૬૬ કે.વી | ૬૬ કે.વી | ૬૬ કે.વી | ૬૬ કે.વી |
| **સોલર પ્લાન્ટ કાર્યરત તારીખ** | ૨૩-૧૧-૨૦૧૪ | ૧૫-૦૯-૨૦૧૭ | ૧૫-૦૯-૨૦૧૭ | ૧૭-૦૯-૨૦૧૭ |
| **તા.૩૧-૧૨-૨૦૨૩ સુધીનું** | ૧૨૦.૦૪ મિલિયન | ૯૯.૪૨૦ મિલિયન | ૯૨.૪૬૨ મિલિયન | |

[મુખ્ય પેજ](#)

| **વીજ ઉત્પાદન** | યુનીટ | યુનીટ | યુનીટ | |
|---|---|---|---|---|
| **કુલ** | **૩૫૯.૨૯૨ મીલીયન યુનીટ** | | | |

## પુરક નોંધ

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા સ્થાપિત વડોદરા શાખા નહેર પરના સોલાર આધારિત વીજ મથકની કુલ ક્ષમતા ૩૫ મેગા વોટ(MW) છે.

- જે પૈકી **૧૫ મેગાવોટની** ક્ષમતાના નહેરના **બન્ને કાંઠે (કેનાલ બેન્ક)** સોલાર પાવર પ્લાન્ટ તેમજ
- **૨૦ મેગાવોટની** ક્ષમતાના **કેનાલ ટોપ** સોલાર પાવર પ્લાન્ટ સ્થાપિત કરવામાં આવેલ છે. જેની વિગત નીચે મુજબ છે.

**૧) ૧૦ મેગાવોટ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ, ગામ: સમા, તા: વડોદરા, જી: વડોદરા:**

- વડોદરા શાખા નહેરની સાંકળ ૩૧૭૫૦ મી. થી ૩૫૩૪૦ મી. વચ્ચે સમા ખાતે ૧૦ મેગાવોટ ક્ષમતાના કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવાની કામગીરી મે. Megha Engineering and Insfrastructure Limited, Ahmedabad ને તા.૨૭/૦૧/૨૦૧૪ ના રોજ ૨૫ વર્ષ ના ઓ એન્ડ એમ સાથે એવોર્ડ આપવામાં આવેલ છે.

મુખ્ય પેજ

- સદર ૧૦ મેગાવોટ સોલર પાવર પ્લાન્ટનું લોકાર્પણ તા.૧૧/૦૧/૨૦૧૫ રોજ યુનાઈટેડ નેશન્શના તત્કાલિન સેક્રેટરી જનરલ શ્રી બાન–કી–મૂન દ્વારા થયેલ હતું.
- આ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટના બાંધકામમાં કુલ રૂ.૯૮.૬૮ કરોડ નો ખર્ચ થયેલ હતો.
- આ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ તા. ૨૩/૧૧/૨૦૧૪ થી કાર્યરત છે.
- સદર સોલાર પાવર પ્લાન્ટ થકી વર્ષ–૨૦૨૨ માં ૧૧.૨૫૪ મિલિયન યુનીટ તેમજ વર્ષ–૨૦૨૩ માં ૧૦.૦૩૫ મિલિયન યુનીટ વિજળીનું ઉત્પાદન થયેલ છે.
- આ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ થકી **આજ દીન સુધી ૧૨૦.૦૪ મિલિયન યુનીટ વિજળીનું ઉત્પાદન થયેલ છે.**

૨) ૧૦ મેગાવોટ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ, ગામ: નિમેટા, **તા: વાઘોડિયા, જી: વડોદરા:**

- વડોદરા શાખા નહેરની સાંકળ ૧૬૭૨૦ મી. થી ૨૦૭૨૦ મી. વચ્ચે નિમેટા, તા. વાઘોડીયા ખાતે ૧૦ મેગાવોટ ક્ષમતાના કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવાની કામગીરી મે. SCC- Insolare (JV), Ahmedabad ને તા.૦૩/૧૨/૨૦૧૫ ના રોજ ૨૫ વર્ષ ના ઓ એન્ડ એમ સાથે એવોર્ડ આપવામાં આવેલ છે.
- આ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટના બાંધકામમાં કુલ રૂ. ૯૮.૪૬ કરોડ નો ખર્ચ થયેલ હતો.

મુખ્ય પેજ

- આ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ તા.૧૫-૦૯-૨૦૧૭ થી કાર્યરત છે.
- સદર સોલાર પાવર પ્લાન્ટ થકી વર્ષ-૨૦૨૨ માં ૧૫.૬૨૧ મિલિયન યુનીટ તેમજ વર્ષ-૨૦૨૩ માં ૧૫.૨૮૯ મિલિયન યુનીટ વિજળીનું ઉત્પાદન થયેલ છે.
- આ કેનાલ ટોપ સોલાર પાવર પ્લાન્ટ થકી **આજ દીન સુધી ૯૯.૪૨૦ મિલિયન યુનીટ વિજળીનું ઉત્પાદન થયેલ છે.**

**૩) ૧૦ મેગાવોટ કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટ, ગામ: રવાલ તા: વાઘોડિયા, જી: વડોદરા:**

- વડોદરા શાખા નહેરની સાંકળ ૧૨૬૯૦ મી. થી ૧૫૮૯૦ મી. વચ્ચે રવાલ, તા. વાઘોડીયા ખાતે ૧૦ મેગાવોટ ક્ષમતાના કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવાની કામગીરી મે. Ujaas Energy Limited, Indore ને તા.૦૩/૧૨/૨૦૧૫ ના રોજ ૨૫ વર્ષ ના ઓ એન્ડ એમ સાથે એવોર્ડ આપવામાં આવેલ છે.
- આ કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટના બાંધકામમાં કુલ ૩.૭૪.૨૦ કરોડ નો ખર્ચ થયેલ હતો.
- આ કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટ તા.૧૫-૦૯-૨૦૧૭ થી કાર્યરત છે.
- સદર સોલાર પાવર પ્લાન્ટ થકી વર્ષ-૨૦૨૨ માં ૧૪.૦૮૩ મિલિયન યુનીટ તેમજ વર્ષ-૨૦૨૩ માં ૧૨.૪૫૫ મિલિયન યુનીટ વિજળીનું ઉત્પાદન થયેલ છે.

મુખ્ય પેજ

- આ કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટ થકી **આજ દીન સુધી ૯૨.૪૬૨ મિલિયન યુનીટ વિજળીનું ઉત્પાદન થયેલ છે.**

**૪) ૦૫ મેગાવોટ કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટ,** ગામ: નિમેટા, **તા: વાઘોડિયા, જી: વડોદરા:**

- વડોદરા શાખા નહેરની સાંકળ ૧૭૯૪૦ મી. થી ૨૦૨૩૦ મી. વચ્ચે નિમેટા ખાતે ૦૫ મેગાવોટ ક્ષમતાના કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટ સ્થાપવાની કામગીરી મે. SCC- Insolare (JV), Ahmedabad ને તા.૦૩/૧૨/૨૦૧૫ ના રોજ ૨૫ વર્ષ ના ઓ એન્ડ એમ સાથે એવોર્ડ આપવામાં આવેલ છે.
- આ કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટના બાંધકામમાં કુલ રૂ. ૪૪.૦૭ કરોડ નો ખર્ચ થયેલ હતો.
- આ કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટ તા.૧૭/૦૯/૨૦૧૭ થી કાર્યરત છે.
- સદર સોલાર પાવર પ્લાન્ટ થકી વર્ષ–૨૦૨૨ માં ૭.૮૭૮ મિલિયન યુનીટ તેમજ વર્ષ–૨૦૨૩ માં ૭.૪૬૧ મિલિયન યુનીટ વિજળીનું ઉત્પાદન થયેલ છે.
- આ કેનાલ બેંક સોલાર પાવર પ્લાન્ટ થકી **આજ દીન સુધી ૪૮.૮૨૯ મિલિયન યુનીટ વિજળીનું ઉત્પાદન થયેલ છે.**

સરદાર સરોવર નર્મદા નિગમ લિમિટેડ દ્વારા વડોદરા શાખા નહેર પર વડોદરા શાખા નહેર પરના સોલાર આધારિત વીજ મથકની કુલ ક્ષમતા ૩૫ મેગા વોટ(MW) થકી તા ૩૧.૧૨.૨૦૨૩ ની સ્થિતિ એ

મુખ્ય પેજ

છેલ્લા બે વર્ષમાં કુલ ૯૪.૨૯૪ મિલિયન યુનિટ વીજળી ઉત્પન્ન થયેલ છે.

ભારત સરકારના નવા અને પુન:પ્રાપ્ય ઉર્જા મંત્રાલય (MNRE) દ્વારા કેનાલ ટોપ અને કેનાલ બેંકના સોલાર પ્રોજેક્ટ માટે ૫૨.૦૪ કરોડ રુપિયાની કેન્દ્રીય સહાય મળેલ છે.

વડોદરા શાખા નહેર ઉપર ના કુલ ૩૫ મેગાવોટ સોલાર વીજ મથકો થકી થયેલ વીજ ઉત્પાદન નો ઉપયોગ કેપ્ટીવ પાવર તરીકે સ.સ.ન.નિ.લિ. ના પોતાના સૌરાષ્ટ્ર શાખા નહેર પરના પંપીગ સ્ટેશનો ચલાવવા માટે કરવામાં આવતા વીજ વપરાશ સામે મજરે મેળવવામાં કરવામાં આવે છે. સદર વીજ મથકો દ્વારા ઉત્પન થયેલ વીજ યુનીટ થકી પમ્પિગ સ્ટેશનોના વીજ બીલમાં અંદાજે ૨૩૬.૭૬ કરોડ રુપીયા મજરે લેવામાં આવેલ છે.

# લઘુ જળ (હાઇડલ) વીજ મથકો

વિવિધ શાખા નહેરો, જેવી કે મિયાગામ શાખા નહેર, વડોદરા શાખા નહેર, સૌરાષ્ટ્ર શાખા નહેર, કચ્છ શાખા નહેર અને ગરુડેશ્વર વીયર પર એમ કુલ ૯૪.૪૬ મેગાવોટ અપેક્ષિત વીજ ક્ષમતાવાળા લઘુ જળ વીજ મથકોના કામો અલગ અલગ ૧૯ સ્થળો પર હાથ ધરવામાં આવેલ છે.

કુલ ૯૪.૪૬ મેગાવોટ અપેક્ષિત વીજ ક્ષમતાના કામો પૈકી ૧૬ સ્થળો પર ૬૩.૮૦ મેગાવોટ વીજ ક્ષમતાના લઘુ જળ વીજ મથકો કાર્યરત કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

લઘુ જળવિદ્યુત મથકો દ્વારા કુલ ૪૨૦ મિલીયન યુનિટ વીજ ઉત્પાદન થયેલ છે.

કુલ ૯૪.૪૬ મેગાવોટની અપેક્ષિત વીજ ઉત્પાદન સંભવિત ક્ષમતાના કામોમાંથી, ગરુડેશ્વર વીયર સહિત ૦૩ સ્થળોએ બાકીની ૩૦.૬૬ મેગાવોટ ક્ષમતાના કામો પ્રગતિ હેઠળ છે.

[મુખ્ય પેજ]

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૪

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૯૧

## તા.૦૮/૦૨/૨૦૨૪

**નર્મદા વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : શ્રી શૈલેષભાઇ મહેતા, ડભોઇ**

**પ્રશ્ન : વડોદરા શાખા નહેર પરના સોલાર આધારીત વીજ મથક ક્ષમતા.**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | વડોદરા શાખા નહેર ઉપર કુલ કેટલા સોલાર આધારીત વીજ મથકો સ્થાપવામાં આવેલ છે? અને તેની કુલ સ્થાપિત ક્ષમતા કેટલી છે? તથા તે વીજ મથકો ક્યાં સ્થળે સ્થાપવામાં આવેલ છે? અત્યાર સુધીમાં કેટલુ કેપિટલ કોસ્ટ તેમજ ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સ માટે ખર્ચ થયેલુ છે ? કેટલી વીજળી પેદા થયેલી છે ? અને ૨૫ વર્ષના અંતે કેટલી વીજળી મળશે ? | શ્રી શૈલેષભાઇ મહેતા, ડભોઇ |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૨ | વડોદરા શાખા નહેર ઉપર ના કુલ ૩૫ મેગાવોટ સોલાર વીજ મથકો થકી થયેલ વીજ ઉત્પાદનનો ઉપયોગ ક્યાં કરવામાં આવે છે? વડોદરા શાખા નહેર ઉપરના કુલ ૩૫ મેગાવોટ સોલાર વીજ મથકોના સંચાલન અને નિભાવ માટેનું શું આયોજન છે? | શ્રી અભેસિંહ તડવી, સંખેડા |
| ૩ | તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં વડોદરા શાખા નહેર ઉપરના કુલ ૩૫ મેગાવોટના સોલાર વીજ મથકો થકી વર્ષવાર કેટલું વીજ ઉત્પાદન થયેલ છે? | શ્રી ચૈતન્યસિંહ ઝાલા, પાદરા |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :- ૦૪**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:- ૧૫/૪/૫૯૧**

**નર્મદા વિભાગ**

**તા.૦૮/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી શૈલેષભાઇ મહેતા, ડભોઇ)

- **વડોદરા શાખા નહેર ઉપર કુલ કેટલા સોલાર આધારીત વીજ મથકો સ્થાપવામાં આવેલ છે? અને તેની કુલ સ્થાપિત ક્ષમતા કેટલી છે? તથા તે વીજ મથકો ક્યાં સ્થળે સ્થાપવામાં આવેલ છે? અત્યાર સુધીમાં કેપિટલ કોસ્ટ તેમજ ઓપરેશન એન્ડ મેઇન્ટેનન્સ માટે કુલ કેટલો ખર્ચ થયેલ છે ? કેટલી વીજળી પેદા થયેલી છે ? અને ૨૫ વર્ષના અંતે કેટલી વીજળી મળશે ?**

**જવાબ:**

- વડોદરા શાખા નહેર ઉપર **કુલ ચાર (૪) સોલાર** આધારીત વીજ મથકો સ્થાપવામાં આવેલ છે. જેની કુલ સ્થાપિત ક્ષમતા **૩૫ મેગા વોટ** છે. આ પ્રત્યેક સોલાર વીજ મથકોના સ્થળ અને તેમની સ્થાપિત ક્ષમતાની માહિતી જોઇએ તો...

મુખ્ય પેજ

| **સોલર વીજ મથક** | **સ્થળ** | **કાર્યરત કર્યા વર્ષ** |
|---|---|---|
| ૧૦ મેગાવોટ કેનાલ ટોપ | ગામ–સમા, તા. અને જીલ્લો– વડોદરા. | નવેમ્બર– ૨૦૧૪ |
| ૧૦ મેગાવોટ કેનાલ ટોપ | ગામ–નીમેટા, તા.– વાઘોડિયા, જીલ્લો– વડોદરા. | સપ્ટેમ્બર– ૨૦૧૭ |
| ૧૦ મેગાવોટ કેનાલ બેંક | ગામ–રવાલ, તા.– વાઘોડિયા, જીલ્લો– વડોદરા. | સપ્ટેમ્બર– ૨૦૧૭ |
| ૦૫ મેગાવોટ કેનાલ બેંક | ગામ–નીમેટા, તા.– વાઘોડિયા, જીલ્લો– વડોદરા. | સપ્ટેમ્બર– ૨૦૧૭ |

## ૨૫ વર્ષનું પ્રોજેક્શન :–

| **૨૫ વર્ષનું કુલ ખર્ચ** | **તે પૈકી અત્યાર સુધી કરેલ કુલ ખર્ચ** | **અત્યાર સુધીમાં વીજ ઉત્પાદન પેટે મજરે મળેલ રકમ** | **૨૫ વર્ષ સુધીમાં મળનાર રકમ અને યુનિટ** |
|---|---|---|---|
| ૩૧૫.૩૮ કરોડ (કેપિટલ) | ૩૧૫.૩૮ કરોડ | **૨૩૬.૭૬ કરોડ** (૩૪૪.૦૨ મિલિયન યુનિટ્સ) | **૮૩૬ કરોડ** (૧૧૧૫.૪૦ મિલિયન યુનિટ્સ) |
| ૪૮.૩ કરોડ (ઓ. એન્ડ એમ) | ૧૧ કરોડ (૩૧.૧૨.૨૩ સુધીમાં) | | |
| કુલ ૩૬૩.૬૮ કરોડ | **૩૨૬.૩૮** કરોડ | | |

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી અભેસિંહ તડવી, સંખેડા)

- **વડોદરા શાખા નહેર ઉપર ના કુલ ૩૫ મેગાવોટ સોલાર વીજ મથકો થકી થયેલ વીજ ઉત્પાદનનો ઉપયોગ ક્યાં કરવામાં આવે છે? વડોદરા શાખા નહેર ઉપરના કુલ ૩૫ મેગાવોટ સોલાર વીજ મથકોના સંચાલન અને નિભાવ માટેનું શું આયોજન છે?**

**જવાબ:**

- વડોદરા શાખા નહેર ઉપર ના કુલ **૩૫ મેગાવોટ** સોલાર વીજ મથકો થકી થયેલ વીજ ઉત્પાદન નો ઉપયોગ કેપ્ટીવ પાવર તરીકે સ.સ.ન.નિ.લિ. ના પોતાના સૌરાષ્ટ્ર શાખા નહેર પરના પંપીગ સ્ટેશનો ચલાવવા માટે કરવામાં આવતા વીજ વપરાશ સામે મજરે મેળવવામાં આવે છે. સદર વીજ મથકો દ્વારા ઉત્પન્ન થયેલ વીજ યુનીટ થકી પમ્પિગ સ્ટેશનોના વીજ બીલમાં અંદાજે ૨૩૬.૭૬ કરોડ રુપીયા મજરે લેવામાં આવેલ છે.
- વડોદરા શાખા નહેર ઉપરના ૩૫ મેગાવોટ સોલાર વીજ મથકોના સંચાલન અને નિભાવની કામગીરીનો ઈજારો મૂળ કરારના ભાગરૂપે ૨૫ વર્ષ માટે ઈજારદારોને આપવામાં આવેલ છે. તેની વિગતો જોઈએ તો...

મુખ્ય પેજ

| સોલાર વીજ મથક | ઈજારદાર | સંચાલન અને નિભાવ ખર્ચ (૨૫ વર્ષ માટે) |
|---|---|---|
| ૧૦ મેગાવોટ કેનાલ ટોપ સોલાર વીજ મથક (સમા, વડોદરા) | મેસર્સ. મેઘા એન્જીનીયરીંગ એન્ડ ઈંફ્રાસ્ટ્રક્ચર લિમિટેડ (એમ.ઈ.આઈ.એલ.) હૈદ્રાબાદ | ૧૧.૨૩ કરોડ |
| ૧૦ મેગાવોટ કેનાલ ટોપ સોલાર વીજ મથક (નિમેટા, વાઘોડિયા) | મેસર્સ. એસ. સી. સી. ઈનસોલર (સંયુક્ત સાહસ), અમદાવાદ | ૧૨.૬૦ કરોડ |
| ૧૦ મેગાવોટ કેનાલ બેંક સોલાર વીજ મથક (રવાલ, વાઘોડિયા) | મેસર્સ. ઉજાસ એનર્જી લિમીટેડ, ઈન્દોર. | ૧૭.૬૮ કરોડ |
| ૦૫ મેગાવોટ કેનાલ બેંક સોલાર વીજ મથક (નિમેટા, વાઘોડિયા) | મેસર્સ. એસ. સી. સી. ઈનસોલર (સંયુક્ત સાહસ), અમદાવાદ | ૬.૭૯ કરોડ |

[મુખ્ય પેજ]

## પેટા પ્રશ્ન ૩ (શ્રી ચૈતન્યસિંહ ઝાલા, પાદરા)

➢ **તા. ૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં વડોદરા શાખા નહેર ઉપરના કુલ ૩૫ મેગાવોટના સોલાર વીજ મથકો થકી વર્ષવાર કેટલું વીજ ઉત્પાદન થયેલ છે?**

**જવાબ:**

➢ વડોદરા શાખા નહેર ઉપર નાકુલ ૩૫ મેગાવોટના સોલાર વીજ મથકો થકી તા.૩૧/૧૨/૨૦૨૩ સુધીમાં વર્ષવાર થયેલ વીજ ઉત્પાદનની વિગતો જોઈએ તો...

| **વર્ષ** | **વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ)** |
|---|---|
| નવે–૨૦૧૪ થી ડીસે–૨૦૧૪ | ૧.૩૯૬ |
| ૨૦૧૫ | ૧૫.૪૯૫ |
| ૨૦૧૬ | ૧૫.૧૮૩ |
| ૨૦૧૭ | ૨૫.૨૬૮ |
| ૨૦૧૮ | ૫૪.૦૮૪ |
| ૨૦૧૯ | ૫૨.૪૧૦ |
| ૨૦૨૦ | ૫૩.૪૧૨ |
| ૨૦૨૧ | ૪૭.૭૫૧ |
| ૨૦૨૨ | ૪૮.૮૧૩ |
| ૨૦૨૩ | ૪૫.૪૮૧ |
| **કુલ વીજ ઉત્પાદન (મીલીયન યુનીટ)** | **૩૫૯.૨૯૨** |

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૧૧

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૬૩૬

## તા.૦૮/૦૨/૨૦૨૪

## સામાન્ય વહીવટ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**

**શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા, પોરબંદર**

**પ્રશ્ન : ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સંવર્ગવાર જગ્યાઓ ભરવા બાબત.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**પ્રશ્નનુ સંક્ષિપ્ત શિર્ષક :– " ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સંવર્ગવાર જગ્યાઓ ભરવા બાબત "**
**પ્રશ્ન ક્રમાંક :– ૧૫/૪/૬૩૬**
**પ્રશ્ન પુછનાર સભ્યશ્રી :– ધારાસભ્યશ્રી અર્જુનભાઇ મોઢવાડીયા**
**સભ્યશ્રીનો મતદાર વિભાગ :– પોરબંદર**

---

**માનનીય મુખ્યમંત્રીશ્રી (સામાન્ય વહીવટ વિભાગ) જણાવવા કૃપા કરશે કે :–**

| | **પ્રશ્ન** | | **જવાબ** |
|---|---|---|---|
| (૧) | તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સંવર્ગવાર કેટલી જગ્યાઓ ભરવા માટે ક્યારે જાહેરાત બહાર પાડવામાં આવી, | (૧) | આ સાથે સામેલ પત્રક–અ મુજબ. |
| (૨) | ઉક્ત સ્થિતિએ તે અન્વયે કેટલી ભરતી પ્રક્રિયાઓ પૂર્ણ કરીને સંવર્ગવાર કેટલી જગ્યાઓ માટેની પસંદગી યાદી સંબંધિત વિભાગને મોકલી આપવામાં આવી, અને | (૨) | આ સાથે સામેલ પત્રક–બ મુજબ. |
| (૩) | ઉક્ત સ્થિતિએ કઇ બાકી ભરતી પ્રક્રિયા ક્યાં સુધીમાં પુર્ણ કરવાનું આયોજન છે? | (૩) | આ સાથે સામેલ પત્રક–ક મુજબ |

## પત્રક–અ

| **તા. ૧/૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ દરમ્યાન બહાર પાડેલ જાહેરાતની વિગતો** | | | | | |
|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વિભાગ** | **ખાતાના વડા** | **સંવર્ગ** | **કુલ જગ્યાઓ** | **જાહેરાત આપ્યા તારીખ** |
| **૧** | વન અને પર્યાવરણ વિભાગ | અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીની કચેરી | હિસાબનીશ | ૮૦ | ૦૫.૦૨.૨૦૨૨ |
| **૨** | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ અને વિધાનસભા સચિવાલય | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ.૨ | ૧૫૬ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૩** | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ.૨ | ૮૯ | ૧૬.૦૬.૨૦૨૨ |

મુખ્ય પેજ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૪** | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ.૩ | ૨૩ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૫** | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ.૩ | ૩ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૬** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | મુખ્ય ઈજનેર અને નિયામક ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા | જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ | ૩૦ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૭** | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી ગાંધીનગર | મ્યુનિસિપલ ઈજનેર | ૧૧૬ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૮** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) | ૧૯૨ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૯** | માર્ગ અને મકાન વિભાગ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | રેખનકાર | ૫૦ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૧૦** | માર્ગ અને મકાન વિભાગ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | વર્ક આસીસ્ટન્ટ | ૭૭૧ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૧૧** | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી | મદદનીશ ગ્રંથપાલ | ૩૭ | ૧૬.૦૬.૨૦૨૨ |
| **૧૨** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | નર્સિંગ ટ્યુટર (સેમી ડાયરેક્ટ ) | ૧૩૩ | ૦૭.૦૭.૨૦૨૨ |
| **કુલ** | | | | **૧૬૮૦** | |

**તા. ૧/૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન બહાર પાડેલ જાહેરાતની વિગતો**

| **ક્રમ** | **વિભાગ** | **ખાતાના વડા** | **સંવર્ગ** | **કુલ જગ્યાઓ** | **જાહેરાત આપ્યા તારીખ** |
|---|---|---|---|---|---|
| ૧ | મહેસૂલ વિભાગ | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સર્વેયર | ૪૧૨ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૨ | મહેસૂલ વિભાગ | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સીનીયર સર્વેયર | ૯૭ | ૧૦.૧૧.૨૦૨૩ |

મુખ્ય પેજ

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | પ્લાનીંગ આસીસ્ટન્ટ | ૬૫ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | સર્વેયર | ૬૦ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | . | વર્ક આસીસ્ટન્ટ | ૫૭૪ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | ૬ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કામદાર રાજ્ય વીમા યોજના. અમદાવાદ | સ્ટરીલાઇઝર ટેકનીશીયન | ૧ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૮ | નાણા વિભાગ | વીમા નિયામકની કચેરી | કન્યાન તાંત્રિક મદદનીશ | ૧૭ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | ગ્રાફિક ડિઝાઇનર | ૪ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૧૦ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | મશીન ઓવરશીયર | ૨ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૧૧ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | વાયરમેન | ૫ | ૧૦.૧૧.૨૦૨૩ |
| ૧૨ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | ૩ | ૧૦.૧૧.૨૦૨૩ |
| **કુલ** | | | | **૧૨૪૬** | |

## પત્રક.બ

| **તા.૩૧/૧૨/૨૦૨૩ ની સ્થિતિએ પસંદગી યાદી સંબંધિત વિભાગને ભલામણ કર્યા અંગેની વિગતો** | | | | |
|---|---|---|---|---|
| **ક્રમ** | **વિભાગ** | **ખાતાના વડા** | **સંવર્ગ** | **કુલ ગ્યાઓ** |
| ૧ | વન અને પર્યાવરણ વિભાગ | અગ્ર મુખ્ય વનસંરક્ષકશ્રીની કચેરી | હિસાબનીશ | ૬ |

મુખ્ય પેજ

| | | | | |
|---|---|---|---|---|
| ૨ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ.૨ | ૫૮ |
| ૩ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | ગ્રંથાલય નિયામકશ્રીની કચેરી | મદદનીશ ગ્રંથપાલ | ૧૩ |
| **કુલ** | | | | **૭૭** |

# પત્રક.ક

| ક્રમ | વિભાગ | ખાતાના વડા | સંવર્ગ | ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવા માટેનું આયોજન |
|---|---|---|---|---|
| **૧** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | મુખ્ય ઇજનેર અને નિયામક ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા | જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ | તા.૦૮.૦૧.૨૦૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| **૨** | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી ગાંધીનગર | મ્યુનિસિપલ ઈજનેર | તા.૨૨.૦૧.૨૦૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| **૩** | માર્ગ અને મકાન વિભાગ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | રેખનકાર | તા.૩૧.૦૧.૨૦૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| **૪** | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ અને વિધાનસભા સચિવાલય | ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ.૨ | તા.૦૨.૦૨.૨૦૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| **૫** | માર્ગ અને મકાન વિભાગ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | વર્ક આસીસ્ટન્ટ | ફેબ્રુઆરી . ૨૦૨૪ |
| **૬** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) | માર્ચ.૨૦૨૪ |
| **૭** | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ.૩ | બનતી ત્વરાએ. |

મુખ્ય પેજ

| | | | | |
|---|---|---|---|---|
| ૮ | સામાન્ય વહીવટ વિભાગ | સચિવાલયના વિભાગો અને ખાતાના વડાઓ | અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ.૩ | બનતી ત્વરાએ. |
| ૯ | મહેસૂલ વિભાગ | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સર્વેયર | બનતી ત્વરાએ. |
| ૧૦ | મહેસૂલ વિભાગ | સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક, ગાંધીનગર | સીનીયર સર્વેયર | બનતી ત્વરાએ. |
| ૧૧ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | પ્લાનીંગ આસીસ્ટન્ટ | બનતી ત્વરાએ. |
| ૧૨ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | નિયામકશ્રી, નગર આયોજન અને મુલ્યાંકન, ગાંધીનગર | સર્વેયર | બનતી ત્વરાએ. |
| ૧૩ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | – | વર્ક આસીસ્ટન્ટ | બનતી ત્વરાએ. |
| ૧૪ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | બનતી ત્વરાએ. |
| ૧૫ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કામદાર રાજ્ય વીમા યોજના. અમદાવાદ | સ્ટરીલાઇઝર ટેકનીશીયન | બનતી ત્વરાએ. |
| ૧૬ | નાણા વિભાગ | વીમા નિયામકની કચેરી | કન્યાન તાંત્રિક મદદનીશ | બનતી ત્વરાએ. |
| ૧૭ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | ગ્રાફિક ડિઝાઇનર | બનતી ત્વરાએ. |
| ૧૮ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | મશીન ઓવરશીયર | બનતી ત્વરાએ. |
| ૧૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | વાયરમેન | બનતી ત્વરાએ. |
| ૨૦ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વિવિધ પ્રેસ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | બનતી ત્વરાએ. |
| ૨૧ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | કમિશનરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ | નર્સિંગ ટ્યુટર (સેમી ડાયરેક્ટ) | નામદાર ગુજરાત હાઇકોર્ટ દ્વારા ભરતી પ્રક્રિયા સામે સ્ટે આપવામાં આવેલ છે. |

[મુખ્ય પેજ]

# પુરક નોંધ

## ગુજરાત ગૌણ  સેવા પસંદગી મંડળ

❖ **ભરતી પ્રક્રીયા:-**

- સરકારના જુદા-જુદા વિભાગો અને સરકારના ખાતાના વડાની કચેરીઓમાંથી વર્ગ-૩ની જગ્યાઓ ભરવા માટે માંગણીપત્રક મોકલી આપવામાં આવે છે. આ માંગણીપત્રકમાં જે-તે કચેરીમાં કેટેગરીવાઈઝ અનામત વર્ગના ઉમેદવારોની જગ્યાઓ પણ દર્શાવવામાં આવે છે. પ્રવર્તમાન નિયમોનુસાર મહિલાઓ માટે ૩૩%, માજી-સૈનિકો માટે ૧૦% અને દિવ્યાંગો માટે ૪% જગ્યાઓ અનામત રાખવામાં આવે છે.
- માંગણીપત્રકમાં દર્શાવ્યા મુજબની શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી OJAS Website પર ઓનલાઈન અરજીઓ મંગાવવામાં આવે છે અને તે માટે બહોળી પ્રસિધ્ધિ કરવા ન્યુઝપેપર્સમાં જાહેરાત કરવામાં આવે છે.
- સામાન્ય વહિવટ વિભાગના તારીખ: ૩૧.૦૮.૨૦૨૩ અને તારીખ: ૩૧.૦૧.૨૦૨૪ના પત્રથી મંડળ દ્વારા લેવામાં આવતી સીધી ભરતીની તમામ પરીક્ષાઓ માટે પરીક્ષા ફી નું ધોરણ નીચે મુજબ નિયત કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

| ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ સીધી ભરતીની પરીક્ષાઓની પરીક્ષા ફી | | |
|---|---|---|
| | બિન અનામત વર્ગ | **અનામત વર્ગ** (મહિલા, સા.શૈ.પ.વ., અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આ.ન.વ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો) |
| પ્રાથમિક પરીક્ષા | રૂ. ૫૦૦/- | રૂ. ૪૦૦/- |
| મુખ્ય પરીક્ષા | રૂ. ૬૦૦/- | રૂ. ૫૦૦/- |
| The fees paid shall be refunded to those candidates who appear for the examination. | | |

- જે ઉમેદવાર પરીક્ષામાં હાજર રહે છે તે ઉમેદવારને પરીક્ષા પુર્ણ થયા બાદ હાજરીપત્રક પ્રમાણે હાજર રહેનાર ઉમેદવારોને તેઓએ ભરેલ ફી પરત (રીફંડ) કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- નિયત સમયમર્યાદામાં મળેલી ઉમેદવારોની અરજીઓને ચકાસીને પ્રવર્તમાન નિયમોનુસાર કોમ્પ્યુટર બેઝ રીસ્પોન્સ ટેસ્ટથી ગુજરાતના જુદા-જુદા જિલ્લાના પરીક્ષા કેન્દ્ર (કોમ્પ્યુટર લેબ) માં પરીક્ષાનું આયોજન કરવામાં આવે છે.

મુખ્ય પેજ

- પરીક્ષાના દિવસે પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારોને એપ્લીકેશન ફોર્મના ફોટા સાથે સરખામણી કરીને તથા સરકાર માન્ય ઓળખપત્રના આધારે પ્રવેશ આપવામાં આવે છે. પરીક્ષા સમયે ઉમેદવારની ફ્રીસકીંગ (અંગઝડતી) કરવામાં આવે છે તથા ઉમેદવારના બાયોમેટ્રીક (ફીંગર અને આયરીસ) પદ્દિતથી કરવામાં આવે છે તથા ઉમેદવારનો ફોટો પણ કેપ્ચર કરવામાં આવે છે. આ ભરતી પ્રક્રીયાના નિમણુંક સુધીના તમામ સ્ટેજે બાયોમેટ્રીક ડેટાની સાથે ઉમેદવારનું વેરીફીકેશન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- જે–તે પરીક્ષાની પુર્ણ થયા બાદ ઉમેદવારોની જાણકારી માટે પ્રોવીઝનલ આન્સર કી મુકવામાં આવે છે અને કોઈ આન્સર સામે ઉમેદવારને વાંધો હોય તો નિયત સમયમર્યાદામાં ઉમેદવારો પાસેથી ઓનલાઈન વાંધા સુચનો મંગાવવામાં આવે છે. ત્યારબાદ ઉમેદવારો તરફથી મળેલ ઓનલાઈન વાંધા–સુચનો વિષય નિષ્ણાંતોને મોકલીને ફાઈનલ આન્સર કી પ્રસિદ્ધ કરવામાં આવે છે.
- ફાઈનલ આન્સર કી પ્રસિદ્ધ કર્યા બાદ ઉમેદવારે પરીક્ષામાં મેળવેલા માર્કસના આધારે કેટેગરીવાઈઝ ઉમેદવારોને ભરવાની થતી જગ્યાના ૧.૬ ગણા ઉમેદવારોના અસલ પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવે છે.
- ઉમેદવારોના ડોક્યુમેન્ટ વેરીફીકેશનની પ્રક્રીયા બાદ નિયત થયેલ યોગ્ય લાયકાત ધરાવતા ઉમેદવારોને માંગણીપત્રકની

મુખ્ય પેજ

જગ્યાઓ પ્રમાણે કેટેગરીવાઈઝ મેરીટના આધારે પસંદગી યાદી બનાવવામાં આવે છે.

- ઉમેદવારોની પસંદગી યાદી જે–તે વિભાગને ઉમેદવારોએ કરેલ ઓનલાઈન અરજી અને ડોક્યુમેન્ટ વેરીફીકશન વખતે રજુ કરેલ પ્રમાણપત્રો સાથે માંગણીપત્રક રજુ કરનાર વિભાગને નિમણુંક આપવા માટે મંડળ દ્વારા ભલામણ કરવામાં આવે છે.
- સામાન્ય વહિવટ વિભાગના નોટીફીકેશનની જોગવાઈઓ ધ્યાને લઈને પ્રતિક્ષાયાદી બનાવવામાં આવે છે. જે ભરતીમાં એક જ સંવર્ગની ભરતી કરવાની હોય તો નિયમોનુસાર ૨૦% ઉમેદવારોની પ્રતિક્ષાયાદી બનાવવામાં આવે છે. જો ભરતી પ્રક્રીયામાં એક કરતા વધુ સંવર્ગની ભરતી કરવાની હોય તો પ્રતિક્ષાયાદી બનાવવામાં આવતી નથી.

મુખ્ય પેજ

## ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં લાગતો સમય

1. વર્ષ ૨૦૨૨ માં આપેલ જાહેરાતો પૈકી હાલની સ્થિતિએ મોટા ભાગની ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવેલ છે. બાકીની જાહેરાતો માટે ટૂંક સમયમાં ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં આવશે. પરીક્ષા નિયમોમાં સુધારો કરવામાં આવેલ હોવાથી નવા નિયમો મુજબ પરીક્ષા યોજવાની હોવાથી આ ભરતી પ્રક્રિયા પૂર્ણ કરવામાં સમય લાગેલ છે.
2. વર્ષ ૨૦૨૩ની તમામ ૧૨ જાહેરાતો નવેમ્બર મહિનામાં જ આપવામાં આવેલ છે. જે પૈકી ૦૬ જાહેરાતો માટે માર્ચ–૨૦૨૪માં ઓનલાઇન પદ્ધતિ(CBRT)થી પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. જ્યારે બાકીની ૦૬ જાહેરાતો માટે ટૂંક સમયમાં ઓનલાઇન પદ્ધતિ(CBRT)થી પરીક્ષાનું આયોજન કરવામાં આવશે. CBRT પદ્ધતિથી પરીણામ પણ ઝડપથી જાહેર કરી શકાશે. એટલે કે જાહેરાત આપ્યાના ૦૬ મહિનાની અંદર પરિણામ જાહેર કરી શકાશે.

મુખ્ય પેજ

# ભરતી પ્રક્રિયા

## મંડળે કરવાની કાર્યવાહી:

1. વિભાગો તરફથી મળેલ માંગણાપત્રકોની મંડળ દ્વારા ચકાસણી કરવામાં આવે છે. જો માંગણાપત્રકમાં સુધારો કરવો જરૂરી જણાય તો વિભાગો પાસેથી પૂર્તતા મેળવવામાં આવે છે.
2. મળેલ માંગણાપત્રકો મુજબ જાહેરાત પ્રસિદ્ધ કરવામાં આવે છે. OJAS પોર્ટલ ઉપર ઓનલાઈન અરજી કરવા માટે સામાન્ય રીતે ૨૦–૩૦ દિવસનો સમય આપવામાં આવે છે.
3. મળેલ અરજીઓની સંખ્યાના આધારે એજન્સીના પરામર્શમાં પરીક્ષાનુ આયોજન કરવામાં આવે છે. તમામ તૈયારીઓ થઈ જાય ત્યારબાદ પરીક્ષાની તારીખ જાહેર કરવામાં આવે છે.
4. પરીક્ષા પૂર્ણ થયા બાદ "પ્રોવિઝનલ આન્સર કી" જાહેર કરવામાં આવે છે. જેના ઉપર ઉમેદવારોના વાંધા–સૂચનો મેળવવામાં આવે છે.
5. ઉમેદવારો તરફથી મળે વાંધા–સૂચનો ધ્યાને લઈ "ફાઈનલ આન્સર કી" જાહેર કરવામાં આવે છે.
6. "ફાઈનલ આન્સર કી" મુજબ અનામતની જોગવાઈઓ મુજબ મેરીટવાઈઝ પરીણામ જાહેર કરવામાં આવે છે.
7. પરીણામના આધારે જાહેરાતની સંખ્યાના બે ગણા ઉમેદવારોના દસ્તાવેજોની ચકાસણી કરવામાં આવે છે.
8. દસ્તાવેજોની ચકાસણી ફાઈનલ પસંદગી યાદી બહાર પાડવામાં આવે છે.

મુખ્ય પેજ

9. પસંદ થયેલ ઉમેદવારોને નિમણૂક માટે સંબંધિત વિભાગને ભલામણ કરવામાં આવે છે.

**નિમણૂકી સત્તા દ્વારા કરવાની કાર્યવાહી:**

10. સંબંધિત વિભાગ/નિમણૂક સત્તા દ્વારા આ ઉમેદવારોના દસ્તાવેજોની પુન:ચકાસણી કરવામાં આવે છે.

11. જાતિ પ્રમાણપત્રો અંગેના ૨૦૧૮ના કાયદાની જોગવાઇ અન્વયે SC, ST, SEBC વર્ગના ઉમેદવારોના જાતિ પ્રમાણપત્રોની ખરાઇ માટે સંબંધિત વિશ્લેષણ સમિતિને મોકલામાં આવે છે.

➢ વિશ્લેષણ સમિતિ દ્વારા જાતિ પ્રમાણપત્રોની ખરાઇ થઇ ગયા બાદ પોલીસ વેરિફિકેશન અને તબીબી તપાસ કરાવવાની શરતે નિમણૂક આપવામાં આવે છે.

મુખ્ય પેજ

**સંકલિત પત્રક**

| તા. ૧/૧/૨૦૨૨ થી તા.૩૧/૧૨/૨૦૨૨ દરમ્યાન બહાર પાડેલ જાહેરાતની વિગતો | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **વિભાગ** | | **સંવર્ગ** | **કુલ જગ્યાઓ** | **જાહેરાત આપ્યા તારીખ** | **હાલની સ્થિતિ** |
| **૧** | વન અને પર્યાવરણ વિભાગ | | હિસાબની શ | ૮૦ | ૦૫–૦૨–૨૦૨૨ | ૬ જગ્યા માટે ભલામણ કરેલ છે |
| **૨** | સામાન્ય વહીવટ વિભાગ | | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨ | ૧૫૬ | ૧૬–૦૬–૨૦૨૨ | તા.૦૨/૦૨/૨૪ ના રોજ ભલામણ કરેલ છે |
| **૩** | સામાન્ય વહીવટ વિભાગ | | અંગ્રેજી સ્ટેનોગ્રાફર , ગ્રેડ–૨ | ૮૯ | ૧૬–૦૬–૨૦૨૨ | ૫૮ જગ્યા માટે ભલામણ કરેલ છે |
| **૪** | સામાન્ય વહીવટ વિભાગ | | ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૩ | ૨૩ | ૧૬–૦૬–૨૦૨૨ | બનતી ત્વરાએ |
| **૫** | સામાન્ય વહીવટ વિભાગ | | અંગ્રેજી સ્ટેનોગ્રાફર , ગ્રેડ–૩ | ૩ | ૧૬–૦૬–૨૦૨૨ | બનતી ત્વરાએ |
| **૬** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | | જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ | ૩૦ | ૧૬–૦૬–૨૦૨૨ | તા.૦૮/૦૧/૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| **૭** | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | | મ્યુનિસિપલ ઈજનેર | ૧૧૬ | ૧૬–૦૬–૨૦૨૨ | તા.૨૨/૦૧/૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| **૮** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર | | અધિક મદદનીશ ઈજનેર(સીવીલ) | ૧૯૨ | ૧૬–૦૬–૨૦૨૨ | ઓનલાઇન પદ્ધતિ(CBRT) થી સૌપ્રથમ પરીક્ષા પૂર્ણ થયેલ છે. માર્ચ– |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| | વિભાગ | | | | | ૨૦૨૪માં પ્રક્રિયા પૂર્ણ થશે |
| **૯** | માર્ગ અને મકાન વિભાગ | | રેખનકાર | ૫૦ | ૧૬-૦૬-૨૦૨૨ | તા.૩૧/૦૧/૨૪ ના રોજ ભલામણ કરેલ છે. |
| **૧૦** | માર્ગ અને મકાન વિભાગ | | વર્ક આસીસ્ટન્ટ | ૭૭૧ | ૧૬-૦૬-૨૦૨૨ | ફેબ્રુઆરી - ૨૦૨૪ |
| **૧૧** | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | | મદદનીશ ગ્રંથપાલ | ૩૭ | ૧૬-૦૬-૨૦૨૨ | ૧૩ જગ્યા માટે ભલામણ કરેલ છે |
| **૧૨** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | | નર્સિંગ ટ્યુટર (સેમી ડાયરેક્ટ ) | ૧૩૩ | ૦૭-૦૭-૨૦૨૨ | નામદાર હાઈકોર્ટ દ્વારા સ્ટે આપવામાં આવેલ છે. |
| **કુલ** | | | | **૧૬૮૦** | | |

**તા. ૧/૧/૨૦૨૩ થી તા.૩૧/૧૨/૨૦૨૩ દરમ્યાન બહાર પાડેલ જાહેરાતની વિગતો**

| **ક્રમ** | **વિભાગ** | | **સંવર્ગ** | **કુલ જગ્યાઓ** | **જાહેરાત આપ્યા તારીખ** | **હાલની સ્થિતિ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | મહેસૂલ વિભાગ | | સર્વેયર | ૪૧૨ | ૧૦-૧૧-૨૦૨૩ | તા.૩/૩/૨૪ના રોજ ઓનલાઇન પરીક્ષાનું આયોજન |
| ૨ | મહેસૂલ વિભાગ | | સીનીયર સર્વેયર | ૯૭ | ૧૦-૧૧-૨૦૨૩ | બનતી ત્વરાએ |
| ૩ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | | પ્લાનીંગ આસીસ્ટન્ટ | ૬૫ | ૧૦-૧૧-૨૦૨૩ | તા.૩/૩/૨૪ના રોજ ઓનલાઇન પરીક્ષાનું આયોજન |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | | સર્વેયર | ૬૦ | ૧૦-૧૧-૨૦૨૩ | તા.૧૦/૩/૨૪ના રોજ ઓનલાઇન પરીક્ષાનું આયોજન |
| ૫ | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | | વર્ક આસીસ્ટન્ટ | ૫૭૪ | ૧૦-૧૧-૨૦૨૩ | તા.૧૦/૩/૨૪ના રોજ ઓનલાઇન પરીક્ષાનું આયોજન |
| ૬ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | ૬ | ૧૦-૧૧-૨૦૨૩ | બનતી ત્વરાએ |
| ૭ | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | | સ્ટરીલાઇઝર ટેકનીશીયન | ૧ | ૧૦-૧૧-૨૦૨૩ | બનતી ત્વરાએ |
| ૮ | નાણા વિભાગ | | કન્યાન તાંત્રિક મદદનીશ | ૧૭ | ૧૦-૧૧-૨૦૨૩ | બનતી ત્વરાએ |
| ૯ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | | ગ્રાફિક ડિઝાઇનર | ૪ | ૧૦-૧૧-૨૦૨૩ | તા.૩/૩/૨૪ના રોજ ઓનલાઇન પરીક્ષાનું આયોજન |
| ૧૦ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | | મશીન ઓવરશીયર | ૨ | ૧૦-૧૧-૨૦૨૩ | તા.૧૦/૩/૨૪ના રોજ ઓનલાઇન પરીક્ષાનું આયોજન |
| ૧૧ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | | વાયરમેન | ૫ | ૧૦-૧૧-૨૦૨૩ | બનતી ત્વરાએ |
| ૧૨ | ઉદ્યોગ અને ખાણ વિભાગ | | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | ૩ | ૧૦-૧૧-૨૦૨૩ | બનતી ત્વરાએ |
| **કુલ** | | | | **૧૨૪૬** | | |

મુખ્ય પેજ

**વર્ષ–૨૦૨૪માં જુદા–જુદા સંવર્ગની ૫૫૫૪ જગ્યાઓની ભરતીનું આયોજન :–**

- સરકારના વહીવટી તંત્રને વધુ મજબુત કરવા સરકારમાં ખાલી રહેલ વર્ગ–૩ની જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે અભ્યાન હાથ ધરેલું છે અને આ માટે સરકારના વિવિધ ખાતાઓમાં ખાલી રહેલ ૫૫૫૪ જગ્યાઓ ભરવા માટે મંડળ દ્વારા તારીખ: ૦૪.૦૧.૨૦૨૪ ના રોજ કોઈપણ વિષયમાં સ્નાતક હોય તેવી શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો પાસેથી Ojas Website પર Online Application તારીખ: ૩૧.૦૧.૨૦૨૪ સુધીમાં મંગાવવામાં આવેલ હતા.
- સામાન્ય વહીવટ વિભાગના તા/૧૮.૦૫૨૦૨૩ના ઠરાવથી / ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જુદાજુદા સંવર્ગની વિભાજીત કરીને આ બંને ગ્રુપની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ઉમેદવારો પાસેથી Ojas Website પર Online Application મંગાવીને સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા લેવાનું નકકી કરવામાં આવેલ છે. ગ્રુપ-A માં

| | |
|---|---|
| ૧. હેડ ક્લાર્ક<br>૨. સીનીયર ક્લાર્ક<br>૩. ઓફિસ આસિસ્ટન્ટ<br>૪. કલેક્ટર કચેરીના ક્લાર્ક | ૧૦.સમાજ કલ્યાણ નિરીક્ષક<br>૧૧.મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી<br>૧૨.સમાજ કલ્યાણ નિરીક્ષક |

મુખ્ય પેજ

| | |
|---|---|
| ૫. કાર્યાલય અધિક્ષક<br>૬. કચેરી અધિક્ષક<br>૭. સબ રજિસ્ટ્રાર, ગ્રેડ–૧<br>૮. સબ રજિસ્ટ્રાર, ગ્રેડ–૨<br>૯. સ્ટેમ્પ નિરીક્ષક | ૧૩.ગૃહમાતા<br>૧૪.ગૃહપતિ<br>૧૫.મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી<br>૧૬.મદદનીશ સમાજ કલ્યાણ અધિકારી<br>૧૭.ડેપો મેનેજર (ગોડાઉન મેનેજર)<br>૧૮.જુનીયર આસીસ્ટન્ટ |

## તથા ગ્રુપ-B

૧. જુનિયર ક્લાર્ક

૨. આસિસ્ટન્ટ / આસિસ્ટન્ટ ડેપો મેનેજર

ઉપર દર્શાવેલ ગ્રુપ–એ અને ગ્રુપ–બી ની જગ્યાઓ ભરવા માટે પ્રસિધ્ધ થયેલ જાહેરાત અન્વયે મંડળને Ojas Website પર ૫,૧૬,૦૦૦ ઉમેદવારોએ ઓનલાઈન અરજીઓ કરેલ છે. આ ૫,૧૬,૦૦૦ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પધ્ધિતથી એપ્રિલ–૨૦૨૪માં સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે. ગુજરાત રાજ્યના

જુદા–જુદા જિલ્લાઓમાં કોમ્પ્યુટર બેઝ પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ છે.

- આ સંયુકત પરીક્ષાના આધારે મેરીટ ધરાવતા ઉમેદવારોમાંથી ગ્રુપ-A ની જગ્યાઓ માટે જેટલી જગ્યાઓ ભરવાની હોય તેનાથી સાત ગણા ઉમેદવારોની મુખ્ય પરીક્ષા લેવામાં આવશે જેમાં ત્રણ લેખિત પ્રશ્નપત્રોની પરીક્ષા લેવામાં આવશે અને ગ્રુપ-B માં જેટલી જગ્યાઓ ભરવાની હોય તે સંખ્યાના સાત ગણા ઉમેદવારોને MCQ/OMR Base પરીક્ષા લેવાનું નકકી કરવામાં આવેલ છે.
- આ પરીક્ષામાં ઉમેદવારોની સંખ્યા વધુ હોવાના સંજોગામાં કોમ્પ્યુટર બેઝ પરીક્ષા એક કરતા વધુ દિવસોમાં લેવાની થાય છે અને તેના લીધે દરેક પરીક્ષામાં પેપરનો ડીફીકલ્ટી લેવલ એક સમાન જળવાઈ રહે તે મુજબનું પેપર સેટ કરવામાં આવે છે, આમ છતાં દરેક ઉમેદવારને ન્યાય મળી શકે તે હેતુથી પરીક્ષા પુર્ણ થયા બાદ Mean Standard Deviation Method થી ઉમેદવારોએ મેળવેલ માર્કસનું નોર્મલાઈઝેશન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- આ અગાઉ જુદી–જુદી ૨૨ કેડરની જુદી–જુદી જાહેરાત આપીને જુદી–જુદી પરીક્ષાનું આયોજન કરવામાં આવતુ હતુ. આ તમામ કેડરોમાં ઉમેદવારની શૈક્ષણિક લાયકાત કોઈપણ વિષયના સ્નાતક (એની ગ્રેજયુએટ) હોવાથી સામાન્ય વહિવટ વિભાગના

તારીખ: ૧૮.૦૨.૨૦૨૩ના નોટીફીકેશન મુજબ આ તમામ કેડરોની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા લેવાનું આયોજન કરવામાં આવેલ છે અને ત્યારબાદ ગ્રુપ–A અને ગ્રુપ–B ની જગ્યાઓ માટે ૦૭ ગણા ઉમેદવારોની અલગ અલગ પરીક્ષા રાખવામાં આવશે. નવી પરીક્ષા પદ્દિત્તથી મંડળ દ્વારા જુદા જુદા સંવર્ગની ૨૨ વખત પરીક્ષા લેવી પડતી હતી તેની જગ્યાએ બે સ્ટેજમાં જ ઉમેદવારોની પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જેથી પરીક્ષા દરમ્યાન થતો વહિવટી ખર્ચ અને ખુબ મોટી માત્રામાં સરકારી અધિકારીઓ અને કર્મચારીઓની સેવા લેવાનું પણ થતુ હતુ તેમાં નોંધપાત્ર ઘટાડો થઈ શકે છે. તદ્ઉપરાંત જુદા–જુદા સંવર્ગની અલગ અલગ પરીક્ષાની ભરતી પ્રક્રીયામાં વધુ વખત પરીક્ષાઓ લેવાનું, વધુ વખત ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવાનું અને વધુ વખત પસંદગી યાદી બનાવવાની કાર્યવાહી કરવી પડતી હતી તેના બદલે સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાથી પદ્ધતિ ખુબ સરળ, ઝડપી થશે અને વહિવટી ખર્ચમાં ઘટાડો થશે.

## ❖ **કોમપ્યુટર બેઝ પરીક્ષા પદ્દિત :–**

- આ અગાઉ મંડળની પરીક્ષાઓ MCQ/OMR Based લેખિત પરીક્ષા લેવામાં આવતી હતી, તેના બદલે હવે ઉમેદવારોને કોમ્પ્યુટર લેબના પરીક્ષા કેન્દ્રોમાં કોમ્પ્યુટર ઉપર પરીક્ષા આપવાની હોય છે .આ પરીક્ષા દરમિયાન ઉમેદવારોની ઓળખ માટે ઓનલાઈન અરજીના ફોટા સાથે સરખામણી કરવામાં આવે છે. તદ્ઉપરાંત પરીક્ષા કેન્દ્ર પર ઉમેદવારની બાયોમેટ્રીક (ફીંગર અને આયરીસ) તથા ઉમેદવારનો ફોટો પણ કેપ્ચર કરવામાં આવે છે. આ ભરતી પ્રક્રીયાના નિમણુંક સુધીના તમામ સ્ટેજે બાયોમેટ્રીક ડેટાની સાથે ઉમેદવારનું વેરીફીકેશન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિત માટે ઉમેદવારને આ પરીક્ષા પદ્દિતથી વાકેફ કરવા માટે મંડળની વેબસાઈટ પર મોક ટેસ્ટની લીંક રાખવામાં આવે છે જેના આધારે ઉમેદવાર કોમ્પ્યુટર બેઝ પરીક્ષાની પદ્દિતની પ્રેકટીસ કરીને તેની જાણકારી મેળવી શકે છે.
- કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતમાં પરીક્ષા કેન્દ્ર ખાતે રજીસ્ટ્રેશન કર્યા બાદ કોમ્પ્યુટર ફાળવવામાં આવે છે અને નિયત થયેલ પરીક્ષા સમય પર ઉમેદવારને આપવામાં આવેલ આઈ.ડી. અને પાસવર્ડથી લોગીન થયા બાદ જ ઉમેદવારના કોમ્પ્યુટર સ્ક્રીન પર પરીક્ષાનું પેપર પ્રકાશિત થાય છે.

મુખ્ય પેજ

- દરેક પરીક્ષા કેન્દ્ર સી.સી.ટી.વી. કેમેરાથી સુસજ્જ હોય છે અને આ તમામ પરીક્ષા કેન્દ્રનું સી.સી.ટી.વી. કેમેરાના રેકોર્ડીંગનું બેકઅપ મંડળ ખાતે સાચવી રાખવામાં આવે છે.
- ઉમેદવારોની સંખ્યા વધુ હોવાના સંજોગામાં કોમ્પ્યુટર બેઝ પરીક્ષા એક કરતા વધુ દિવસોમાં લેવાની થાય છે અને તેના લીધે દરેક પરીક્ષામાં પેપરનો ડીફીકલ્ટી લેવલ એકસમાન જળવાઈ રહે તે મુજબનું પેપર સેટ કરવામાં આવે છે, આમ છતાં દરેક ઉમેદવારને ન્યાય મળી શકે તે હેતુથી પરીક્ષા પુર્ણ થયા બાદ Mean Standard Deviation Method થી ઉમેદવારોએ મેળવેલ માર્કસનું નોર્મલાઈઝેશન કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- પરીક્ષાના ઉમેદવારોનું મેરીટ બનાવવા માટે નોર્મલાઈઝેશનની આ પદ્દિત ભારત સરકારના રેલ્વે રીક્રુટમેન્ટ બોર્ડ અને ભારત સરકારના સ્ટાફ સીલેકશન કમીશન જેવા ભરતી મંડળોમાં અપનાવવામાં આવે છે.
- દરેક પરીક્ષા કેન્દ્ર પર પુરતો પોલીસ બન્દોબસ્ત રાખવામાં આવે છે.
- કોમ્પ્યુટર બેઝ પરીક્ષાના પરીક્ષા કેન્દ્ર પર એજન્સીના ટેકનીશ્યન તથા આ પરીક્ષાનું સંપુર્ણ દેખરેખ અને મોનીટરીંગ કરવા માટે દરેક પરીક્ષા કેન્દ્ર પર સરકારના ક્લાસ−૧ અને ક્લાસ−૨ કક્ષાના બે અધિકારીઓની ઓબ્ઝર્વર તરીકે નિમણુંક કરવામાં આવે છે.

મુખ્ય પેજ

- કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્ધતિથી ડિસેમ્બર–૨૦૨૩માં નર્મદા અને જળસંપત્તિ વિભાગના અધિક મદદનીશ ઈજનેરની ભરતી કરવા માટે પરીક્ષા લેવામાં આવી હતી. તેમાં ઉમેદવારોનો ખૂબ સારો પ્રતિસાદ પણ મળેલ છે. કોમ્પ્યુટર બેઝ પરીક્ષા કરવામાં રીઝલ્ટ પણ સમયસર ખૂબ ઝડપથી મેળવી શકાય છે.

[મુખ્ય પેજ]

**ઉમેદવારો પાસેથી રીફંડેબલ પરીક્ષા ફી લેવા બાબત :–**

- સામાન્ય વહિવટ વિભાગના તારીખ: ૩૧.૦૮.૨૦૨૩ ના અને તારીખ: ૩૧.૦૧.૨૦૨૪ના પત્રથી સીધી ભરતીની તમામ પરીક્ષાઓ માટે ઉમેદવારો પાસેથી રીફંડેબલ પરીક્ષા ફી લેવા બાબતે જોગવાઈ કરવામાં આવેલ છે.

| **ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળની તમામ સીધી ભરતીની પરીક્ષાઓની પરીક્ષા ફી** | | |
|---|---|---|
| | બિન અનામત વર્ગ | **અનામત વર્ગ** (મહિલા, સા.શૈ.પ.વ., અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, આ.ન.વ, દિવ્યાંગ અને એક્સ સર્વિસમેન ઉમેદવારો) |
| પ્રાથમિક પરીક્ષા | રૂ. ૫૦૦/– | રૂ. ૪૦૦/– |
| મુખ્ય પરીક્ષા | રૂ. ૬૦૦/– | રૂ. ૫૦૦/– |
| The fees paid shall be refunded to those candidates who appear for the examination. | | |

- જે ઉમેદવાર પરીક્ષામાં હાજર રહે છે તે ઉમેદવારને પરીક્ષા પુર્ણ થયા બાદ હાજરીપત્રક પ્રમાણે હાજર રહેનાર ઉમેદવારોને તેઓએ ભરેલ ફી પરત (રીફંડ) કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે.
- આ અગાઉ મંડળની પરીક્ષાઓ આપવા માટે ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી પોસ્ટલ ઓર્ડરના માધ્યમથી લેવામાં આવતી હતી. સામાન્ય વહીવટ વિભાગના નોટીફિકેશન મુજબ પરીક્ષા ફી માં ફેરફાર કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

સામાન્ય કેટેગરીના ઉમેદવારો પાસેથી રુ.૫૦૦/-(રૂપિયા પાંચસો) અને અનામત કેટેગરીના ઉમેદવારો પાસેથી રુ.૪૦૦/-રૂપિયા ચારસો) પરીક્ષા ફી Online Payment થી લેવાનું નકકી કરવામાં આવેલ છે. જે ઉમેદવાર પરીક્ષામાં હાજર રહે તે ઉમેદવારને આ પરીક્ષા ફી રીફન્ડ કરવા માટે પણ મંડળ દ્ધારા નિર્ણય કરવામાં આવેલ છે અને પરીક્ષામાં હાજર રહેનાર ઉમેદવારને પરીક્ષા ફી રીફન્ડ થઇ જાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આમ કરવા પાછળનો હેતુ એ છે કે જે ઉમેદવાર પરીક્ષા આપવા માટે તત્પર હોય અને તૈયાર હોય તે જ પરીક્ષા ફી ભરે. જેથી ઉમેદવારોની સંખ્યા નિયંત્રિત થવાથી સારી રીતે અને સુરક્ષિત રીતે પરીક્ષાનું આયોજન થઇ શકે. અગાઉ નજીવી ફી અથવા તો ફી વિના Application સ્વીકારવાની પ્રથા અમલમાં હતી ત્યારે ઉમેદવારો પરીક્ષા માટે તૈયાર ન હોવા છતાં મોટી સંખ્યામાં ફોર્મ ભરતા અને પરીક્ષા સમયે ૫૦ ટકા કરતાં પણ ઓછા ઉમેદવારો પરીક્ષા આપવા આવતા હતા. મંડળે ખૂબ મોટી સંખ્યામાં ઉમેદવારો માટે પરીક્ષાની બેઠક વ્યવસ્થા કરવાની થતી હતી અને પરીણામે પરીક્ષા કેન્દ્રોની સંખ્યા પણ વધતી હતી અને તેથી તાલુકા કક્ષાની સ્કુલોમાં પણ પરીક્ષા કેન્દ્રો ફાળવવાના થતા હતા અને પરિણામે ખુબ મોટો ખર્ચ પણ થતો હતો.

- રીફંડેબલ પરીક્ષા ફી ઉમેદવારો પાસેથી ઓનલાઈન પેઈમેન્ટના માધ્યમથી લેવામાં આવેલ છે અને પરીક્ષા પુર્ણ થયા બાદ ૨-૩ અઠવાડીયામાં પરીક્ષામાં ઉપસ્થિત રહેલ ઉમેદવારોને તેઓના દ્ધારા ભરવામાં આવેલ પરીક્ષા ફી પરત (રીફંડ) કરવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ માટે મંડળે સ્ટેટ બેંક ઓફ ઈન્ડીયા સાથે નેશનલ

ઈન્ફોર્મેશન સેન્ટર (NIC) ના પરામર્શમાં જરૂરી કાર્યપ્રણાલી વ્યવસ્થાપિત કરી દીધેલ છે.

## ગેરરીતીના કેસ

૧. **જાહેરાત ક્રમાંકઃ ૧૯૨/૨૦૨૦૨૦૨૧, અધિક મદદનીશ ઈજનેર (યાંત્રિક), વર્ગ–૩ સંવર્ગની સીધી ભરતી :–**

નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હસ્તકની તથા ગુજરાત મેરીટાઈમ બોર્ડના **અધિક મદદનીશ ઈજનેર (યાંત્રિક),** વર્ગ–૩ સંવર્ગની કુલ– ૫૩ જગ્યાઓ જાહેરાત ક્રમાંકઃ ૧૯૨/૨૦૨૦૨૧ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી.

આ માટે **કુલ–૧૦૦૦૫** ઉમેદવારોની પ્રથમ તબક્કાની MCQ-OMR પદ્ધતિની સ્પર્ધાત્મક લેખિત કસોટી **તાઃ ૦૩/૧૦/૨૦૨૧** ના રોજ યોજવામાં આવેલ હતી. પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટીને અંતે ઉમેદવારોએ મેળવેલ ગુણના મેરીટસ તથા કેટેગરીવાઈઝ ભરવાની થતી જગ્યાઓના આધારે બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ માટે લાયક (કવોલીફાય) થયેલ **કુલ–૧૫૩** ઉમેદવારોની બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ તા.૨૬/૦૬/૨૦૨૨ ના રોજ યોજવામાં આવેલ હતી. તા. ૦૯/૦૮/૨૦૨૨ ના રોજ **કુલ– ૧૦૧** સંભવિત ઉમેદવારોની યાદી તૈયાર કરી પ્રસિદ્ધ કરવામાં આવેલ હતી. ઉકત યાદીમાં સમાવેશ થયેલ ઉમેદવારોના ઓનલાઈન અપલોડ કરેલ પ્રમાણપત્રોની ચકાસણી કરવામાં આવેલ હતી.

**તા. ૦૪/૧૦/૨૦૨૨ ના રોજ આખરી પરિણામ પ્રસિદ્ધ કરવામાં આવેલ હતું. આ પરિણામ સામે આક્ષેપિત અરજીઓ ધ્યાને લેતા કુલ–૧૧ ઉમેદવારોના પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ**

**ગુણ અનુસાર શંકાસ્પદ જણાતાં તેઓની OMR - FSL** માં ચકાસણી માટે મોકલવામાં આવેલ હતી. FSL ના રીપોર્ટ મુજબ કુલ– ૧૧ ઉમેદવારોની OMR શંકાસ્પદ જણાતાં કુલ– ૧૧ ઉમેદવારોની ભલામણ બાકી રાખવામાં આવેલ હતી. તા. ૦૪/૧૦/૨૦૨૨ ના રોજ આખરી પરિણામ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જેમાં ૫૩ ઉમેદવારોની યાદી પૈકી ૧૧– ઉમેદવારોને બાકી રાખીને કુલ– ૪૨ ઉમેદવારોની નિમણુંક માટે ભલામણ કરવામાં આવેલ છે.

**૨. જાહેરાત ક્રમાંકઃ ૧૮૧/૨૦૧૯૨૦, મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી,વર્ગ–૩**

- આદિજાતિ વિકાસ વિભાગના નિયંત્રણ હેઠળની નિયામકશ્રી, આદિજાતિ વિકાસ, ગાંધીનગરની "મદદનીશ આદિજાતિ વિકાસ અધિકારી" વર્ગ–૩ સંવર્ગની ૧૧૪ જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે તારીખ: ૧૭.૦૭.૨૦૨૧ ના રોજ MCQ/OMR પદ્દિતથી લેખિત પરીક્ષાનું આયોજન કરવામાં આવેલ હતુ.
- તારીખ: ૧૬.૧૦.૨૦૨૧ના રોજ લેખિત પરીક્ષાનું પરિણામ જાહેર કરીને ૩૫૦ ઉમેદવારોની તારીખ: ૧૬.૧૧.૨૦૨૧ના રોજ કોમ્પ્યુટર પ્રોફેસન્સી ટેસ્ટ લેવામાં આવે હતી.
- ૧૬૮ ઉમેદવારોનું ડોક્યુમેન્ટસ વેરીફીકેશન તારીખ: ૦૪.૦૧.૨૦૨૨ અને તારીખ: ૦૫.૦૧.૨૦૨૨ ના રોજ કરવામાં આવ્યુ હતુ.

[મુખ્ય પેજ]

➢ તારીખ: ૨૫.૦૨.૨૦૨૧ના રોજ ૧૧૪ ઉમેદવારોની પસંદગી યાદી અને ૨૬ ઉમેદવારોની પ્રતિક્ષાયાદી મંડળની વેબસાઈટ પર પ્રસિદ્ધ કરવામાં આવી હતી.

➢ ત્યારબાદ પ્રસ્તુત સીધી ભરતી પ્રક્રિયા સંદર્ભે ઉમેદવારો તરફથી પસંદગી યાદી પરના કુલ–૦૮ તથા પ્રતિક્ષાયાદી પરના કુલ–૦૩ મળી ૧૧ (અગિયાર) ઉમેદવારો વિરૂદ્ધ ફરીયાદ/અરજી મળતાં આ ફરીયાદ/રજુઆત અન્વયે પસંદગીયાદીના કુલ–૦૮ ઉમેદવારો જેઓની સામે ફરીયાદ/અરજી મળેલ છે તેને બાકી રાખી કુલ–૧૦૬ પસંદગી પામેલ ઉમેદવારોની નિમણૂક માટે ભલામણપત્ર મંડળના તા. ૩૧/૦૫/૨૦૨૨ના પત્રથી આદિજાતિ વિકાસ વિભાગને મોકલી આપેલ હતો.

➢ કુલ–૧૧ ઉમેદવારો વિરૂદ્ધ મળેલ રજુઆત/ફરીયાદના અનુસંધાને માન. અધ્યક્ષશ્રી દ્વારા શંકાસ્પદ ૧૧ ઉમેદવારોની OMR નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટીને તા.૩૧/૦૫/૨૦૨૨ના પત્રથી ચકાસણી માટે મોકલી આપેલ હતાં.

➢ નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી આપેલ પરીક્ષણ અહેવાલને ધ્યાને લઈ શંકાસ્પદ ૧૧ ઉમેદવારો વિરૂદ્ધ તપાસ કરવા માટે માન. અધ્યક્ષશ્રી દ્વારા ગૃહ વિભાગને નોંધ દ્વારા જણાવતાં ગુજરાત સરકારના તા. ૧૮/૧૨/૨૦૨૩ના પત્રથી પ્રસ્તુત તપાસ અધિક પોલીસ મહાનિર્દેશકશ્રી, સી.આઇ.ડી. (ક્રાઇમ અને

[મુખ્ય પેજ]

રેલ્વેઝ), ગુજરાત રાજય, ગાંધીનગરને સુપ્રત કરેલ છે. જે તપાસ હાલ પ્રગતિમાં છે.

- પ્રસ્તુત ૧૧ શંકાસ્પદ ઉમેદવારો પૈકી એક ઉમેદવારએ નામદાર ગુજરાત હાઈકોર્ટમાં એસસીએ/૧૧૮૯૨/૨૦૨૨ દાખલ કરેલ હતી. જે બાબતે મંડળ દ્વારા નામદાર ગુજરાત હાઈકોર્ટને પ્રસ્તુત કેસમાં પોલીસ તપાસની કાર્યવાહી ચાલુ હોવાની રજુઆત કરતાં, નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા તા. ૧૯/૧૨/૨૦૨૩ના રોજ આપેલ ચુકાદામાં પોલીસ તપાસ છ માસમાં પૂર્ણ કરવા તથા તપાસના અંતે આવેલ પરીણામ આધારે નિર્ણય કરવાનો નિર્દેશ આપી, અરજદારની અરજીનો નિકાલ કરવામાં આવેલ હતો.
- ઉકત હકીકત ધ્યાને લેતાં હાલ ૧૧ શંકાસ્પદ ઉમેદવારો વિરૂદ્ધ મળેલ ફરીયાદ/અરજીના અનુસંધાને પોલીસ તપાસ ચાલુ છે તથા આ બાબતે નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા આપેલ હુકમ મુજબ તા.૧૮/૦૬/૨૦૨૪ સુધીમાં પોલીસ તપાસની કાર્યવાહી પૂર્ણ કરીને તપાસના અંતે મળેલ અહેવાલ મુજબ કાર્યવાહી કરવાની રહે છે.

# <u>ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર</u>

❖ **<u>ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના મુખ્ય કાર્યો શું છે ?</u>**

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નીચે દર્શાવ્યા પ્રમાણેની પરીક્ષાઓ લેવામાં આવે છે:–

(૧) સરકારના વિવિધ વિભાગોની તેમજ ખાતાના વડાની કચેરીઓની ખાલી જગ્યાઓ ભરવા માટે **<u>સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ</u>**.

(૨) સરકારના કર્મચારીઓની બઢતી માટેની **<u>સેમી ડાયરેકટ પરીક્ષાઓ</u>**.

(૩) સરકારના કર્મચારીઓને ઉપલા સંવર્ગમાં બઢતી આપવા માટે પાસ કરવી પડતી **<u>ખાતાકીય પરીક્ષાઓ.</u>**

**૧. સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ** –

➢ ગુજરાત સરકારના વિભાગો અને ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ ભરવા માટે સરકાર તરફથી મળતા માંગણાપત્રકોના આધારે ગુજરાત ગૌણ સેવા મંડળ દ્વારા વર્ગ–૩ની જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપી, ઉમેદવારો પાસેથી OJAS WEBSITE પર ONLINE APPLICATION મંગાવવામાં આવે છે. ત્યારબાદ સ્પર્ધાત્મક પરીક્ષાઓનું આયોજન કરી કેટેગરી વાઈઝ મેરીટને આધારે ઉમેદવારોની સંબંધિત કચેરીઓમાં નિમણૂંક માટે ભલામણ પત્ર આપવામાં આવે છે.

મુખ્ય પેજ

➢ સને ૨૦૨૧, ૨૦૨૨ અને ૨૦૨૩માં નીચે દર્શાવ્યા પ્રમાણે સીધી ભરતીથી ઉમેદવારોને નિમણૂંક આપવા માટે ભલામણ કરવામાં આવેલ છે, તેની વિગતો નીચે મુજબ છે.

| ક્રમ | વર્ષ | ભરતી માટે કરેલ ભલામણ |
|---|---|---|
| ૧. | ૨૦૨૧ | ૨૨૭૧ |
| ૨. | ૨૦૨૨ | ૨૪૫૨ |
| ૩. | ૨૦૨૩ | ૪૫૫૧ |
| ૪. | ફેબ્રુઆરી–૨૦૨૪ સુધીમાં | ૩૭૩ |

| મંડળ દ્વારા સને–૨૦૨૧ માં નિમણૂક માટે કરેલ ભલામણ અંગેની વિગતો દર્શાવતુ પત્રક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| અ.નં. | જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | જગ્યાની વિગત | ખાતાના વડાની કચેરી | વિભાગ | ભલામણ તારીખ |
| ૧ | 146.201819 | લેબૉરેટરી ટેકનીશીયન | ૧૬ | કામદાર રાજ્ય વિમા યોજના | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | 09.08.2021 |
| ૨ | 149.201819 | ટેકનીકલ આસીસ્ટન્ટ | ૨૦ | કુટીર અને ગ્રામદ્યોગ કમિશનરશ્રીની કચેરી | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 19.04.2021 |
| ૩ | 152.201819 | અધિક મદદનીશ ઈજનેર (વિદ્યુત) | ૧૧ | માર્ગ અને મકાન વિભાગ, વર્તુળ(વિદ્યુત), ગાંધીનગર | માર્ગ અને મકાન વિભાગ | 19.08.2021 |
| ૪ | 153.201819 | અધિક મદદનીશ ઈજનેર (સીવીલ) | ૧૪૩ | અધિક્ષક ઇજનેરશ્રી આલેખન વર્તુળ, ગુજરાત મેરીટાઇમ બોર્ડ | ROAD AND BUILDING DEPARTMENT . PORTS AND TRANSPORT DEPARTMENT | 10.11.2021 |
| ૫ | 154.201819 | એગ્રીકલ્ચર ઓવરશીયર | ૩ | માર્ગ અને મકાન વિભાગ | માર્ગ અને મકાન વિભાગ | 04.01.2021 |
| ૬ | 155.201819 | સીનીયર ફાર્માસીસ્ટ | ૬ | કામદાર રાજ્ય વિમા યોજના | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | 31.07.2021 |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૭ | 156.201819 | આસીસ્ટન્ટ ફાર્માસીસ્ટ | ૩ | નિયામકશ્રી ભારતીય તબીબીઅને હોમિયોપેથી કચેરી | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | 02.07.2021 |
| ૮ | 157.201819 | લાઇબ્રેરીયન | ૪ | નિયામકશ્રી ભારતીય તબીબીઅને હોમિયોપેથી કચેરી | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | 04.01.2021 |
| ૯ | 158.201819 | ફિઝિયો થેરાપીસ્ટ . ટયુટર કમ ફિઝિયો થેરાપીસ્ટ | ૧૩ | નિયામકશ્રી તબીબી શિક્ષણ અને સંશોધન, ગાંધીનગર | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | 04.01.2021 |
| ૧૦ | 160.201819 | મિકેનીક | ૭ | નિયામકશ્રી સરકારી મુઇદ્રણ અને લેખન સામગ્રી | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 23.08.2021 |
| ૧૧ | 162.201819 | આસીસ્ટન્ટ બાઈન્ડર | ૯ | નિયામકશ્રી સરકારી મુઇદ્રણ અને લેખન સામગ્રી | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 10.08.2021 |
| ૧૨ | 163.201819 | આસીસ્ટન્ટ મશીનમેન | ૨૩ | નિયામકશ્રી સરકારી મુઇદ્રણ અને લેખન સામગ્રી | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 02.07.2021 |
| ૧૩ | 164.201819 | ઈકોનોમીક ઈન્વેસ્ટીગેટર | ૪ | કુટીર અને ગ્રામદ્યોગ કમિશનરશ્રીની કચેરી | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 07.10.2021 |
| ૧૪ | 165.201819 | સબ ઓવરશીયર (પેટા સર્વેક્ષક) | ૪ | નિયામકશ્રી પુરાતત્વ અને સંગ્રહાલય | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | 02.07.2021 |
| ૧૫ | 166.201819 | સહાયક તકનીકી | ૨ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ | 07.10.2021 |
| ૧૬ | 167.201819 | ઈન્સ્ટ્રક્ટર. (મીકેનીકલ ગ્રુપ) | ૫૦૦ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 03.08.2021 |
| ૧૭ | 168.201819 | ઈન્સ્ટ્રક્ટર – (ફેબ્રીકેશન ગ્રુપ) | ૧૫૦ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 06.07.2021 |
| ૧૮ | 169.201819 | ઈન્સ્ટ્રક્ટર – (રેફ્રીજરેશન એંડ એરકંડીશનીંગ ગ્રુપ) | ૫૦ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 04.06.2021 |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૧૯ | 170.201819 | ઈન્સ્ટ્રક્ટર – (ઈલેક્ટ્રીકલ ગ્રુપ) | ૫૫૦ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 03.07.2021 |
| ૨૦ | 172.201819 | ઈન્સ્ટ્રક્ટર – (ઈન્સ્ટુમેંટેશન ગ્રુપ) | ૪૬ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 16.06.2021 |
| ૨૧ | 173.201819 | ઈન્સ્ટ્રક્ટર – (સિવિલ કન્સ્ટ્રકશન એન્ડ ઈન્ફ્રાસ્ટ્રક્ચર ગ્રુપ) | ૬૭ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 05.03.2021 |
| ૨૨ | 174.201819 | ઈન્સ્ટ્રક્ટર – (ઓટોમોબાઈલ ગ્રુપ) | ૩૦૦ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 02.08.2021 |
| ૨૩ | 175.201819 | ઈન્સ્ટ્રક્ટર – (કેમીકલ ગ્રુપ) | ૯૦ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 05.03.2021 |
| ૨૪ | 177.201819 | ઈન્સ્ટ્રક્ટર . કોમ્પ્યુટર | ૨૫૦ | નિયામકશ્રી રોજગાર અને તાલીમ નિયામકની કચેરી | શ્રમ, કૌશલ્ય સહાયક અને રોજગાર વિભાગ | 13.07.2021 |
| | | | ૨૨૭૧ | | | |

| મંડળ દ્વારા સને.૨૦૨૨ માં નિમણૂક માટે કરેલ ભલામણ અંગેની વિગતો દર્શાવતુ પત્રક | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ક્રમ | જાહેરાત ક્રમાંક | સંવર્ગનું નામ | જગ્યાની વિગત | ખાતાના વડાની કચેરી | વિભાગ | ભલામણ તારીખ |
| ૧ | 148.201819 | માઈન્સ સુપરવાઈઝર | ૪૦ | નાયબ નિયામકશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી, ગાંધીનગર | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 02.03.2022 |
| ૨ | 159.201819 | લેબૉરેટરી આસીસ્ટન્ટ | ૧૧૫ | : (1) DIRECTOR, MEDICAL EDUCATION AND RESEARCH, GANDHINAGAR (2) DIRECTOR, MEDICAL SERVICE, GANDHINAGAR) | આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ | 02.03.2022 |
| 3 | 161.201819 | સર્વેયર | ૨૫ | નાયબ નિયામકશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી, ગાંધીનગર | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 01.02.2022 |

મુખ્ય પેજ

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| ૪ | 191.202021 | સિનીયર સાયન્ટીફિક આસીસ્ટન્ટ | 30 | મુખ્ય ઈજનેર અને નિયામક ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા, વડોદરા | નર્મદા, જળ સંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 02.09.2022 |
| ૫ | 192.202021 | અધિક મદદનીશ ઈજનેર (યાંત્રિક) | ૫૩ | નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | નર્મદા, જળસંપત્તિ પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ | 04.10.2022 |
| ૬ | 193.202021 | કેમિકલ આસીસ્ટન્ટ | ૬ | નાયબ નિયામકશ્રી ભુસ્તર વિજ્ઞાન અને ખનીજની કચેરી, ગાંધીનગર | ઉદ્યોગ અને ખાણ વિભાગ | 13.09.2022 |
| ૭ | 194.202021 | બાગાયત નિરીક્ષક | ૧૨ | સંયુકત નિયામકશ્રી બાગાયત નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર | કૃષિ , ખેડુત, કલ્યાણ અને સહકાર વિભાગ | 19.09.2022 |
| ૮ | 195.202021 | સેનેટરી ઈન્સ્પેકટર | ૧૦ | અધિક નિયામકશ્રી, તબીબી શિક્ષણ અને સંશોધન કચેરી, ગાંધીનગર | આરોગ્ય અને પરીવાર કલ્યાણ વિભાગ | 19.09.2022 |
| ૯ | 196.202021 | વાયરમેન | ૨૦ | અધિક નિયામકશ્રી, અધિક્ષક ઈજનેરશ્રી (વિદ્યુત)ની કચેરી, ગાંધીનગર | માર્ગ અને મકાન વિભાગ | 14.09.2022 |
| ૧૦ | 197.202021 | મેનેજર, ગ્રેડ.૨ (અતિથિ ગૃહ. વિશ્રામ ગૃહ વ્યવસ્થાપક) | ૨ | અતિથિ ગૃહ. વિશ્રામ ગૃહ | માર્ગ અને મકાન વિભાગ | 19.09.2022 |
| ૧૧ | ૧૯૦.૨૦૨૦.૨૧ | હેડ કલાર્ક | ૧૮૬ | વિભાગોની ૧૬. HOD | સચિવાલયના વિભાગો | 22.08.2022 |
| ૧૨ | ૧૮૫.૨૦૧૯.૨૦ | સિનિયર કલાર્ક | ૧૪૯૭ | વિભાગોની ૩૧.HOD | સચિવાલયના વિભાગો | 30.09.2022 |
| ૧૩ | ૧૮૯.૨૦૨૦.૨૧ | સબ ઓડિટર. પેટા હિસાબનીશ | ૩૨૦ | હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર | નાણા વિભાગ | 16.09.2022 |
| ૧૪ | ૧૮૪.૨૦૧૯૨૦ | હિસાબનીશ.ઓડિટર | ૩૦ | હિસાબ અને તિજોરી નિયામકશ્રીની કચેરી, ગાંધીનગર | નાણા વિભાગ | 31.05.2022 |

[મુખ્ય પેજ](#)

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| **૧૫** | **૧૮૧.૨૦૧૯.૨૦** | **મદદનીશ આદિજાતી વિકાસ અધિકારી** | **૧૦૬** | **કમિશ્નરશ્રી આદિજાતી વિકાસની કચેરી** | **આદિજાતી વિકાસ વિભાગ** | **31.05.2022** |
| | | | **૨૪૫૨** | | | |

**મંડળ દ્વારા સને.૨૦૨૩ માં નિમણૂક માટે કરેલ ભલામણ અંગેની વિગતો દર્શાવતુ પત્રક**

| **અ.નં.** | **જાહેરાત ક્રમાંક** | **સંવર્ગનું નામ** | **જગ્યાની વિગત** | **ખાતાના વડાની કચેરી** | **વિભાગ** | **ભલામણ તારીખ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | ૧૫૦.૨૦૧૮.૧૯ | **સચિવાલયના ઓફિસ આસીસ્ટન્ટ અને બિન સચિવાલય ક્લાર્ક** | **૩૯૦૧** | વિભાગોની તમામ HOD તથા સચિવાલયના વિભાગો અને ગુજરાત જાહેર સેવા આયોગ | સચિવાલયના વિભાગો | **10.02.2023** |
| ૨ | ૨૦૨.૨૦૨૨૨૩ | **અંગ્રેજી સ્ટેનોગ્રાફર, ગ્રેડ.૨** | **૫૮** | સચિવાલયના વિભાગો તથા ખાતાના વડાઓ | સામાન્ય વહિવટ વિભાગ | **09.08.2023** |
| ૩ | ૧૮૮.૨૦૨૦.૨૧ | **હવાલદાર ઈન્સકટ્રર** | **૧૭** | નિયામકશ્રી હોમગાર્ડઝ | ગૃહ વિભાગ | **25.09.2023** |
| ૪ | ૧૮૭.૨૦૨૦.૨૧ | **સબ ઈંસ્પેકટર ઈન્સકટ્રર** | **૧૦** | ડાયરેક્ટર જનરલ હોમગાર્ડઝ | ગૃહ વિભાગ | **20.11.2023** |
| ૫ | ૯૯૬.૨૦૨૧.૨૨ | **વડોદરા મહાનગર પાલિકાના જુનિયર ક્લાર્ક** | **૫૫૨** | વડોદરા મહાનગર પાલિકા | શહેરી વિકાસ અને શહેરી ગ્રામ ગૃહ નિર્માણ | **20.12.2023** |
| ૬ | ૨૧૧.૨૦૨૨૩ | **મદદનીશ ગ્રંથપાલ** | **૧૩** | ગ્રંથપાલ નિયામકશ્રીની કચેરી | રમત ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ | **27.12.2023** |
| | | | **૪૫૫૧** | | | |

[મુખ્ય પેજ](#)

**મંડળ દ્વારા સને.૨૦૨૪ માં નિમણૂક માટે કરેલ ભલામણ અંગેની વિગતો દર્શાવતુ પત્રક**

| **ક્રમ** | **જાહેરાત ક્રમાંક** | **સંવર્ગનું નામ** | **જગ્યાની વિગત** | **ખાતાના વડાની કચેરી** | **વિભાગ** | **ભલામણ તારીખ** |
|---|---|---|---|---|---|---|
| ૧ | **૧૮૬.૨૦૨૦૨૧** | નાયબ નિરીક્ષક વર્ગ.૩ | ૪૩ | નશાબંધી અને આબકારી ખાતા | ગૃહ વિભાગ | **05.01.2024** |
| ૨ | **૨૦૫.૨૦૨૨૨૩** | જુનીયર સાયન્ટીફીક આસીસ્ટન્ટ | ૩૦ | મુખ્ય ઇજનેર અને નિયામક ગુજરાત ઇજનેરી સંશોધન સંસ્થા, વડોદરા | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | **10.01.2024** |
| ૩ | **૨૦૬.૨૦૨૨૨૩** | મ્યુનિસિપલ ઇજનેર | ૧૧૬ | નિયામકશ્રી, નગરપાલિકાઓની કચેરી ગાંધીનગર | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | **22.01.2024** |
| ૪ | **૨૦૮.૨૦૨૨૨૩** | રેખનકાર | ૪૮ | વિવિધ વર્તુળો અને કચેરીઓ | માર્ગ અને મકાન વિભાગ | **31.01.2024** |
| ૫ | **૨૦૧.૨૦૨૨૨૩** | ગુજરાતી સ્ટેનોગ્રાફર, ગ્રેડ.૨ | ૧૩૬ | સચિવાલયના વિભાગો, ખાતાના વડાઓ અને વિધાનસભા સચિવાલય | સામાન્ય વહીવટ વિભાગ | **02.02.2024** |
| | | | **૩૭૩** | | | |

મુખ્ય પેજ

## ૨. સેમી ડાયરેકટ પરીક્ષાઓ:

સરકારના કર્મચારીઓને પોતાની કચેરીમાં પ્રમોશનથી સીધી બઢતી મેળવવા માટે સેમી ડાયરેકટ પરીક્ષાઓ પાસ કરવાની હોય છે. છેલ્લા બે વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબની સેમી ડાયરેકટ પરીક્ષાઓ લેવામાં આવેલ છે.

| **વર્ષ ૨૦૨૨ (સેમી ડાયરેક્ટ )** | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| **ક્રમ** | **જાહેરાત ક્રમાંક** | **જગ્યાનું નામ** | **જગ્યાની સંખ્યા** | **કચેરી** | **વિભાગ** | **ભલામણ તારીખ** | **ભલામણ કરેલ ઉમેદવાર ની સંખ્યા** |
| ૧ | ૧૫૧. ૨૦૧૮૧૯ | **બિન હથીયારી પોલીસ સબ ઇંસ્પેક્ટર** | ૫૪૦ | પોલીસ મહાનિર્દેશક અને મુખ્ય પોલીસ અધિકારીશ્રીની કચેરી | **ગૃહ વિભાગ** | 31.07.2022 | ૪૦૧ |
| ૨ | ૧૯૮. ૨૦૨૨૨૩ | નર્સીંગ ટ્યુટર | ૧૩૩ | કમિશ્નરશ્રી, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (તબીબી વિભાગ) | **આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ** | નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા ભરતી પ્રક્રીયા સામે સ્ટે આપવામાં આવેલ છે. | |
| **વર્ષ ૨૦૨૩(સેમી ડાયરેક્ટ )** | | | | | | | |
| **ક્રમ** | **જાહેરાત ક્રમાંક** | **જગ્યાનું નામ** | **જગ્યાની સંખ્યા** | **કચેરી** | **વિભાગ** | **ભલામણ તારીખ** | **ભલામણ કરેલ ઉમેદવાર ની સંખ્યા** |
| ૧ | ૧૯૯. ૨૦૨૧૨૨ | **હિસાબનીશ** | ૮૦ | અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી, ગાંધીનગર | વન અને પર્યાવરણ વિભાગ | 22.06.2023 | ૬ |

મુખ્ય પેજ

## ૩. ખાતાકીય પરીક્ષા :

સરકારી કર્મચારીઓને ઉપલા સંવર્ગમાં બઢતી મેળવવા માટે ખાતાકીય પરીક્ષાઓ પાસ કરવાની રહે છે. મંડળ દ્વારા છેલ્લા બે વર્ષમાં નીચે દર્શાવ્યા મુજબની ખાતાકીય પરીક્ષાઓનું આયોજન કરવામાં આવેલ છે.

| ક્રમ | વર્ષ | કચેરીઓની સંખ્યા | ઉમેદવારોની સંખ્યા |
|---|---|---|---|
| ૧ | ૨૦૨૧ | ૨૬ | ૧૦૧૯૪ |
| ૨ | ૨૦૨૨ | ૨૨ | ૮૧૯૨ |
| ૩ | ૨૦૨૩ | ૨૮ | ૮૪૭૬ |

➢ મંડળ દ્વારા હાલમાં ભરતી અંગેની કેટલી જાહેરાતો કરવામાં આવેલ છે અને તે માટે શું આયોજન છે ?

➢ મંડળ દ્વારા નવેમ્બર, ૨૦૨૩ પછી નીચે મુજબની જાહેરાતો કરવામાં આવેલ છે.

| ક્રમ | જાહેરાત ક્રમાંક | વિભાગ | સંવર્ગ | જગ્યાઓ | ભરતી કરવા માટેનું આયોજન |
|---|---|---|---|---|---|
| ૧ | ૧. વનવિભાગ. ૨૦૨૨૨૩ | વન અને પર્યાવરણ વિભાગ | બીટગાર્ડ | ૮૨૩ | ફેબ્રુઆરી ૨૦૨૪માં કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્ઘતિથી |
| ૨ | ૨૧૨. ૨૦૨૩૨૪ | સરકારના વિભાગો અને ખાતાના વડાની કચેરીઓ | ગુજરાત ગૌણ સેવા, વર્ગ.૩ | ૫૨૦૨ | એપ્રિલ.૨૦૨૪માં સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા, કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્ઘતિથી |

મુખ્ય પેજ

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૩** | **૨૧૩. ૨૦૨૩૨૪** | મહેસૂલ વિભાગ | સર્વેયર | ૪૧૨ | ૦૩.૦૩.૨૦૨૪ ના રોજ CBRT પદ્ધતિથી પરીક્ષાનું આયોજન છે. |
| **૪** | **૨૧૪. ૨૦૨૩૨૪** | મહેસૂલ વિભાગ | સીનીયર સર્વેયર | ૯૭ | બનતી ત્વરાએ. |
| **૫** | **૨૧૫. ૨૦૨૩૨૪** | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | પ્લાનીંગ આસીસ્ટન્ટ | ૬૫ | ૦૩.૦૩.૨૦૨૪ ના રોજ CBRT પદ્ધતિથી પરીક્ષાનું આયોજન છે. |
| **૬** | **૨૧૬. ૨૦૨૩૨૪** | શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ | સર્વેયર | ૬૦ | ૧૦.૦૩.૨૦૨૪ ના રોજ CBRT પદ્ધતિથી પરીક્ષાનું આયોજન છે. |
| **૭** | **૨૧૭. ૨૦૨૩૨૪** | નર્મદા, જળસંપત્તિ, પાણીપુરવઠા અને કલ્પસર વિભાગ | વર્ક આસીસ્ટન્ટ | ૫૭૪ | ૧૦.૦૩.૨૦૨૪ ના રોજ CBRT પદ્ધતિથી પરીક્ષાનું આયોજન છે. |
| **૮** | **૨૧૮. ૨૦૨૩૨૪** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | ઓક્યુપેશનલ થેરાપીસ્ટ | ૬ | બનતી ત્વરાએ. |
| **૯** | **૨૧૯. ૨૦૨૩૨૪** | આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ | સ્ટરીલાઇઝર ટેકનીશીયન | ૧ | બનતી ત્વરાએ. |
| **૧૦** | **૨૨૦. ૨૦૨૩૨૪** | નાણા વિભાગ | કન્યાન તાંત્રિક મદદનીશ | ૧૭ | બનતી ત્વરાએ. |
| **૧૧** | **૨૨૧. ૨૦૨૩૨૪** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | ગ્રાફિક ડિઝાઇનર | ૪ | ૦૩.૦૩.૨૦૨૪ ના રોજ CBRT પદ્ધતિથી પરીક્ષાનું આયોજન છે. |

**મુખ્ય પેજ**

| | | | | | |
|---|---|---|---|---|---|
| **૧૨** | **૨૨૨. ૨૦૨૩૨૪** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | મશીન ઓવરશીયર | ૨ | ૧૦.૦૩.૨૦૨૪ ના રોજ CBRT પદ્ધતિથી પરીક્ષાનું આયોજન છે. |
| **૧૩** | **૨૨૩. ૨૦૨૩૨૪** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | વાયરમેન | ૫ | બનતી ત્વરાએ. |
| **૧૪** | **૨૨૪. ૨૦૨૩૨૪** | ઉદ્યોગ અને ખાણ વિભાગ | જુનીયર પ્રોસેસ આસીસ્ટન્ટ | ૩ | બનતી ત્વરાએ. |
| **૧૫** | **૨૨૬. ૨૦૨૩૨૪** | સામાન્ય વહીવટ વિભાગ | સંશોધન મદદનીશ. આંકડા મદદનીશ | ૧૮૮ | બનતી ત્વરાએ |

[મુખ્ય પેજ]

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૧૧

**પ્રશ્ન ક્રમાંક : ૧૫.૪.૬૩૬**

**તા.૦૮.૦૨.૨૦૨૪**

**સામાન્ય વહીવટ વિભાગ**

**માન.ધારાસભ્યશ્રી : અર્જુનભાઈ મોઢવાડીયા, પોરબંદર**

**પ્રશ્ન: ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા વિવિધ સંવર્ગવાર જગ્યાઓ ભરવા બાબત.**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવનાર જગ્યાઓની ભરતી માટે તા.૧૮.૦૫.૨૩ ના ઠરાવથી નિયત પ્રક્રિયા શું છે | શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા |
| ૨ | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના મુખ્ય કાર્યો શું છે ? | શ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા |
| ૩ | ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૨૦૨૪માં ભરતી કરવાનું શું આયોજન શું છે. | શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :. ૧૧**
**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:. ૧૫.૪.૬૩૬**
**સામાન્ય વહીવટ વિભાગ**
**તા.૦૮.૦૨.૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા)

➢ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ભરવામાં આવનાર જગ્યાઓની ભરતી માટે તા.૧૮.૦૫.૨૩ ના ઠરાવથી નિયત પ્રક્રિયા શું છે

**જવાબ:**

➢ સામાન્ય વહીવટ વિભાગના તા.૧૮.૫.૨૦૨૩ના ઠરાવથી ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા જુદાજુદા સંવર્ગની જગ્યાઓ માટે પગારધોરણના આધારે ગ્રુપ–A અને ગ્રુપ–B માં વિભાજીત કરીને આ બંને ગ્રુપની જગ્યાઓ સીધી ભરતીથી ભરવા માટે ઉમેદવારો પાસેથી ojas website પર online application મંગાવીને સંયુકત સ્પર્ધાત્મક પરીક્ષા લેવાનું નકકી કરવામાં આવેલ છે.

➢ આ સંયુકત પરીક્ષાના આધારે મેરીટ ધરાવતા ઉમેદવારોમાંથી ગ્રુપ.A ની જગ્યાઓ માટે જેટલી જગ્યાઓ ભરવાની હોય

મુખ્ય પેજ

તેનાથી સાત ગણા ઉમેદવારોની મુખ્ય પરીક્ષા લેવામાં આવશે જેમાં ત્રણ લેખિત પ્રશ્નપત્રોની પરીક્ષા લેવામાં આવશે અને ગ્રુપ–B માં જેટલી જગ્યાઓ ભરવાની હોય તે સંખ્યાના સાત ગણા ઉમેદવારોને MCQ.OMR base પરીક્ષા લેવાનું નક્કી કરવામાં આવેલ છે.

- ડિસેમ્બર.૨૦૨૩માં મંડળે સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ કોમ્પ્યુટર બેઝ રીસ્પોન્સ ટેસ્ટથી લેવા માટે એજન્સી સાથે એગ્રીમેન્ટ કરેલ છે.
- નર્મદા જળ સંપત્તિ, પાણી પુરવઠાના અધિક મદદનીશ ઈજનેર (સીવીલ) ની ૧૯૨ જગ્યા ભરવા માટે ગુજરાતના વિવિધ જિલ્લાઓમાં કોમ્પ્યુટર બેઝ રીસ્પોન્સ ટેસ્ટ સફળતાપૂર્વક લેવામાં આવી હતી. જેનું પરિણામ ટૂંક સમયમાં જાહેર કરવામાં આવશે.
- આ અગાઉ મંડળની પરીક્ષાઓ આપવા માટે ઉમેદવારો પાસેથી પરીક્ષા ફી પોસ્ટલ ઓર્ડરના માધ્યમથી લેવામાં આવતી હતી. સામાન્ય વહીવટ વિભાગના નોટીફિકેશન મુજબ પરીક્ષા ફી માં ફેરફાર કરવામાં આવેલ છે. સામાન્ય કેટેગરીના ઉમેદવારો પાસેથી રુ.૫૦૦..(રૂપિયા પાંચસો) અને અનામત કેટેગરીના ઉમેદવારો પાસેથી રુ.૪૦૦..(રૂપિયા ચારસો) પરીક્ષા ફી online payment થી લેવાનું નક્કી કરવામાં આવેલ છે. જે ઉમેદવાર પરીક્ષામાં હાજર રહે તે ઉમેદવારને આ

મુખ્ય પેજ

પરીક્ષા ફી રીફન્ડ કરવા માટે પણ મંડળ દ્વારા નિર્ણય કરવામાં આવેલ છે અને પરીક્ષામાં હાજર રહેનાર ઉમેદવારને પરીક્ષા ફી રીફન્ડ થઇ જાય તે માટેની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આમ કરવા પાછળનો હેતુ એ છે કે જે ઉમેદવાર પરીક્ષા આપવા માટે તત્પર હોય અને તૈયાર હોય તે જ પરીક્ષા ફી ભરે. જેથી ઉમેદવારોની સંખ્યા નિયંત્રિત થવાથી સારી રીતે અને સુરક્ષિત રીતે પરીક્ષાનું આયોજન થઇ શકે. અગાઉ નજીવી ફી અથવા તો ફી વિના application સ્વીકારવાની પ્રથા અમલમાં હતી ત્યારે ઉમેદવારો પરીક્ષા માટે તૈયાર ન હોવા છતાં મોટી સંખ્યામાં ફોર્મ ભરતા અને પરીક્ષા સમયે ૫૦ ટકા કરતાં પણ ઓછા ઉમેદવારો પરીક્ષા આપવા આવતા હતા. મંડળે ખૂબ મોટી સંખ્યામાં ઉમેદવારો માટે પરીક્ષાની બેઠક વ્યવસ્થા કરવાની થતી હતી અને પરીણામે પરીક્ષા કેન્દ્રોની સંખ્યા પણ વધતી હતી અને ખર્ચ પણ વધતો હતો. સરકારના વિભાગો અને ખાતાના વડાની કચેરીઓ માટે ગુજરાત ગૌણ સેવા વર્ગ.૩ની જુદાજુદા સંવર્ગની ભરતી કરવા માટે જાન્યુઆરી. ૨૦૨૪માં જાહેરાત આપીને ઉમેદવારો પાસેથી ojas website પર on line અરજીઓ મંગાવવામાં આવી હતી. આ પરીક્ષાનું આયોજન  કોમ્પ્યુટર બેઝ રીસ્પોન્સ ટેસ્ટ પધ્ધતિથી ગુજરાતના જુદાજુદા જિલ્લા મથકો ઉપર એપ્રિલ માસમાં કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

## ❖ કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્ધતિ

- આ અગાઉ મંડળની પરીક્ષાઓ MCQ.OMR based લેખિત પરીક્ષા લેવામાં આવતી હતી, તેના બદલે હવે ઉમેદવારોને કોમ્પ્યુટર લેબના પરીક્ષા કેન્દ્રોમાં કોમ્પ્યુટર ઉપર પરીક્ષા આપવાની હોય છે. આ પરીક્ષા દરમિયાન ઉમેદવારોની ઓળખ બાયોમેટ્રીક પદ્ધતિથી કરવામાં આવે છે તથા ઉમેદવારનો ફોટો પણ કેપ્ચર કરવામાં આવે છે.

- આ પરીક્ષા પદ્ધતિથી ડિસેમ્બર.૨૦૨૩માં અધિક મદદનીશ ઈજનેરની ભરતી કરવા માટે કોમ્પ્યુટર બેઝ પરીક્ષા લેવામાં આવી હતી. તેમાં ઉમેદવારોનો ખૂબ સારો પ્રતિસાદ પણ મળેલ છે. કોમ્પ્યુટર બેઝ પરીક્ષા કરવામાં રીઝલ્ટ પણ સમયસર ખૂબ ઝડપથી મેળવી શકાય છે. આમ, મંડળ ખાતે ૨૦૨૪માં ૮૦૦૦ કરતાં પણ વધારે જગ્યાઓની ભરતી કરવા માટે કોમ્પ્યુટર બેઝ પરીક્ષાઓનું આયોજન કરેલ છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્ન ૨ (શ્રી મહેશભાઈ કસવાલા, સાવરકુંડલા)

➢ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળના મુખ્ય કાર્યો શું છે ?

**જવાબ:**

➢ ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા નીચે દર્શાવ્યા પ્રમાણેની પરીક્ષાઓ લેવામાં આવે છે:–

(૧) સરકારના વિવિધ વિભાગોની તેમજ ખાતાના વડાની કચેરીઓની ખાલી જગ્યાઓ ભરવા માટે **સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ**.

(૨) સરકારના કર્મચારીઓની બઢતી માટેની **સેમી ડાયરેકટ પરીક્ષાઓ**.

(૩) સરકારના કર્મચારીઓને ઉપલા સંવર્ગમાં બઢતી આપવા માટે પાસ કરવી પડતી **ખાતાકીય પરીક્ષાઓ.**

## ૧. સીધી ભરતીની સ્પર્ધાત્મક પરીક્ષાઓ –

➢ ગુજરાત સરકારના વિભાગો અને ખાતાના વડાની કચેરીઓમાં વર્ગ–૩ સંવર્ગની જગ્યાઓ ભરવા માટે સરકાર તરફથી મળતા માંગણાપત્રકોના આધારે ગુજરાત ગૌણ સેવા મંડળ દ્વારા વર્ગ–૩ની જગ્યાઓ ભરવા માટે જાહેરાત આપી, ઉમેદવારો પાસેથી OJAS WEBSITE પર ONLINE APPLICATION મંગાવવામાં આવે છે. ત્યારબાદ સ્પર્ધાત્મક

મુખ્ય પેજ

પરીક્ષાઓનું આયોજન કરી કેટેગરી વાઈઝ મેરીટને આધારે ઉમેદવારોની સંબંધિત કચેરીઓમાં નિમણૂંક માટે ભલામણ પત્ર આપવામાં આવે છે.

**૨. સેમી ડાયરેકટ પરીક્ષાઓ:**

- સરકારના કર્મચારીઓને પોતાની કચેરીમાં પ્રમોશનથી સીધી બઢતી મેળવવા માટે સેમી ડાયરેકટ પરીક્ષાઓ પાસ કરવાની હોય છે.

**૩. ખાતાકીય પરીક્ષા :**

- સરકારી કર્મચારીઓને ઉપલા સંવર્ગમાં બઢતી મેળવવા માટે ખાતાકીય પરીક્ષાઓ પાસ કરવાની રહે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૩ (શ્રીમતી રીટાબેન પટેલ, ગાંધીનગર)

- ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા ૨૦૨૪માં ભરતી કરવાનું શું આયોજન શું છે.

**જવાબ:**

- સરકારના વહીવટી તંત્રને વધુ મજબુત કરવા સરકારમાં ખાલી રહેલ વર્ગ–૩ની જગ્યાઓ ભરવા માટે રાજ્ય સરકારે અભિયાન હાથ ધરેલું છે અને આ માટે સરકારના વિવિધ ખાતાઓમાં ખાલી રહેલ તમામ જગ્યાઓ ભરવા માટે ભરતી મંડળોને સુચનાઓ આપવામાં આવેલ છે. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા સને–૨૦૨૪ માટે સીધી ભરતીની જગ્યાઓ ભરવા માટેનું આયોજન જોઈએ તો...

| માસ | અયોજન |
|---|---|
| **જાન્યુઆરી–૨૦૨૪** | **૧.** સરકારના વિભાગો અને ખાતાના વડાની કચેરીઓ માટે વર્ગ–૩ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા માટે ઉમેદવારો પાસેથી જાહેરાત આપી અરજીઓ મંગાવી.<br>**૨.** સામાન્ય વહિવટ વિભાગના નિયમાકશ્રી અર્થશાસ્ત્ર અને આંકડાશાસ્ત્રની કચેરી માટે ૧૮૮ સંશોધન મદદનીશ અને આંકડા મદદનીશની જગ્યાઓ માટે જાહેરાત આપી અરજીઓ મંગાવી. |

મુખ્ય પેજ

| | |
|---|---|
| | **૩.** નશાબંધી અને આબકારી ખાતાના નાયબ નિરીક્ષક વર્ગ–૩ ની ભલામણ કરી.<br>**૪.** નિયામકશ્રી નગરપાલીકાની કચેરી (શહેરી વિકાસ વિભાગ) ની મ્યુનસિપલ ઈજનેરની ૮૮ જગ્યાઓ માટે ભલામણ કરી.<br>**૫.** માર્ગ અને મકાન વિભાગના રેખનકાર વર્ગ–૩ ની ૫૦ જગ્યાઓ માટે ભલામણ કરી.<br>**૬.** ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થાના જુનીયર સાઈન્ટીફીક ૩૦ જગ્યાઓ ભરવા માટે ભલામણ કરી.<br>**૭.** માર્ગ અને મકાન વિભાગના વર્ક આસિસટન્ટ વર્ગ–૩ની ૭૭૧ જગ્યા માટે મેરીટ ધરાવતા ૧૧૭૩ ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવું. |
| **ફેબ્રુઆરી–૨૦૨૪** | **૧.** સામાન્ય વહિવટ વિભાગ અને ખાતાના વડાની કચેરીઓ માટે ગુજરાતી સ્ટેનોગ્રાફર ગ્રેડ–૨, વર્ગ–૩ની ૧૫૬ જગ્યાઓ માટે ઉમેદવારોની ભલામણ કરી.<br>**૨.** નર્મદા જળસંપત્તિ વિભાગના અધિક મદદનીશ ઈજનેરની ૧૯૨ જગ્યા ભરવા માટે મેરીટ ધરાવતા ઉમેદવારોનું ડોક્યુમેન્ટ વેરીફીકેશન કરવું.<br>**૩.** માર્ગ અને મકાન વિભાગના વર્ક આસિસટન્ટ વર્ગ–૩ની ૭૭૧ જગ્યાઓનું રીઝલ્ટ આપવું.<br>**૪.** વન વિભાગના વન રક્ષક, વર્ગ–૩ ની ભરતી માટે ૪,૧૮,૦૦૦ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન. |

મુખ્ય પેજ

| | |
|---|---|
| **માર્ચ–૨૦૨૪** | **૧.** મહેસુલ વિભાગના સર્વેયર, વર્ગ–૩ની ૪૧૨ જગ્યાઓ માટે ૧૬,૭૮૩ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૨.** શહેરી વિકાસ વિભાગના પ્લાનીંગ આસિસટન્ટ, વર્ગ–૩ની ૬૫ જગ્યાઓ માટે ૧૫,૫૨૭ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૩.** શહેરી વિકાસ વિભાગના સર્વેયર, વર્ગ–૩ની ૬૦ જગ્યાઓ માટે ૧૨,૧૧૪ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૪.** નર્મદા અને જળ સંપત્તિ વિભાગના વર્ક આસિસટન્ટ, વર્ગ–૩ ની ૫૭૪ જગ્યાઓ માટે ૧૩,૦૧૬ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૫.** ઉદ્યોગ અને ખાણ વિભાગના ગ્રાફીક ડીઝાઈનર, વર્ગ–૩ ની ૪ જગ્યાઓ માટે ૧૬૪ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૬.** ઉદ્યોગ અને ખાણ વિભાગના મશીન ઓવરશીયર, વર્ગ–૩ ની ૨ જગ્યાઓ માટે ૮૬ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૭.** નાણાં વિભાગની ઓડીટર અને સબ–ઓડીટર, વર્ગ–૩ ની ૨૬૬ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૮.** સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગની પ્રોબેશન ઓફીસર, વર્ગ–૩ ની ૬૦ જગ્યાઓ માટે |

મુખ્ય પેજ

| | |
|---|---|
| | જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી. |
| **એપ્રિલ–૨૦૨૪** | **૧**. સચિવાલયના વિભાગો તથા ખાતાના વડાની કચેરીઓની ૫૫૫૪ જગ્યાઓ માટે માટે ૫,૧૬,૦૦૦ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પધ્દિતથી પરીક્ષાનું (ગ્રુપ- A તથા ગ્રુપ – B) ની સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષા આયોજન.<br>**૨.** કૃષિ વિભાગની એગ્રીકલ્ચર આસિસ્ટન્ટ, વર્ગ–૩ ની ૪૩૬ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૩.** કૃષિ વિભાગની હોર્ટીકલ્ચર આસિસ્ટન્ટ, વર્ગ–૩ ની ૩૮ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૪.** અન્ન અને નાગરિક વિભાગની જુનીયર ઈન્સપેક્ટર લીગલ મેટ્રોલોજી, વર્ગ–૩ ની ૬૦ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૫.** ઉધ્યોગ અને ખાણ વિભાગની આસિસ્ટન્ટ બાઈન્ડર, વર્ગ–૩ ની ૬૬ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી. |

મુખ્ય પેજ

| | |
|---|---|
| | **૬.** ઉદ્યોગ અને ખાણ વિભાગની આસિસ્ટન્ટ મશીનમેન, વર્ગ–૩ ની ૭૦ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૭.** ઉદ્યોગ અને ખાણ વિભાગની પ્રોસેસ આસિસ્ટન્ટ, વર્ગ–૩ ની ૦૩ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૮.** ઉદ્યોગ અને ખાણ વિભાગની કોપી હોલ્ડર, વર્ગ–૩ ની ૧૦ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી. |
| **મે–૨૦૨૪** | **૧.** મહેસુલ વિભાગના સિનિયર સર્વેયર, વર્ગ–૩ની ૯૭ જગ્યાઓ માટે ૨૨,૪૯૬ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૨.** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના ઓક્યુપેશનલ થેરાપીસ્ટ, વર્ગ–૩ની ૦૬ જગ્યાઓ માટે ૧૫૨ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૩.** આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના સ્ટરીલાઈઝર ટેકનીશીયન, વર્ગ–૩ની ૦૧ જગ્યાઓ માટે ૪,૮૬૨ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન. |

મુખ્ય પેજ

| | |
|---|---|
| | **૪.** નાણાં વિભાગના કન્યાન તાંત્રિક મદદનીશ, વર્ગ–૩ની ૧૭ જગ્યાઓ માટે ૧૦૩૭ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૫.** ઉદ્યોગ અને ખાણ વિભાગના વાયરમેન, વર્ગ–૩ની ૦૫ જગ્યાઓ માટે ૧૮૬૨ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૬.** ઉદ્યોગ અને ખાણ વિભાગના જુનીયર પ્રોસેસ આસિસ્ટન્ટ, વર્ગ–૩ની ૦૩ જગ્યાઓ માટે ૪૧ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન.<br>**૯.** શહેરી વિકાસ વિભાગની આસિસ્ટન્ટ(ટેકનીકલ), વર્ગ–૩ ની ૧૦ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૧૦.** શહેરી વિકાસ વિભાગની ફાયરમેન–કમ–ડ્રાઈવર, વર્ગ–૩ ની ૦૯ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૧૧.** શહેરી વિકાસ વિભાગની ગ્રાઉન્ડ સ્ટાફ/પંપ ઓપરેટર, વર્ગ–૩ ની ૦૨ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૧૨.** શહેરી વિકાસ વિભાગની ફોરમેન, વર્ગ–૩ ની ૦૧ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website |

મુખ્ય પેજ

| | |
|---|---|
| | પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૧૩.** શહેરી વિકાસ વિભાગની સ્ટેશન ઓફીસર/ઈન્સ્ટ્રકટર, વર્ગ–૩ ની ૦૧ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી.<br>**૧૪.** શહેરી વિકાસ વિભાગની સબ ઓફીસર/ડ્રીલ ઈન્સ્ટ્રકટર, વર્ગ–૩ ની ૦૧ જગ્યાઓ માટે જાહેરાત બહાર પાડી Ojas Website પર ઓનલાઈન અરજી ફોર્મ મંગાવવાની કાર્યવાહી. |
| **જુન–૨૦૨૪** | **૧.** સામાન્ય વહિવટ વિભાગની સંશોધન મદદનીશ અને આંકડા મદદનીશ, વર્ગ–૩ની ૧૮૮ જગ્યાઓ માટે ૩૧૫૦૦ ઉમેદવારોની કોમ્પ્યુટર બેઝ પરીક્ષા પદ્દિતથી પરીક્ષાનું આયોજન. |

મુખ્ય પેજ

# અગ્રતા ક્રમ : ૧૪

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૬૧૪

# તા.૦૮/૦૨/૨૦૨૪

# નર્મદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી ગેનીબેન ઠાકોર, વાવ**

**પ્રશ્ન : સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**પ્રશ્નનુ સંક્ષિપ્ત શિર્ષક :– " સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી "**
**પ્રશ્ન ક્રમાંક :– ૧૫/૪/૬૧૪**
**પ્રશ્ન પુછનાર સભ્યશ્રી :– ધારાસભ્યશ્રી ગેનીબેન ઠાકોર**
**સભ્યશ્રીનો મતદાર વિભાગ :– વાવ**

---

**માનનીય મુખ્યમંત્રીશ્રી (નર્મદા) જણાવવા કૃપા કરશે કે :–**

| અ.નં. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | (૧) નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૦.૯૩ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૧૭૧.૬૮ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૧૦૭૦.૮૪ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઈ પૈકી ૪૭૩૨.૧૯ કિ.મી. લંબાઈમાં કામો બાકી હતા તે પૈકી કયા પ્રકારની કેનાલનું કેટલા કિ.મી.નું કામ તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ પુર્ણ કરવામાં આવ્યું, | તા.૩૧/૧૨/૨૦૨૨ની સ્થિતિએ જે કામો બાકી હતા તે પૈકી તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરના ૦.૨૯ કિ.મી., વિશાખા નહેરના ૧૪.૨૯ કિ.મી., પ્રશાખા નહેરના ૬૪.૮૨ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરના ૧૭૧.૮૩ કિ.મી. લંબાઈમાં કામ પુર્ણ કરવામાં આવ્યું, |
| ૨ | ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેનાલની કેટલા કિ.મી.ની કામગીરી બાકી છે, અને | તા. ૩૧–૧૨–૨૦૨૩ ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઇ ૨૬૮૦.૨૪ પૈકી ૦.૬૪ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૪૬૧૯.૧૬ પૈકી ૧૫૭.૩૯ કિ.મી., પ્રશાખા |

| | | |
|---|---|---|
| | | નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૧૫૫૮૨.૯૭ પૈકી ૧૦૦૬.૦૨ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૪૬૧૫૬.૭૨ પૈકી ૪૫૬૦.૩૬ કિ.મી. લંબાઇમાં કામ બાકી છે.<br>અંદાજીત લંબાઇ માં વધઘટ થવાનો સંભવ છે. |
| ૩ | ઉક્ત બાકી કામગીરી ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીનસંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ ઓઇલ પાઇપલાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજુરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.<br>પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

# માન.ધારાસભ્યશ્રીએ અગાઉના સત્રમાં પુછેલ પ્રશ્ન અને તેનો જવાબ

**તારાંકિત વિધાનસભા પ્રશ્ન ક્રમાંક : ૩૩૬૭**

**પ્રશ્નનું સંક્ષિપ્ત શિર્ષક : સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી**

**પ્રશ્ન પુછનાર ધારાસભ્યશ્રી : શ્રી અમિત ચાવડા (આંકલાવ)**

| અ.નં. | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ સરદાર સરોવર નર્મદા યોજનાની વિવિધ કેનાલો બનાવવાનું કામ બાકી છે, તે હકીકત સાચી છે, | હા, જી |
| ૨ | જો હા, તો ઉક્ત સ્થિતિએ કયા પ્રકારની કેનાલનું કેટલા કિ.મી.નું કામ બાકી છે, અને | તા. ૩૧-૧૨-૨૦૨૨ ની સ્થિતિએ નર્મદા યોજનાની શાખા નહેરની સુધારેલ અંદાજીત લંબાઇ ૨૬૮૦.૨૪ પૈકી ૦.૯૩ કિ.મી., વિશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૪૬૧૯.૧૬ પૈકી ૧૭૧.૬૮ કિ.મી., પ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૧૫૫૮૨.૯૭ પૈકી ૧૦૭૦.૮૪ કિ.મી., તથા પ્રપ્રશાખા નહેરોની સુધારેલ અંદાજીત લંબાઇ ૪૬૧૫૬.૭૨ પૈકી ૪૭૩૨.૧૯ કિ.મી. લંબાઇમાં કામ બાકી છે.<br>અંદાજીત લંબાઇ માં વધઘટ થવાનો સંભવ છે. |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩ | આ બાકી કામ ક્યાં સુધીમાં પૂર્ણ કરવામાં આવશે? | નહેર માળખાના પ્રશાખા નહેર સુધીના કામ, જમીનસંપાદન, અને અન્ય યુટીલીટી ક્રોસિંગ્સ જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ ઓઇલ પાઇપલાઇન વિગેરેની સંબંધિત વિભાગોની મંજુરી મળ્યા બાદ શક્ય તેટલી વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે.<br>પ્રપ્રશાખા નહેરના કામો ખેડૂતોની ભાગીદારી સાથે કરવાના થતા હોઇ, તબક્કાવાર, પિયત વિસ્તારના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ વહેલી તકે પૂર્ણ કરવાનું આયોજન છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

**અગાઉના સત્રમાં પુછાયેલ પ્રશ્ન વખતે બાકી કામ અને ચાલુ સત્રમાં પુછાયેલ પ્રશ્ન વખતે થયેલ પ્રગતિ અને બાકી કામની વિગત.**

| નહેરનું નામ | કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ (કી.મી.) | તા. ૩૧.૧૨.૨૨ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઇ (કી.મી.) | જાન્યુ થી ડિસે-૨૦૨૩ દરમિયાન કરેલ કામગીરી લંબાઇ (કી.મી.) | તા. ૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.) | તા.૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઇ (કી.મી.) |
|---|---|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | - | - | ૪૫૮.૩૨ | - |
| શાખા નહેર | ૨૬૮૦.૨૪ | ૦.૯૩ | ૦.૨૯ | ૨૬૭૯.૬ | ૦.૬૪ |
| વિશાખા નહેર | ૪૬૧૯.૧૬ | ૧૭૧.૬૮ | ૧૪.૨૯ | ૪૪૬૧.૭૬ | ૧૫૭.૩૯ |
| પ્રશાખા | ૧૫૫૮૨.૯૭ | ૧૦૭૦.૮૪ | ૬૪.૮૨ | ૧૪૫૭૬.૯૬ | ૧૦૦૬.૦૨ |
| પ્ર-પ્રશાખા | ૪૬૧૫૬.૭૨ | ૪૭૩૨.૧૯ | ૧૭૧.૮૩ | ૪૧૫૯૬.૩૬ | ૪૫૬૦.૩૬ |
| **કુલ** | **૬૯૪૯૭.૪૧** | **૫૯૭૫.૬૪** | **૨૫૧.૨૩** | **૬૩૭૭૩** | **૫૭૨૪.૪૧** |

**નોંધ : બાકી રહેલ ૫૭૨૪.૪૧ પૈકી ૭૨૪ કિ.મી. નહેરોનું બાંધકામ કરવાનું રહેતુ નથી. ઇન્ડસ્ટ્રીયલાઇઝેશન , ખેડુતોનો વિરોધ વિગેરે કારણસર ડ્રોપ કરેલ છે.**

મુખ્ય પેજ

| કેનાલનો પ્રકાર | |
|---|---|
| મુખ્ય નહેર | મેઈન કેનાલ |
| શાખા નહેર | બ્રાન્ચ કેનાલ |
| વિશાખા નહેર | ડિસ્ટ્રીબ્યુટરી કેનાલ |
| પ્રશાખા નહેર | માઈનોર કેનાલ |
| પ્રપ્રશાખા નહેર | સબ માઈનોર કેનાલ |

મુખ્ય પેજ

# સરદાર સરોવર યોજનાના નહેર માળખાના કામોમાં વિલંબ થવાના કારણો

- સરદાર સરોવર યોજનાની મુખ્ય નહેર થી પ્રશાખા નહેર સુધી આશરે **૫૩૦૦૦** હેકટરથી પણ વધુ **ખાનગી જમીન સંપાદન** કરવાનું થાય છે, જે તબક્કાવાર સંપાદન કરવામાં આવે છે. વધુમાં, **જમીન સંપાદન અંગેનો નવો કાયદો ૨૦૧૩** થી અમલમાં આવતા બાકી રહેલ જમીન સંપાદનનુ કામ નવા નિયમ મુજબ કરવાનુ થયુ. જમીન સંપાદનની કામગિરી ખુબજ જટીલ પ્રક્રિયા હોઇ પેંડિંગ કેશોનો નિકાલ કરતા ત્રણથી ચાર વર્ષ થતા હોય છે.

- યોજના માટે આશરે ૪૬૧૫૭ કિ.મી લંબાઈની પ્ર–પ્રશાખાનૂ બાંધકામ કરવાનુ થાય છે. **અગાઉની નિતી મુજબ પ્ર–પ્રશાખાના બાંધકામની કામગીરી ખેડુતોએ કરવાની હતી.** પરંતુ સદર કામગીરી મોંઘી હોઈ તેમજ તાંત્રિક દ્રષ્ટિએ સરળ ના હોઈ ખેડુતો કરી શકે તેમ ન હતા માટે સરકાર દ્વારા પ્રજાભિમુખ નિર્ણય લઈ કામગીરી સરકાર દ્વારા કરવામાં આવી રહેલ છે. બાકી રહેતા નહેર માળખાના કામોમાં મુખ્યત્વે પ્ર–પ્રશાખા નહેરોના કામ બાકી છે. હાલમાં પણ પ્ર–પ્રશાખા નહેરોના કામો ખેડુતોની ભાગીદારી સાથે થતા હોઇ તબક્કાવાર પિયત વિસ્તાર ના ખેડૂતોની સંમતિ મળ્યા બાદ કરવામાં આવી રહેલ છે.

મુખ્ય પેજ

- નહેર માળખાનાં પ્રશાખા સુધીના નહેરોના કામોમાં **યુટીલીટી ક્રોસીંગ્સ** જેવા કે રેલ્વે, રસ્તાઓ, ગેસ/ ઓઈલ પાઈપ લાઈન વિગેરે ની સંબંધિત વિભાગો ની મંજુરી મેળવવાની રહે છે. કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૦૯ થી ચાલતી બધી યોજનાઓનું પ્રાથમિકતા આપી પુરી કરવા શરૂ કરેલ, જેનો ગુજરાતમાં પણ અમલિકરણ કરવામાં આવેલ. ભારતમાલા જેવા પ્રોજેક્ટ યુધ્ધના ધોરણે ત્રણ વર્ષમાં પુર્ણ કરવામાં આવેલ. જેના કારણે નહેરોના ક્રોસિંગની પરવાનગી તેમજ તેના માટે વિશેષ વ્યવસથા કરવાની ઉભી થયેલ છે.

- સરદાર સરોવર યોજનામાં આશરે ૬૯૪૯૭ કિ.મી જેટલી લંબાઈની નહેરોનુ બાંધકામ કરવાનું થાય છે. કોઈપણ બંધના નહેરોનું માળખુ મોટી લંબાઈના હોવાના કારણે તે સમય માંગી લેતા હોય છે. જેના જીવંત ઉદાહરણ **ભાખરા નાંગલ, નાગાર્જુન સાગર, ઓમકારેશ્વર યોજના** વગેરે. વધુમાં નહેર માળખાના કામો અલગ- અલગ જગ્યાએ કરવાના થતા હોય છે. એટલે આટ્લુ વિશાલ માળખુ ધરાવતાં નહેરોના કામોમાં વિલંબ થવાનો સંભવ છે. આમ છતાં, સરકારશ્રી દ્વારા સમયાંતરે જરૂરી પગલાં લેવામાં આવેલ હોઈ નહેર માળખાનાં કામોની આટલી પ્રગતિ શક્ય બનેલ છે. **આટલુ ઝડપથી નહેર માળખાનાં કામો કોઈ પણ જગ્યાએ થયેલ નથી.**

મુખ્ય પેજ

# માનનીય ધારાસભ્યશ્રી ગેનીબેન ઠાકોર (૭–વાવ) ના મતવિસ્તારમાં નર્મદા યોજનાની નહેરોના નેટવર્કની ટુંકી નોંધ

- માનનીય ધારાસભ્યશ્રી ગેનીબેન ઠાકોર (૭–વાવ વિધાનસભા મતવિસ્તાર) હેઠળ વાવ, ભાભર અને સુઇગામ તાલુકાઓના કુલ ૧૬૬ ગામોના કુલ ૧,૨૯,૭૮૮ હેક્ટર જેટલા પિયત વિસ્તારનો સમાવેશ નર્મદા યોજના નહેર નેટવર્કમાં થાય છે અને આ તમામ કમાન્ડ વિસ્તારમાં સિંચાઇ સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવેલ છે.
- સદર મત વિસ્તારના ખેડુતોને સિંચાઈ માટેની સુવિધા સુગમતાથી ઉપલબ્ધ થાય તે માટે ગત વર્ષમાં નીચે મુજબના કામો હાથ ધરવામાં આવેલ, જેની વિગત નીચે મુજબ છે.

1. મરામત અને રીપેરીંગના કુલ **રૂ.૯૭.૧૨** કરોડના **૫૬ કામો** હાથ ધરવામાં આવેલ જેમાથી **રૂ.૩૯.૩૧** કરોડના **૨૬ કામો** પુર્ણ કરવામાં આવેલ છે અને **રૂ.૫૭.૮૨** કરોડના **30 કામો** હાલ પ્રગતિ હેઠળ છે.
2. નહેર ઓપરેશનના કુલ **રૂ.૧૦.૩૭** કરોડના **૪૮ કામો** હાથ ધરવામાં આવેલ જેમાથી **રૂ.૦૪.૬૮** કરોડના **૨૨ કામો** પુર્ણ કરવામાં આવેલ છે અને **રૂ.૦૫.૬૯** કરોડના **૨૬ કામો** હાલ પ્રગતિ હેઠળ છે.

મુખ્ય પેજ

3. નહેર બાંધકામના નવા કામો **(સુઇગામ ડાયરેક્ટ ડીસ્ટ્રી.)** ના કુલ **૩.૭૦.૨૭** કરોડના **૦૪ કામો** હાથ ધરવામાં આવેલ જે તમામ કામો હાલ પ્રગતિ હેઠળ છે.

➢ ઉપકોક્ત સદર કામો થવાથી નહેરોના છેવાડાના વિસ્તારો સુધી સિંચાઇ માટે પાણી ઉપલબ્ધ થયેલ છે અને આમ સિંચાઈમા નોંધપાત્ર વધારો થવા પામેલ છે.

- વધુમાં, નહેરોના ઓવરટોપિંગ/ ભંગાણ જેવા પ્રશ્નોના નિવારણ સારુ નર્મદા નહેર નેટવર્કની નહેરોના છેવાડેથી નજીકના ૧.૦૦ કી.મી.ની મર્યાદામાં આવતા તળાવો સાથેના જોડાણના કામો હાથ ધરવાનું આયોજન છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૧૪

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૬૧૪

## તા.૦૮/૦૨/૨૦૨૪

## નર્મદા વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : ગેનીબેન ઠાકોર, વાવ**

**પ્રશ્ન : સરદાર સરોવર નર્મદા યોજનાની કેનાલો બનાવવાની કામગીરી.**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | નર્મદા યોજનામાં શાખાના પ્રકાર પ્રમાણે કેટલા કીમી.ની નહેરોનુ કામ પૂર્ણ થયેલ છે અને કેટલુ કામ બાકી છે અને તે કયા કયા જિલ્લામાં બાકી છે? | શ્રી પ્રવિણભાઈ માળી, ડીસા |
| ૨ | નર્મદા યોજનાના બાકી રહેતા કામો પુરા કરવા સરકારશ્રી દ્વારા શુ શુ પગલા લેવામાં આવ્યા? | શ્રી અનિકેત ઠાકર, પાલનપુર |
| ૩ | નર્મદા યોજનામાં હાલ પ્રશાખા નહેરો સુધીનાં કામો પૂર્ણ કરી જીલ્લાવાર કુલ કેટલી સિંચાઇ ક્ષમતા વિકસિત થયેલ છે? | શ્રી કેશાજી ચૌહાણ(ઠાકોર), દિયોદર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :– ૧૪**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૬૧૪**

**નર્મદા વિભાગ**

**તા.૦૮/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી પ્રવિણભાઇ માળી, ડીસા)

- **નર્મદા યોજનામાં શાખાના પ્રકાર પ્રમાણે કેટલા કીમી.ની નહેરોનુ કામ પૂર્ણ થયેલ છે અને કેટલુ કામ બાકી છે અને તે કયા કયા જિલ્લામાં બાકી છે?**

**જવાબ:**

- હાલમાં નર્મદા યોજનામાં...

| **નહેરનું નામ** | **કૂલ સુધારેલ અંદાજીત લંબાઇ (કી.મી.)** | **તા. ૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ પૂર્ણ થયેલ લંબાઇ (કી.મી.)** | **તા. ૩૧.૧૨.૨૩ ની સ્થિતિએ બાકી રહેલ અંદાજીત લંબાઇ (કી.મી.)** | **પૂર્ણ થયેલ લંબાઇના %** |
|---|---|---|---|---|
| મુખ્ય નહેર | ૪૫૮.૩૨ | ૪૫૮.૩૨ | – | ૧૦૦% |
| શાખા નહેર | ૨૬૮૦.૨૪ | ૨૬૭૯.૬૦ | ૦.૬૪ | ૯૯.૯૮% |
| વિશાખા નહેર | ૪૬૧૯.૧૬ | ૪૪૬૧.૭૬ | ૧૫૭.૩૯ | ૯૬.૫૯% |
| પ્રશાખા | ૧૫૫૮૨.૯૭ | ૧૪૫૭૬.૯૬ | ૧૦૦૬.૦૨ | ૯૩.૫૪% |
| પ્ર.પ્રશાખા | ૪૬૧૫૬.૭૨ | ૪૧૫૯૬.૩૬ | ૪૫૬૦.૩૬ | ૯૦.૧૨% |
| **કુલ** | **૬૯૪૯૭.૪૧** | **૬૩૭૭૩.૦૦** | **૫૭૨૪.૪૧** | **૯૧.૭૬%** |

મુખ્ય પેજ

- આમ, સરદાર સરોવર યોજનામાં આશરે ૬૯૪૯૭ કિ.મી. જેટલી લંબાઈની નહેરોનુ બાંધકામ કરવાનું થાય છે. જે પૈકી ૬૩૭૭૩ કિ.મી. ની લંબાઈની નહેરોનુ કામ પૂર્ણ થયેલ છે. અને હાલમાં કુલ પૈકી ૫૭૨૪ કિ.મી.ની લંબાઈની નહેરોનુ બાંધકામ બાકી છે. જે પૈકી ૭૨૪ કિ.મી. નહેરોનુ બાંધકામ ઔધોગિકરણ  વિગેરે જેવા કારણોસર કરવાનુ રહેતુ નથી. બાકી રહેતી ૫૦૦૦ કિ.મી.ની જીલ્લાવાર માહીતી જોઇએ તો :-

| **જીલ્લો** | **લંબાઇ (કિ.મી.)** |
|---|---|
| સુરેન્દ્રનગર | ૧૯૨૪ |
| મોરબી | ૯૨૪ |
| અમદાવાદ | ૩૯૯ |
| ભાવનગર | ૭૨ |
| બોટાદ | ૫૮૮ |
| કચ્છ | ૧૦૮૫ |
| મહેસાણા | ૨ |
| પાટણ | ૬ |
| **કુલ** | **૫૦૦૦** |

[મુખ્ય પેજ](#)

- ૫૦૦૦ કિ.મી પૈકી **માઇનોર સુધીના** નહેર માળખા સુધી ૧૦૯૧ કિ.મી. બાકી છે જેમાં મુખ્યત્વે જમીન સંપાદન થયા બાદ જમીનનો કબજો ન મળવાના કારણો છે.
- અને ૫૦૦૦ કિ.મી પૈકી **૩૯૦૯ કિ.મી સબ માઇનોર** છે જેમાં જમીન સંપાદન કરવાનુ હોતુ નથી પરંતુ લોક ભાગીદારીથી તથા ખેડૂતોની સંમતિથી કામગીરી કરવામાં આવે છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી અનિકેતભાઇ ઠાકર, પાલનપુર)

- **નર્મદા યોજનાના બાકી રહેતા કામો પુરા કરવા સરકારશ્રી દ્વારા શુ શુ પગલા લેવામાં આવ્યા?**

**જવાબ:**

- સરદાર સરોવર યોજનામાં આશરે ૬૯૪૯૭ કિ.મી જેટલી લંબાઈની નહેરોનુ બાંધકામ કરવાનું થાય છે. જે પૈકી તા. ૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતીએ ૬૩૭૭૩ કી.મી. કામગીરી પુર્ણ કરીને ૯૧.૭૬ % કામગીરી પુર્ણ કરેલ છે.
- કોઈપણ બંધના નહેરોનું માળખુ મોટી લંબાઇનુ હોવાના કારણે તે સમય માંગી લેતુ હોય છે. જેનુ જીવંત ઉદાહરણ ભાખરા નાંગલ, નાગાર્જુન સાગર, ઓમકારેશ્વર યોજના વગેરે છે. વધુમાં નહેર માળખાના કામો અલગ- અલગ જગ્યાએ કરવાના થતા હોય છે. એટલે આટલુ વિશાળ માળખુ ધરાવતાં નહેરોના કામોમાં વિલંબ થવાનો સંભવ રહે છે. આમ છતાં, સરકારશ્રી દ્વારા સમયાંતરે જરૂરી પગલાં લેવામાં આવેલ હોઈ નહેર માળખાનાં કામોની આટલી પ્રગતિ શક્ય બનેલ છે. આટલુ ઝડપથી નહેર માળખાનાં કામો કોઈ પણ જગ્યાએ થયેલ નથી.

મુખ્ય પેજ

- મીસીંગ લીંકના કામો ઝડપથી પૂર્ણ કરવા સરકારશ્રી દ્વારા યુધ્ધના ધોરણે નવેમ્બર–૨૦૨૩થી અભિયાન શરૂ કરવામાં આવેલ છે. જેમાં મુખ્યત્વે છ જીલ્લા સુરેન્દ્રનગર, મોરબી, બોટાદ, અમદાવાદ, ભાવનગર અને કચ્છમાં મીસીંગલીંકના પ્રશ્નો છે. જેમાં મુખ્યત્વે જમીન સંપાદન થયા બાદ જમીનનો કબજો ન મળવાના કારણો છે. જેને નિવારવા દર અઠવાડીએ સરકારશ્રી કક્ષાએ મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્યસચિવશ્રી, વહીવટી સંચાલકશ્રી સ.સ.ન.નિ.લી, કલેક્ટરશ્રીઓ તથા ઈજનેરો દ્વારા બાકી કામોની પ્રગતિના રીવ્યુ માટે બેઠક કરવામાં આવે છે. વધુમાં વહેલી તકે મીસીંગલીંકનુ કામ પૂર્ણ કરવા માટે BI S A G (ભાસ્કરાચાર્ય નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ફોર સ્પેસ એપ્લીકેશન્સ એન્ડ જીઓ–ઈન્ફોર્મેટિક્સ) ના પોર્ટલ પર ઓનલાઈન મીસીંગલીંકના સર્વે નંબરનુ અપડેશન પણ કરવામાં આવે છે. જેમાં કુલ ૪૭૬૭ સર્વે નંબર પૈકી ૧૭૯૭ સર્વે નંબરોમાં ઉકેલ આવેલ છે.

- નર્મદા યોજનાના બાકી કામોમાં માર્ચ –૨૦૨૫ સુધીમાં પ્રશાખા (માઈનોર) સુધીનું કામ પૂર્ણ કરવાનુ આયોજન છે અને માર્ચ –૨૦૨૬ સુધીમાં પ્ર–પ્રશાખા (સબ–માઈનોર) સુધીનું કામ પૂર્ણ કરવાનુ આયોજન છે.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્ન ૩ (શ્રી કેશાજી ચૌહાણ(ઠાકોર), દિયોદર)

- **નર્મદા યોજનામાં હાલ પ્રશાખા નહેરો સુધીનાં કામો પૂર્ણ કરી જીલ્લાવાર કુલ કેટલી સિંચાઇ ક્ષમતા વિકસિત થયેલ છે?**

**જવાબ:**

- પ્રશાખા નહેરો સુધીનાં કામો પૂર્ણ કરી ડિસેમ્બર –૨૦૨૩ સુધીમાં વિકસિત થયેલ સિંચાઇ ક્ષમતાની વિગતો જોઇએ તો...

| **જીલ્લો** | **વિકસીત થયેલ સિંચાઇ ક્ષમતા (હેકટર)** |
|---|---|
| **અમદાવાદ** | **૨,૯૮,૧૮૧** |
| **આણંદ** | **૭૪** |
| **બનાસકાંઠા** | **૧,૬૭,૩૦૫** |
| **ભરૂચ** | **૧,૫૬,૭૫૫** |
| **ભાવનગર** | **૪૪,૬૭૯** |
| **બોટાદ** | **૪૯,૭૩૨** |
| **છોટા ઉદેપુર** | **૩૮,૯૭૯** |
| **ગાંધીનગર** | **૧૨,૬૬૩** |
| **કચ્છ** | **૬૪,૬૩૪** |
| **ખેડા** | **૩૬,૯૦૯** |
| **મહેસાણા** | **૬૨,૮૩૦** |

[મુખ્ય પેજ]

| | |
|---|---|
| મોરબી | ૬૬,૧૫૧ |
| નર્મદા | ૧૮,૮૭૩ |
| પંચમહાલ | ૩,૭૨૫ |
| પાટણ | ૨,૦૪,૭૭૪ |
| સુરેન્દ્રનગર | ૨,૮૦,૧૨૨ |
| વડોદરા | ૨,૧૪,૯૩૬ |
| **કુલ(૧૭,૯૨,૦૦૦ હેક્ટર કમાન્ડ એરિયાની સામે)** | **૧૭,૨૧,૩૨૨ (૯૬ %)** |

[મુખ્ય પેજ]

# અગ્રતા ક્રમ : ૧૫

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૧

## તા.૦૮/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી :**
**શ્રી અનંતકુમાર પટેલ, વાંસદા**

**પ્રશ્ન : કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**પ્રશ્નનુ સંક્ષિપ્ત શિર્ષક :– " કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત "**
**પ્રશ્ન ક્રમાંક :– ૧૫/૪/૨૧૧**
**પ્રશ્ન પુછનાર સભ્યશ્રી :– ધારાસભ્યશ્રી અનંતકુમાર પટેલ**
**સભ્યશ્રીનો મતદાર વિભાગ :– વાંસદા**
**માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વીકાસ) જણાવવા કૃપા કરશે કે :–**

| ક્રમ | પ્રશ્ન | જવાબ |
|---|---|---|
| ૧ | તા.૩૧/૧૨/૨૩ની સ્થિતિએ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક, કેવડીયા ખાતે દુકાનો લીઝ પેટે આપવામાં આવેલ છે તે હકીકત સાચી છે? | હા, જી |
| ૨ | જો હા, તો ક્યારે, કેટલી દુકાનો, કેટલા સમય માટે, કયા દરે લીઝ પેટે આપવામાં આવેલ છે, | પત્રક–૧ મુજબ |
| ૩ | ઉક્ત દુકાનો લીઝથી આપવા માટે ટેન્ડર પ્રક્રિયા કરવામાં આવેલ છે કે કેમ, અને | ના |
| ૪ | તે અન્વયે ઉક્ત સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વર્ષવાર રાજ્ય સરકારને કેટલી રકમની આવક થઇ ? | રાજ્ય સરકારને આવક થતી નથી. |

**પત્રક – ૧**

| ક્રમ | ક્યારે | કેટલી દુકાનો | કેટલા સમય માટે | કયા દરે |
|---|---|---|---|---|
| ૧ | તા.૧૮/૦૨/૨૦૨૦ | ૨ | ૫ વર્ષ માટે | રૂ.૫,૦૦,૦૦૦/– પ્રતિ વર્ષ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |
| ૨ | તા.૦૬/૦૩/૨૦૨૦ | ૧ | પ્રથમ તબક્કામાં ૨ વર્ષ અને ત્યારબાદ બે તબક્કામાં ૧–૧ વર્ષ માટે | પહેલા બે વર્ષ માટે રૂ.૮,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૩%, બે માંથી જે વધારે હોય તે દરે.<br>ત્રીજા વર્ષ માટે રૂ.૨૦,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે<br>ચોથા વર્ષ માટે રૂ.૨૨,૦૦૦/– પ્રતિ માસ અથવા કુલ આવકના ૫%, બે માંથી જે વધારે હોય તે દરે |

મુખ્ય પેજ

# પુરક નોંધ

કેવડીયા જંગલ સફારી (સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક) એકતાનગર ખાતે પર્યટન સ્થળ તરીકે સ્થાપિત કરવામાં આવેલ છે. ગત વર્ષે સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક ખાતે આશરે ૧૦.૦૦ લાખ જેટલા પ્રવાસીઓ દ્વારા મુલાકાત લેવામાં આવી હતી. સરદાર પટેલ ઝુલોજીકલ પાર્કની સ્થાપના માટે ગીર ફાઉન્ડેશન, ગાંધીનગર, વન અને પર્યાવરણ વિભાગના પત્ર ક્રમાંક FYP/ 102019/SF-2/W, Date-12/02/2019 થી સફારી પાર્કની સ્થાપનાના નિર્ણયો લેવા માટે કમિટીની રચના કરવામાં આવેલ હતી. આ કમિટી દ્વારા સફારી પાર્કમાં થયેલ તમામ કામો માટેના નિર્ણય લીધેલ હતા.

સફારી પાર્કમાં આવતા પ્રવાસીઓને ખાન–પાનની અગવડતા ન ઉભી થાય તે હેતુથી એંટ્રન્સ પ્લાઝા ખાતે ૩ (ત્રણ) દુકાનો પણ બનાવવામાં આવી હતી. આ સમિતી દ્વારા સમયની અગત્યતા અને અનુભવને આજ વિસ્તારમાં ચાલતી બીજી દુકાનો અને ભાડાની રકમને ધ્યાને લેતાં ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કમાં ધારા ધોરણ મુજબ ચાલતી દુકાનને ધ્યાને લેતાં અને જે તે સમયે વાજબી જણાતા તેમની બેઠકમાં સમિતી દ્વારા નિર્ણય લીધેલ કે, સફારી

મુખ્ય પેજ

પાર્કમાં આવેલ દુકાન નં.૧ અને ૨ ને ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કના ધારા ધોરણ જે તે એજન્સીની અનુભવના આધારે આપી શકાય અને અને દુકાન નં.૩ અમુલ ફેડરેશન કો.ઓ. સોસાયટીને ભાડેથી આપવી તેવો નિર્ણય લીધેલ હતો. તદુપરાંત આ જ નિર્ણય અને એજન્સી સાથે કરવામાં આવેલ કરારને કેવડીયા જંગલ સફારી (સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક) સોસાયટીની ગવર્નીંગ બોડીની પ્રથમ બેઠક તા–૦૯/૦૩/૨૦૨૧ માં દ્વારા મંજૂર કરવામાં આવેલ. આ દુકાનોના નક્કી કરેલ ભાડાની થતી આવકને કેવડીયા જંગલ સફારી દ્વારા ખોલવામાં આવેલ બેંન્ક ખાતામાં એજન્સી દ્વારા જમા કરવામાં આવે છે.

મુખ્ય પેજ

**કેવડીયા જંગલ સફારી (KJ SS) અને ગ્રીન ઝુલોજીકલ રેસ્ક્યુ એન્ડ રીહેબીલીટેશન સેન્ટર સોસાયટી (GZRRCS) વચ્ચે MOU**

સરકાર શ્રી ગુજરાત રાજ્યની મળેલ મંજુરી મુજબ કેવડીયા જંગલ સફારી (KJ SS) અને ગ્રીન ઝુલોજીકલ રેસ્ક્યુ એન્ડ રીહેબીલીટેશન સેન્ટર સોસાયટી (GZRRCS) વચ્ચે ૨૮ જુલાઈ ૨૦૨૩ના રોજ કેવડીયા જંગલ સફારી ( સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક ) અને પેટ ઝોનના ઓપરેશન મેઈન્ટેનેશન અને અપગ્રેડેશન માટે સમજુતિ કરાર થયેલ છે જેના મુજબ આ સમજુતિ કરારને લાગુ કરવા માટે ૧ ઓક્ટોબર ૨૦૨૩ નક્કી થયેલ હતી.

આ સમજુતિ કરાર મુજબ KJSS દ્વારા GZRRCSને કેવડીયા જંગલ સફારી (સરદાર પટેલ ઝુલોજીકલ પાર્ક) અને પેટ ઝોનના ઓપરેશન મેઈન્ટેનેશન માટે **KJSS દ્વારા દર મહિનાની કુલ આવકના ૬૦% GZRRCS ને રિલીઝ કરવાના થાય છે.** આ સમજુતિ કરાર ૧ ઓક્ટોબર ૨૦૨૩ના રોજથી અમલમાં આવેલ છે.ઉપરોક્ત વિગતને ધ્યાને લેતા **KJSS** અને **GZRRCS** વચ્ચે થનાર સહયોગી વ્યવસ્થાના સમજુતિ કરાર મુજબ **ઓપરેશનલ અને મેઈન્ટેનન્સ ઉપર ૬૦% અને બાકીની ૪૦% રકમ જે બચત રહેલ છે તેને સફારી પાર્કના અપગ્રેડેશન અને ઓગમેંન્ટેશન ઉપર ખર્ચ કરી શકાશે. જે માટે GZRRCS દ્વારા પ્રોજેક્ટ બનાવી મોનિટરીંગ કમિટીમાં મંજુરી મેળવીને જ ખર્ચ કરી શકશે.**

વધુમાં **GZRRCS** અને **KJSS**ના વચ્ચે થયેલ **MOU** મુજબ સરદાર પટેલ ઝુલોજીકલ પાર્કનુ સંચાલન સુચારી રૂપથી ચાલે તે હેતુથી ગુજરાત સરકાર, શહેરી વિકાસ શહેરી ગૃહ નિર્માણ વિભાગ ઠરાવ ક્રમાંક: **UDUHD/MSM/e-file/18/2023/7325/L,** તા–૨૮/૦૭/૨૦૨૩થી

[મુખ્ય પેજ]

મોનિટરીંગ કમિટિની રચના પણ કરવામાં આવેલ છે.આ કમિટિના સભ્યો જોઇએ તો...

| **અ.નં** | **નામ/ વર્તમાન હોદ્દો** | **સમિતિમાં હોદ્દો** |
|---|---|---|
| ૧ | શ્રી ભરત પાઠક<br>નિવૃત્ત આ.એફ.એસ | અધ્યક્ષ શ્રી |
| ૨ | મુખ્ય કારોબારી અધિકારી શ્રી, **SOUADTGA,** | હોદ્દાની રૂએ સભ્ય |
| 3 | નાયબ વન સંરક્ષક શ્રી<br>કેવડીયા વન વિભાગ | હોદ્દાની રૂએ સભ્ય સચિવ |
| ૪ | ગ્રીન ઝુલોજીકલ રેસ્ક્યુ એન્ડ રીહેબીલીટેશન સોસાયટી તરફથી | ૪ સભ્યો ( જે પૈકી ૧ ઝુ ડાયરેક્ટર અને ૧ ફાયનાન્સ/ એકાઉન્ટીંગ |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્નો

# અગ્રતા ક્રમ : ૧૫

## પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૨૧૧

## તા.૦૮/૦૨/૨૦૨૪

## શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી અનંતકુમાર પટેલ, વાંસદા**

**પ્રશ્ન :કેવડીયા ખાતે દુકાનો લીઝ પર આપવા બાબત.**

## પૂરક પ્રશ્નોની યાદી

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | કેવડીયા જંગલ સફારીના એંન્ટ્રન્સ પ્લાઝા વિસ્તારમાં બનાવેલ દુકાનોને ભાડે આપવાનો નિર્ણય કોના દ્વારા લેવામાં આવ્યો? | શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, છોટાઉદેપુર |
| ૨ | કેવડીયા જંગલ સફારીના વિસ્તારમાં દુકાનો લીઝ પેટે આપવા માટે કઈ કાર્યવાહી કરવામાં આવેલ હતી. | શ્રી અભેસિંહ તડવી, સંખેડા |
| 3 | છેલ્લા ત્રણ વર્ષમાં ભાડે પટ્ટે આપેલ દુકાનો માંથી કેવડીયા જંગલ સફારીને કેટલી આવક થઈ ? | શ્રી શૈલેષભાઈ મહેતા (સોટ્ટા), ડભોઇ |
| ૪ | પાંચ વર્ષની મુદત પુર્ણ થયા પછી આ દુકાનો ભાડા પટ્ટા રીન્યુ કરવાના નિર્ણય કોના દ્વારા કરવામાં આવશે? | શ્રી જયંતિભાઈ રાઠવા, જેતપુર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :– ૧૫**

**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૨૧૧**

**શહેરી વિકાસ વિભાગ**

**તા.૦૮/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી રાજેન્દ્રસિંહ રાઠવા, છોટાઉદેપુર)

- કેવડીયા જંગલ સફારીના એંન્ટ્રન્સ પ્લાઝા વિસ્તારમાં બનાવેલ દુકાનોને ભાડે આપવાનો નિર્ણય કોના દ્વારા લેવામાં આવ્યો?

**જવાબ:**

- કેવડીયા જંગલ સફારીના એંન્ટ્રન્સ પ્લાઝા વિસ્તારમાં બનાવેલ દુકાનોને ભાડે આપવાનો નિર્ણય ગીર ફાઉન્ડેશનના અધ્યક્ષતા હેઠળ વન અને પર્યાવરણ વિભાગ દ્વારા બનાવવામાં આવેલ સમિતી દ્વારા લેવામાં આવેલ હતો.

- કેવડીયા જંગલ સફારી સોસાયટીની રચના વન અને પર્યવરણ વિભાગના તા.૦૧.૦૬.૨૦૧૯ ના ઠરાવથી કરવામાં આવેલ છે. જેમાં ચેરમેન સહિત ૧૬ સદસ્યોનો સમાવેશ થાય છે આ ઉપરાંત કારોબારીના કાર્યો માટે ૮ સદસ્યોની સમિતિની રચના કરવામાં આવેલ છે. જે કારોબારીના નિર્ણયો લે છે.

મુખ્ય પેજ

- જંગલ સફારી સોસાયટી અંતર્ગત આવતી દુકાનોને ભાડેપટ્ટે આપવાનો નિર્ણય સોસાયટી હેઠળ રચાયેલ સમિતિ દ્વારા સોસાયટીની વર્ષ ૨૦૨૦-૨૧ ના ગવર્નિંગ બોડીની પ્રથમ બેઠકમાં તા.૦૯.૦૩.૨૦૨૧ ના રોજ લેવામાં આવેલ છે. તથા સમિતીના સભ્યો દ્વારા મંજૂરી આપવામાં આવેલ હતી. જેમાં દુકાનોને ભાડેપટ્ટે આપવાનો દર, સમયગાળો નિર્ધારિત કરવામાં આવેલ છે.

મુખ્ય પેજ

## પેટા પ્રશ્ન ૨ (શ્રી અભેસિંહ તડવી, સંખેડા)

- કેવડીયા જંગલ સફારીના વિસ્તારમાં દુકાનો લીઝ પેટે આપવા માટે કઇ કાર્યવાહી કરવામાં આવેલ હતી.

**જવાબ:**

- કેવડીયા જંગલ સફારીના વિસ્તારની દુકાનો વન અને પર્યાવરણ વિભાગ દ્વારા જંગલ સફારી/ સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્કની સ્થાપના કરવા માટે નિયામકશ્રી, ગીર ફાઉન્ડેશન, ગાંધીનગરની અધ્યક્ષતા હેઠળ બનાવવામાં આવેલ સમિતિમાં PCCF વાઈલ્ડલાઈફ દ્વારા રજૂ કરવામાં આવેલ દરખાસ્ત ઉપર સર્વ સંમતિથી એકતાનગર ખાતે બનાવવામાં આવેલ ચિલ્ડ્રન ન્યુટ્રીશન પાર્કમાં ૩(ત્રણ) દુકાનો ભાડે પટ્ટે આપવા મંજૂરી આપેલ હતી.
- ત્યાર બાદ  કેવડીયા જંગલ સફારી (સરદાર પટેલ ઝૂલોજીકલ પાર્ક) સોસાયટીની વર્ષ–૨૦૨૦–૨૧ ની પ્રથમ ગવર્નીંગ બોડીની બેઠકમાં ઉક્ત દુકાનોને ફાળવણી કરવા માટેના કરારને મંજૂર કરવામાં આવેલ હતો

મુખ્ય પેજ

# પેટા પ્રશ્ન ૩ (શ્રી શૈલેષભાઈ મહેતા (સોટ્ટા), ડભોઇ)

- છેલ્લા ત્રણ વર્ષમાં ભાડે પટ્ટે આપેલ ૩ દુકાનો માંથી કેવડીયા જંગલ સફારીને કેટલી આવક થઇ ?

**જવાબ:**

- છેલ્લા ત્રણ વર્ષમાં ભાડે પટ્ટે આપેલ ૩ દુકાનો માંથી...

| ક્રમ | વર્ષ | થયેલ આવક |
|---|---|---|
| ૧ | ૨૦૨૧–૨૨ | રૂા.૫,૯૩,૫૦૪/– |
| ૨ | ૨૦૨૨–૨૩ | રૂા.૬,૨૮,૫૬૦/– |
| ૩ | ૨૦૨૩–૨૪ (૧૫/૧૧/૨૦૨૩ સુધી) | રૂા.૪,૮૭,૩૩૬/– |

મુખ્ય પેજ

# પેટા પ્રશ્ન ૪ (શ્રી જયંતિભાઈ રાઠવા, જેતપુર)

- પાંચ વર્ષની મુદત પુર્ણ થયા પછી આ દુકાનો ભાડા પટ્ટા રીન્યુ કરવાના નિર્ણય કોના દ્વારા કરવામાં આવશે?

**જવાબ:**

કેવડીયા જંગલ સફારી સોસાયટી (KJSS) તથા ગ્રીન ઝુલોજીકલ રેસ્ક્યુ એન્ડ રીહેબીટેશન સેન્ટર સોસાયટી (GZRRCS) વચ્ચે થયેલ કરાર થયા મુજબ હવે પછી આ દુકાનોને જાળવણી અને નિભાવણી કરવાનો નિર્ણય ગ્રીન ઝુલોજીકલ રેસ્ક્યુ એન્ડ રીહેબીટેશન સેન્ટર સોસાયટી (GZRRCS) દ્વારા કરવામાં આવનાર છે.

[મુખ્ય પેજ]

# અગ્રતા ક્રમ : ૧૯

# પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૮૯

# તા.૦૮/૦૨/૨૦૨૪

# શહેરી વિકાસ વિભાગ

## માન.ધારાસભ્યશ્રી :
## શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, નારણપુરા

**પ્રશ્ન : અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ.**

મુખ્ય પેજ

# મુળ પ્રશ્ન અને છાપ્યા મુજબનો જવાબ

**પ્રશ્નનુ સંક્ષિપ્ત શિર્ષક :– " અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ "**
**પ્રશ્ન ક્રમાંક :– ૧૫/૪/૫૮૯**
**પ્રશ્ન પુછનાર સભ્યશ્રી :– ધારાસભ્યશ્રી જીતેન્દ્રકુમાર પટેલ**
**સભ્યશ્રીનો મતદાર વિભાગ :– નારણપુરા**

---

**માનનીય મુખ્યમંત્રીશ્રી (શહેરી વીકાસ) જણાવવા કૃપા કરશે કે :–**

| પ્રશ્ન | જવાબ |
|---|---|
| **(૧)** અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩ અને ૨૦૨૩–૨૪માં તા.૩૧/૧૨/૨૦૨૩ની સ્થિતિએ કેટલી ગ્રાંટ ફાળવવામાં આવેલ છે, | **(૧)** અમદાવાદ મહાનગરપાલિકાને સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત માળખાકીય સુવિધાના ઘટક હેઠળ વર્ષ ૨૦૨૨–૨૩માં રૂ.૯૯૮.૧૨ કરોડ અને વર્ષ ૨૦૨૩–૨૪માં રૂ.૧૦૬૫.૬૬ કરોડની ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે. |
| **(૨)** તે અંતર્ગત કેટલા કામ મંજૂર થયેલ છે, અને | **(૨)** તે અંતર્ગત વર્ષ ૨૦૨૨–૨૩માં ૩૧૮ કામો તથા ૨૦૨૩–૨૪માં ૨૫૩ કામો મંજૂર થયેલ છે. |
| **(૩)** તે પૈકી કેટલા કામ પૂર્ણ થયેલ છે? | **(૩)** તે પૈકી વર્ષ ૨૦૨૨–૨૩માં ૨૭૬ કામો તથા વર્ષ ૨૦૨૩–૨૪માં ૩૪ કામો પૂર્ણ થયેલ છે. |

મુખ્ય પેજ

# પુરક નોંધ

**અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ**

**સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનાની માહિતી**

રાજયની સ્થાપનાના ૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના વર્ષ ૨૦૦૯ થી અમલમાં મુકવામાં આવેલ છે.

**આ યોજના અંતર્ગત મુખ્યત્વે,**

- પાણીપુરવઠાના, ભુગર્ભ ગટરના કામો, આંતરમાળખાકીય વિકાસના કામો જેવા કે (રસ્તા, ટ્રાફીક વ્યવસ્થા, ફ્લાય ઓવરબ્રીજ, આંગણવાડી વગેરે), આગવી ઓળખના કામો જેવા કે (પાર્કસ/ ગાર્ડન, સ્વીમીંગ પુલ, ટાઉનહોલ, હેરીટેઝના કામો, તળાવનો વિકાસ, રીવરફ્રન્ટ ડેવલપમેન્ટ વગેરે), ખાનગી સોસાયટીઓમાં જનભાગીદારી દ્વારા આંતરીક રસ્તા, વોટર સપ્લાય પાઈપલાઈન, સ્ટ્રીટલાઈટ વગેરે જેવાં કામો, નગર સેવા સદનના મકાન બાંધકામ/રીનોવેશનના કામો આવરી લેવામાં આવેલ છે.

મુખ્ય પેજ

• મહાનગરપાલિકાઓમાં સીવેર કલેકટીંગ સીસ્ટમ તથા આનુસાંગિક કામો મહદઅંશે પૂર્ણ થયેલ છે. તથા ગંદા પાણીના શુધ્ધિકરણ માટે S T P ના કામો હાથ ધરવામાં આવેલ છે. ઉપરાંત રાજ્યના શહેરી વિસ્તારોમાં દૈનિક ધોરણે શુદ્ધ ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળી રહે તે માટે નલ સે જલ હેઠળ પણ કામગીરી હાથ ધરવામાં આવી રહેલ છે.

• જનભાગીદારીની ઘટક આ યોજના હેઠળ ખુબજ લોકપ્રીય બનેલ છે. આ યોજના હેઠળ આંતરીક રસ્તા, પાણીની પાઈપ લાઈન, સ્ટ્રીટ લાઈટ અને ગટરના કામો લઈ શકાય છે. કુલ અંદાજીત ખર્ચ પૈકી ૭૦ ટકા રકમ રાજય સરકારશ્રી તરફથી ફાળવવામાં આવેલ છે. ૨૦ ટકા સોસાયટી ફાળો તથા ૧૦ ટકા સ્થાનિક સંસ્થાનો ફાળો છે.

• આગવી ઓળખ ઘટક હેઠળ શહેરમાં આગવી ઓળખ ઉભી કરી શકે તેવા, મહત્વના લોકોપયોગી, તેમજ તાકીદે હાથ ધરવાપાત્ર હોય તેવા કામોની દરખાસ્ત કરી શકાશે. પબ્લીક પ્રાઈવેટ પાર્ટનરશીપ (PPP) ના ધોરણે થતા કામોનો પણ સમાવેશ થઇ શકશે. જેમાં નીચે મુજબના કામો હાથ ધરી શકાશેઃ–

મુખ્ય પેજ

- હેરીટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ,
- પંચશક્તિ થીમ આધારિત ટ્રાફીક સર્કલ આઈલેન્ડઝ
- વોટર બૉડી લૅન્ડ સ્ટેપીંગ, રીવરફ્રન્ટ
- પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ટી સ્વીમીંગ પૂલ, યોગ કેન્દ્રો, નોલેજ સેન્ટર્સ.
- સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર,
- પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉન હોલ,
- પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલવાટિકા.

[મુખ્ય પેજ]

# પેટા પ્રશ્નો

## અગ્રતા ક્રમ : ૧૯

### પ્રશ્ન ક્રમાંક : ૧૫/૪/૫૮૯

### તા.૦૮/૦૨/૨૦૨૪

### શહેરી વિકાસ વિભાગ

**માન.ધારાસભ્યશ્રી : શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, નારણપુરા**

**પ્રશ્ન : અમદાવાદ મહાનગરપાલિકાને આંતર માળખાકીય સુવિધા માટે ફાળવેલ ગ્રાન્ટ.**

**પૂરક પ્રશ્નોની યાદી**

| પેટા પ્રશ્ન ક્રમાંક | પ્રશ્નની વિગત | ધારાસભ્યશ્રીનું નામ |
|---|---|---|
| ૧ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલા ઘટકો નિયત થયેલ છે અને તેમજ તેમાં કયા કયા કામો લઇ શકે છે? | શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, નારણપુરા |
| ૨ | શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩-૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે કેટલી જોગવાઇ કરેલ છે? | સુશ્રી પાયલબેન કુકરાણી, નરોડા |

મુખ્ય પેજ

| | | |
|---|---|---|
| ૩ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ અમદાવાદ મહાનગરપાલિકાના પાણી પુરવઠા યોજનાના કામો માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે? | શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર |
| ૪ | સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના નવા પશ્ચિમ ઝોન ખાતે સીંધુભવન ખાતે મલ્ટીલેવલ પાર્કિંગ કમ કોમર્શીયલ કોમ્પલેક્ષ બનાવવાના કામની વિગત. | શ્રી કૌશિકભાઈ જૈન, દરીયાપુર |

મુખ્ય પેજ

**અગ્રતાક્રમ :– ૧૯**
**તારાંકીત પ્રશ્ન ક્રમાંક:– ૧૫/૪/૫૮૯**
**શહેરી વિકાસ વિભાગ**
**તા.૦૮/૦૨/૨૦૨૪**

## પેટા પ્રશ્ન ૧ (શ્રી જીતેન્દ્રકુમાર પટેલ, નારણપુરા)

➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ કેટલા ઘટકો નિયત થયેલ છે અને તેમજ તેમાં કયા કયા કામો લઈ શકે છે?

**જવાબ:**

➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ રાજયની સ્થાનિક સંસ્થાઓ સરકારશ્રીના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તા.૧૮/૭/૨૦૧૩ના ઠરાવની જોગવાઈ હેઠળ નીચે જણાવેલ ચાર ઘટક હેઠળ કામો લઈ શકે છે.

- ભૌતિક આંતરમાળખાકીય સુવિધાના કામો.
- સામાજિક આંતરમાળખાકીય સુવિધાના કામો.
- અર્બન મોબિલીટી શહેરી પરિવહનના કામો.
- શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામો.

મુખ્ય પેજ

➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ નિયત થયેલ ચાર ઘટકો હેઠળ...

❖ **<u>ભૌતિક આંતરમાળખાકીય સુવિધાઓ:-</u>**

➢ રસ્તા અને ટ્રાફીક સર્કલના, પાણી પુરવઠા, ભૂગર્ભ ગટર વ્યવસ્થાપન, સ્ટ્રોમ વોટર ડ્રેનેજના કામો, જળસંચયના કામો તથા તળાવ બ્યુટીફીકેશનના કામો, સ્લમ વિસ્તારમાં પાયાની સુવિધાના કામો, ઈ – ગવર્નન્સ, શોપીંગ કોમ્પલેક્ષ, જાહેર ઉધાનોનું નિર્માણ અને જાળવણી, સામાજીક વનીકરણ વિગેરે, સ્મશાન ગૃહોના બાંધકામ, અગ્નિશમન ઉપકરણો તથા ફાયર સ્ટેશન સામાજીક આંતરમાળખાકીય સુવિધાઓ શાળાઓના મકાન (પ્રાથમિક શિક્ષણ), અર્બન હેલ્થ સેન્ટર, હોસ્પિટલ અને આંગણવાડી (નંદઘર), લાયબ્રેરી, સ્પોર્ટ કોમ્પલેક્ષ (સુવિધાઓ સહિત), સોલીડ વેસ્ટ મેનેજમેન્ટ / લીકવીડવેસ્ટ મેનેમેન્ટ, વેન્ડર માર્કેટ / હોર્કસ ઝોન પાર્કીંગ સુવિધા સહિત, અધતન પ્રકારના આધુનિક સુવિધા ધરાવતાં જાહેર પે એન્ડ યુઝ શૌચાલયો

❖ **<u>અર્બન મોબીલીટી – શહેરી પરિવહન:-</u>**

➢ શહેરી બસ સેવા અને ટ્રાફિક વ્યવસ્થા, રેલ્વે ઓવરબ્રીજ અને રેલ્વે અન્ડરબ્રીજ, રીંગ રોડ / રેડિયલ રોડ / ફલાય ઓવર બ્રીજ, અન્ડરપાસ વિગેરે.

[મુખ્ય પેજ]

## ❖ **શહેરની આગવી ઓળખ ઉભી થાય તેવા કામોઃ**

➢ હેરીટેજ અને પ્રવાસન, પ્રદર્શન હોલ, પંચશકિત થીમ આધારિત ટ્રાફીક સર્કલ આઈલેન્ડઝ, વોટર બોડી લેન્ડ સ્કેપીંગ રીવરફ્રન્ટ, પાર્ક, ગાર્ડન અને એમ્યુઝમેન્ટ પાર્ક, સ્વીમીંગ પુલ, યોગા કેન્દ્રો, નોલેજ સેન્ટર્સ, સાયન્સ સેન્ટર, મ્યુઝીયમ, એમ્પી થીયેટર, પ્લેનેટોરીયમ, રાષ્ટ્રીય સ્મારક, આધુનિક ટાઉન હોલ, પ્રાણી સંગ્રહાલય અને બોટનિકલ ગાર્ડન અને બાલાવાટિકા.

મુખ્ય પેજ

# પેટા પ્રશ્ન ૨ (સુશ્રી પાયલબેન કુકરાણી, નરોડા)

- શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩-૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે કેટલી જોગવાઈ કરેલ છે?

**જવાબ:**

- શહેરી વિકાસ વિભાગ દ્વારા સને ૨૦૨૩-૨૪ ના બજેટમાં સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મહાનગરપાલિકાઓ માટે રૂ.૫૮૧૭.૮૨ કરોડની જોગવાઈ કરવામા આવેલ છે.

## પેટા પ્રશ્ન ૩ (શ્રી દિનેશસિંહ કુશવાહ, બાપુનગર)

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ અમદાવાદ મહાનગરપાલિકાના પાણી પુરવઠા યોજનાના કામો માટે કુલ કેટલી ગ્રાન્ટ ફાળવવામાં આવેલ છે?

**જવાબ:**

- સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ મંજુર કરવામાં આવેલ અમદાવાદ મહાનગરપાલિકાના વર્ષ ૨૦૨૩–૨૪મા કુલ–૦૩ પાણી પુરવઠા યોજનાના કામો મંજુર કરવામાં આવેલ જેના માટે ૨૮૭.૬૯ કરોડની ગ્રાંટ ફાળવવામાં આવેલ છે. જે પૈકી કોતરપુર વોટર વર્કસનું કામ પુર્ણ થયેલ છે જ્યારે જાસપુર ગામ ખાતે ૨૦૦ MLD વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા જાસપુર ટ્રીટમેન્ટ પ્લાન્ટથી એસ.પી. રીંગરોડ વૈષ્ણોદેવી સર્કલ સુધી વોટર પાઈપલાઈન નાખવાનું કામ હાલ પ્રગતિમાં છે.

[મુખ્ય પેજ]

# પેટા પ્રશ્ન ૪ (શ્રી કૌશિકભાઈ જૈન, દરીયાપુર)

➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ અમદાવાદ મહાનગરપાલિકાના નવા પશ્ચિમ ઝોન ખાતે સીંધુભવન ખાતે મલ્ટીલેવલ પાર્કિંગ કમ કોમર્શીયલ કોમ્પલેક્ષ બનાવવાના કામની વિગત.

**જવાબ:**

➢ સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ આંતરમાળખાકીય સુવિધાના ઘટક હેઠળ અમદાવાદ શહેરના મુખ્ય ચાર રસ્તા ઉપર થતા ગેરકાયદેસર પાર્કિંગ તેમજ શહેરના ટીપી રોડ પરના પાર્કિંગની સમસ્યાઓના નિવારણ માટે રૂ.૯૭.૨૧કરોડના ખર્ચે મ્યુનિસિપલ કોર્પોરેશનના ઉત્તર પશ્ચિમ ઝોન ખાતે સિંધુભવન રોડ પર ટીપી ૫૦ એફ પી ૩૬૮માં મલ્ટીલેવલ પાર્કિંગ+કોમર્શીયલ કોમ્પલેક્ષ બનાવવામાં આવેલ છે.

આ મલ્ટીલેવલ પાર્કિંગમાં કાર – ૫૯૯ નંબર, ટુ વ્હીલર વાહન – ૪૫૦ નંબર પાર્કીંગ થાય તથા ઈલેક્ટ્રીકલ વ્હીકલ ચાર્જીંગની સુવિધાઓનો પણ સમાવેશ થાય છે. તેમજ ગ્રાઉન્ડ ફ્લોર પર ૨૩, પહેલા માળે ૧૬ અને પાંચમાં માળે ૨૯ એમ કુલ મળી ૬૮ નંબર દુકાનો/ ઓફીસ બનાવવામાં આવેલ છે.

મુખ્ય પેજ